સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૪૯૨ | અંક : ૨ | એપ્રિલ-૨૦૧૮



હરી-ભરી
વસુંધરાને
વંદન..

Every Day is EARTH DAY
(22 April)

## વસંત દર્શન કાર્યક્રમ - શાંતિકુમાર કોઠારી વિદ્યાલય







## શૈક્ષણિક પ્રદર્શન - શાંતિકુમાર કોઠારી વિદ્યાલય







## સરસ્વતી બાલવિહાર - એક અનોખો કાર્યક્રમ - રાત્રી રોકાણ











સરસ્વતી બાલવિહાર, સરસપુર ખાતે કે.જી.ના બાળકોનો એક અનોખો કાર્યક્રમ (પ્રયોગ) કરવામાં આવ્યો. જેમાં લગભગ ૧૦૦ જેટલા બાળકો રાત્રી રોકાણ કર્યું હતું. બાળકોએ ખૂબ જ મોજ-મસ્તી કરી હતી.

# ઘરશાળા


**એપ્રિલ - ૨૦૧૮**

**વર્ષ : ૪૦   સળંગ અંક : ૪૯૩**



સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૬ |
| તલમાં તેલ હોવું જોઈએ | હીરજીભાઈ નાકરાણી / ૧૩ |
| સદીઓનું શાણપણ-હથેળી પર ! | હરેશ ધોળકિયા / ૧૭ |
| શ્રીમંતાઈ : પીડ પરાઈ ન જાણે રે | સોપાન જોશી / ૧૯ |
| 'જયોત સદાય જલે' | ગુલાબભાઈ જાની / ૨૩ |
| દરિયાઈ જીવ 'શંખ'ની અજાયબ સૃષ્ટિ | ડૉ. મીતા એચ. થાનકી / ૨૫ |
| પરમાર્થનો પારસમણિ | રણછોડ શાહ / ૨૭ |
| મારે મેણું ભાંગવું છે | લીલાધર માણેક ગડા-અધા / ૨૯ |
| ગુજરાતની અસ્મિતાનો ગર્વિષ્ઠ માનદંડ — અમદાવાદ | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૩ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |


**"ઘરશાળા"**
**શૈક્ષણિક માસિક**
**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**
**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**
**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.


## એકાગ્રતા : અધ્યયનની પૂર્વશરત

ભણવું, શીખવું, અધ્યયન કે અભ્યાસ કરવો વગેરે બૌદ્ધિક પ્રક્રિયાઓ માટે કેવળ એક જ મુખ્ય માર્ગ છે, અને તે છે એકાગ્રતા. મનની એકાગ્રતા જ સંપૂર્ણ શિક્ષણપ્રક્રિયાના પાયામાં પડેલી એક શક્તિ છે. એકાગ્રતા, કેળવવાની શક્તિ કે કૌશલ્ય જેટલાં વધુ તેટલી વધુ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આ એકાગ્રતા શું છે ? કોઈ પણ એક અને માત્ર એક જ વિષય કે કેન્દ્ર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની ક્રિયાને એકાગ્રતા (concentration) કહેવામાં આવે છે. આમ તો એકાગ્રતા એ મનને સ્થિર કરવાની અને એક બિંદુ પર વિચાર કરવાની, નીરખવાની, અનુભૂતિ કેળવવાની ઊંડી પ્રક્રિયા છે, પણ મન તો પાણીના તરંગોની જેમ હંમેશાં, નિરંતર સંકલ્પવિકલ્પ ઉત્પન્ન કરવામાં રોકાયેલું રહે છે. તેથી તેની અસ્થિરતા સ્થિતિમાં તે કોઈ એક કેન્દ્ર ઉપર વિચાર કરવાનું સામર્થ્ય ધરાવી શકતું નથી. પરિણામે એકાગ્રતા કેળવવાનું અશક્ય નહિ, તો અઘરું બની જાય છે, જેથી અધ્યયનપ્રક્રિયા પણ મંદ અને નિષ્ફળ નીવડે છે.

પ્રાચીન ભારતીય દાર્શનિકોએ ચિત્તવૃત્તિનિરોધ દ્વારા શિક્ષણનું લક્ષ્ય સાધવાનું સૂચવ્યું છે. વાસ્તવમાં તો ચિત્ત જ શિક્ષણનું વાહન બની રહે છે. રાજયોગમાં ધારણા, ધ્યાન અને સમાધિ એકાગ્રતાના જ ક્રમિક સ્તરો છે.

પાતંજલ યોગસૂત્રમાં ચિત્તની પાંચ અવસ્થાઓ માનવામાં આવી છે : મૂઢ, ક્ષિપ્ત, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ. મનોવિજ્ઞાનની દૃષ્ટિએ અધિકાંશ વિદ્યાર્થીઓ સામાન્ય રીતે ક્ષિપ્ત અથવા મૂઢાવસ્થામાં જ રહેતા હોવાથી તેઓ એકાગ્રતા કેળવી શકતા નથી. પરિણામે તેમની અધ્યયનક્ષમતા વિકસતી નથી. તે માટે તો શિક્ષકોએ તેમને શક્ય અંશે વિક્ષિપ્તાવસ્થામાં મૂકવા ઘટે !



## સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**

# આપણી લોકશાહી ક્યા માર્ગે ?

છેલ્લા મહિનામાં દેશમાં કેટલીક ઘટનાઓ આપણી લોકશાહી ઉપરની શ્રદ્ધાને ચલિત કરે છે. શિક્ષણ અને સમાજ ઘડતર અંગે વિચારતા, મથામણ કરતા અને નિસબત ધરાવતા સૌ માટે ચિંતાનો વિષય છે.

**ઘટના - ૧ :** માર્ચ ૨૦૧૮ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રની ઘટના આપણાં સૌ માટે શરમજનક છે. ગુજરાતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સભાગૃહમાં અપશબ્દો બોલે અને છૂટા હાથની મારામારી કરે એ કોઈપણ શાલીન પ્રજાને શરમાવે તેવી ઘટના છે. એવું કહેવાય છે કે બ્રિટનની પાર્લામેન્ટમાં શરૂઆતના તબક્કામાં વિરોધપક્ષ અને શાસકપક્ષ વચ્ચે તલવારો ખેંચાતી. કાળક્રમે એવું નક્કી કર્યું કે પાર્લામેન્ટની બેઠક વ્યવસ્થામાં શાસકપક્ષ અને વિરોધપક્ષ વચ્ચે બે તલવાર જેટલું અંતર રાખવું. સ્વતંત્રતાના ૭ દાયકા પછી આપણી લોકશાહીની સંસ્થાઓ ખોખલી થતી જાય છે. ચૂંટાયેલા પ્રતિનિધિના વ્યવહાર, વાણી અને વર્તન જોતાં તેમની આગળ માનનીય શબ્દ લગાડવો કેટલો વાજબી છે. તે વિચારણા માંગી લે તેવો પ્રશ્ન છે. રાજકીય પક્ષોમાં વિચારાત્મક આંદોલન કે સિદ્ધાંતોની પ્રતિબદ્ધતાના સ્થાને કેટલાંક ગુંડાઓ અને અસામાજિક તત્ત્વોનું વર્ચસ્વ વધતું જાય છે તેમ કહેવું અસ્થાને નથી. રાજકીય પક્ષોમાં આંતરિક શિસ્ત, સિદ્ધાંતો અને હેતુએ ગરિમા જાળવી નથી. રાજકીય પક્ષો વધુ બેજવાબદાર બન્યા છે. લોકશાહી સમાજ માટે આ ચિંતાનો વિષય હોવો જ જોઈએ.

**ઘટના - ૨ :** તાજેતરમાં લોકસભાની પેટાચૂંટણીઓ ઉત્તરપ્રદેશ અને બિહારમાં થઈ. ચૂંટણી પછી ચૂંટાયેલા વિજયી ઉમેદવારનો ટી.વી. ઉપરનો ઈન્ટરવ્યૂ આપણાં સૌ માટે અને લોકતંત્રના પ્રજાજનો માટે શરમજનક છે. વિજયી ઉમેદવારે ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે મારો ચૂંટણી લડવા પાછળનો મુખ્ય આશય પૈસા કમાવાનો છે. ખૂબ જ નફફટાઈ અને નિખાલસતા સાથે જણાવ્યું કે વિકાસ પાછળનાં ૨૫ ટકા તો મને મળવા જ જોઈએ. નવો ચૂંટાયેલો છું તેથી નાણાં કેવી રીતે મળશે તે જાણતો નથી પણ સરકારી બાબુઓ સાથે આ અંગેની સિસ્ટમ હું સમજી લઈશ. વધુમાં જણાવ્યું કે દેશના તમામ રાજકીય પક્ષો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈસા બનાવે છે. તો હું કેમ ન બનાવું ? આ માનસિકતા જો એક યુવાન ચૂંટાયેલા લોકપ્રતિનિધિની હોય તો અમને દેશની લોકશાહીનું ભાવિ અંધકારમય લાગે છે.

ઉપરોક્ત બે ઘટનાઓ પછી એક કડવી હકીકત એ પણ છે કે આપણી શિક્ષણ પદ્ધતિએ નથી તો ગુણવત્તાસભર નાગરિકોનું ઘડતર કર્યુ કે નથી તો દેશ અને સમાજની જરૂરિયાત પ્રમાણે શિક્ષણ દ્વારા કૌશલ્યયુક્ત યુવાન નાગરિકોને તાલીમબદ્ધ કર્યા. પરિણામે દિશાહિન રોજગારી વગરનો યુવાન વર્ગ જ્યારે મતદાર થયો છે ત્યારે ચૂંટાયેલા સભ્યોની ગુણવતા પણ ચિંતાનો વિષય છે.

આ કડવું સત્ય આપણે સૌ શિક્ષણપ્રેમીએ સ્વીકારવું પડશે, સમજવું પડશે અને તેના ઉપાયો વિચારવા પડશે.

# સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## અંગત અનુભવો

ઉનાળાની મે માસની રજાઓ શરૂ થઈ ત્યારે હવે સરસ્વતી વિદ્યાલયના કંપાઉન્ડમાં રહીને જ કામ કરવું એવો અમે નિશ્ચય કરીને આવ્યાં હતાં. તે વખતે કાચના બે નળીયા મૂકીને અંધારી શાળાના સામાનની ઓરડીને રહેવા લાયક બનાવેલી. અને શાળાના જ વિદ્યાર્થીઓની પાણીની રૂમમાંથી વાપરવાનું પામી લાવતા. રાત્રે વર્ગ ઉઘાડીને બાંકડા ખસેડીને સૂઈ જતાં.

એક દિવસે સવારના રજાના દિવસે મોટી ડોલ ભરીને ઘરની સામેના લીમડા નીચે બેસીને દાંતણ કરતા હતાં ત્યાં લક્ષ્મણનો અવાજ સંભળાયો. એ પાણીની ડોલ સામે જોતો જોતો કહે, ''રઘુભાઈ સાહેબ, આ આપની રહેવાની નાની રૂમની પાછળ એક જૂનો પુરાણો નળ નીકળે છે. આમ આવો તો બતાવું'' જલદી દાંતણ કરી મોં ધોઈને અમે ત્યાં ગયાં. ''જુઓ સાહેબ, આ પાઈપમાંથી ટીપાં પડતાં મેં જોયાં.

આસપાસની જમીન લક્ષ્મણે અને રઘુભાઈએ થઈને સાફ કરી તો સિમેન્ટ કોંક્રિટ હતી. નળનો પાઈપ પણ દેખાતો હતો. ''લક્ષ્મણ સરસપુરના બજારમાંથી નાનો ટૂકડો પાઈપો અને ચકલી લાવી આપીશ ?'' રઘુભાઈનો બોલ પડે ને લક્ષ્મણ ના જાય એવું બને ? એ તો અડધા કલાકમાં જ ચકલી અને પાઈપ લઈ આવ્યો. નવા નળમાં પાણીની ધાર થોડીવારમાં જ નીકળી. ''વાહ, આ તો જાણે સરવાણી.'' ખુશી ખુશી થઈને હું બોલી પણ હવે ? ''રઘુભાઈનું મગજ દોડવા લાગ્યું, કહે ''લક્ષ્મણ આપણે જે જગ્યાએથી જૂના પતરાં લાવીએ છીએને ? ત્યાં જઈને તપાસ કરીશ ?

''હા, હા આજે જ જઈ આવીશ ?'' અમારા નાના નાના તેમજ મોટા પ્રોજેક્ટમાં એ તો સાથે જ હોય. બે દિવસ પછી ''મોટા પતરાંના મોટા અડધા અડધા ટૂકડાઓ સસ્તામાં મળે છે.'' એમ કહેતાં પતરાં બતાવ્યા.

''ચાલ લક્ષ્મણ ખીલીઓનું આ ખોખું અને હથોડી લઈ લે'' લક્ષ્મણ પાછળ ગયો. સાંજ સુધીમાં એ નળ આસપાસ પતરાં જડાઈ ગયાં અને એમને બાથરૂમ મળ્યો.

''હા...શ, શાળા શરૂ થતાં પહેલાં જલદી જલદી નાહી લેવાની વાતનો અંત આવ્યો, લક્ષ્મણ તને અભિનંદન હો..'' મેં કહ્યું.

''બહેન, મને ને સાહેબને બંનેને અભિનંદન આપો. યોજના તો સાહેબની જ ને ?'' લક્ષ્મણ બોલ્યો, ''પણ સાથ તો તારો જ ને ? લક્ષ્મણ ?'' તુરત જ રઘુભાઈએ અના ખભા પર પ્રેમથી હાથ મૂક્યો, ''વાહ રે ભાઈ ! આપણે બાથરૂમવાળા'' હું બબડતી હતી.

આમ રોજ રોજ ન્હાવા જતાં અને નાહીને પાછાં આવતાં એ જમીન ચોખ્ખી રાખવાનું શરૂ થયું. અને જેમ જેમ માટી સાફ કરતાં ગયાં. તેમ તેમ સિમેન્ટ કોંક્રિટની ઇંચ ઊંચી જમીન નીકળી. એ જોયું ને મારા મનમાં ચમકારો થયો મારું મન પણ હવે આવું જોતાં જ પ્લાન કરતું થયું. મેં રઘુભાઈને પૂછ્યું, ''તમે જુઓ તો બે ઊંચી પ્લીન્થ અહીં એવીને એવી મજબૂત છે. આ તમારા જૂનાં પતરાંઓનો પ્લાન અહીં પણ કરી શકાશે એવું નથી લાગતું ?''

તેઓ હસ્યા, કહેવા લાગ્યા સમજી ગયો. રસોડું કરવું છે ને ? ''દોડીને મેં તેમને શેકહેન્ડ કર્યા. ત્યાર પછીનું કામ લક્ષ્મણ અને રઘુભાઈએ ઉપાડી લીધું. એક અઠવાડિયામાં તો અમારું રસોડું તૈયાર.''

''બેન બે-ત્રણ દિવસ પતરાંની સફાઈ કરી દઉં તો ? પછી રસોઈ કરીએ તો ? લક્ષ્મણનું મગજ પણ ચાલુ જ રહેતું. પતરાંઓને લક્ષ્મણે ઘસ્યાં. પહેલી વાર ખાવા બેઠા ત્યારે, ''લક્ષ્મણ આ પાટલા ઉપર બેસતો ? આજે પહેલાં તારે જમવાનું છે.'' એ બેઠો એ તો હસતો જાય અને આંખમાંથી આંસુ દડદડ જાય.

"ગાંડા ભાઈ લક્ષ્મણ ! આ તો રસોડાનું ઉદ્‌ઘાટન થયું." આમ અમે ત્રણેય રાજીના રેડ થઈ ગયાં. પાસેનો ક્લાસરૂમ રાત્રે બેડરૂમ બની જતો. "હવે બધી સગવડો મળી ગઈ." મેં રઘુભાઈને કહ્યું, "પણ એનું માન લક્ષ્મણને જાય છે. પાઈપ, નળ, ઓટલો બધું યે તેને મળી ગયેલ."

"સાહેબ, રહું છું કોની સાથે ? હસીને તેણે વિવેક બતાવ્યો.

આમ અમને ત્રણેયને એકબીજાને સમજવાની શક્તિ મળી ચૂકી હતી.

"આ તો જાણે આપણો નાનો મહેલ, ખરુ ને લક્ષ્મણ ?"

"બહેન ! જેવું મન હોય એવું દેખાય ?" જુવોને રઘુભાઈ સાહેબે જૂના ગોડાઉન જેવા મકાનને આશ્રમ જ બનાવી દીધો છે ને ?"

આમ શાળાના વિકાસ સાથે સાથે અમારી ત્રણે જણાની દોસ્તી પણ જામતી જતી હતી.

"લક્ષ્મણને કોણ કહી શકે એ અસ્પૃશ્ય છે ?" રાત્રે સૂતાં સૂતાં મેં રઘુભાઈને કહ્યું, તરત જ તે કહે, "મને તો લક્ષ્મણ કદીએ અસ્પૃશ્ય લાગતો નથી અને એવા ભાવો આપણામાં ન હોવાને લીધે જ એ સ્વજન જેવો બની રહ્યો છે."

રઘુભાઈની વાત તદ્દન સાચી લાગી હતી. એવો જ અનુભવ હરભાઈનો હતો.

**<u>સ્વ. હરભાઈ - લક્ષ્મણ :</u>**

હરભાઈ સરસ્વતી વિદ્યાલયનું ધ્યાન રાખવા એક વર્ષ સુધી વચ્ચે આવીને રહેતા. અમદાવાદથી ભાવનગર પાછા આવે ત્યારે તેમની વાતોમાં લક્ષ્મણનો ઉલ્લેખ આવ્યા વિના ન રહેતો. એક દિવસ મેં લક્ષ્મણને કહ્યું, "લક્ષ્મણ તે નાનાભાઈનું (હરભાઈનું) ધ્યાન બહું રાખ્યું છે હોં. નાનાભાઇ તને વારંવાર યાદ કરતા. લક્ષ્મણને નાનાભાઈ યાદ આવી ગયા. "અરે બહેન ! બસ એ તો કોઈ જુદી જ વ્યક્તિ છે. બે બાંકડા મૂકીને હું પથારી કરું અને સૂવા જાય ત્યારે કહેતા કે, "આહા... લક્ષ્મણ ! તેં તો સરસ પલંગ બનાવ્યો છે હો ?" અને બહેન ! મારા હાથની બનાવેલી ભાખરી અને મારું પસંદ કરેલું શાક ખાતા. "હું કહેતો નાનાભાઈ ભાખરી બળી ગઈ છે ને ? પણ આવું જ બનાવતા આવડે છે" હસતા હસતા કહે, "એ લક્ષ્મણ બીજી ભાખરી લાવ. બળેલી ભાખરી તો લાડુ બનાવવાની ભાખરી જેવી લાગે તને ખબર છે ?" આમાં ક્યાયે મારી ભૂલ ન કાઢે. રોજ એક જ ભાણે શાક, દૂધ અને ભાખરી. આમ અમારી વાતો સાંભળવા જ જાણે પોતે આવ્યા હોય ને એમ સરસ્વતીનાં મકાનમાં એક કાર આવીને ઊભી રહી. સફેદ લાંબુ પહેરણ ધોતિયામાં નાનાભાઈ પોતે જ હાથમાં થેલીને લઈને કારમાંથી ઉતર્યા. કારનો અવાજ સાંભળતાં જ લક્ષ્મણ દોડ્યો અને સામાન લઈ આવ્યો. થેલીમાંથી બાની બનાવેલી ભાખરી-ઢેબરાં કાઢ્યાં. "નાનાભાઈ ! અમે તમને જ સંભારતા હતા. ૧૦૦ વર્ષના થવાના ને ?" મેં નાનાભાઈને પૂછ્યું. અને કહે કે, લક્ષ્મણના હાથનું ખાધું હોય તો લાંબુ જીવાય જ ને ? ખરું ને લક્ષ્મણ."

નાનાભાઈ સહજભાવથી લક્ષ્મણ સાથે વાત કરી રહ્યા હતા. "લક્ષ્મણ તારે મારો પલંગ બાંકડા ઉપર ગાદલું નાખીને બનાવવાનો છે હોં." "હા સાહેબ ! રોજની જેમ તમારી પાસે નીચે મારી પથારી પણ કરીને સૂઈ જઈશ." "લક્ષ્મણને જૂનાં સ્મરણ તાજાં થયા. ઠીક લે, જશીબેનની બાએ તારા માટે ભાખરી મોકલી છે. અત્યારે સાંજે અમારી સાથે જ જમજે હોં. તારી બા કહેતી હતી કે, "લક્ષ્મણ તો પ્રેમાળ છે. હું જરૂર અમદાવાદ એને મળવા આવીશ." જમીને લીમડા નીચે અમે બેઠાં હતાં. નાનાભાઈ (હરભાઈ) કહે, "જશીબેન ! આ લક્ષ્મણનું નામ એની ફોઈબાએ સાવ સાચું રાખ્યું છે હોં. યોગ્ય જ રાખ્યું છે. એને મન તો સૌ (બધાય) જાણે રામ છે. જેની સાથે રહે તે સૌ રામ. નાનાભાઈની વાત એ સાંભળી ગયો. હસી પડ્યો. પણ નાનાભાઈ તમે તો રાજા દશરથ. અને સાહેબ રામ હોં. આવી વાતો ચાલી. આખરે ૧૧ વાગે સૌ સૂવા ગયા. લક્ષ્મણને ઓળખવાનાં પ્રસંગો આવ્યા જ કરે અને

ઓળખાણ વધતી જાય. લક્ષ્મણને અસ્પૃશ્ય કહેવાય ? એને કોઈ જ્ઞાતિ જ ન હતી. સૌ એક જ નાતના લાગતા.

સવારના પહોરમાં નાનાભાઈએ બાથરૂમ અને રસોડું જોયા ત્યારે રાજી થઈ ગયા.

આમ સરસ્વતી વિદ્યાલયના કામકાજમાં ઘરની સુવિધાઓ, શાળાનું કામ કરવા પ્રેરણા આપનાર હરભાઈની હાજરી. એ એકાંત કેમ્પસમાં જીવંત બની જતી.

**પ્રેમાળ મોજીલા પડોશી : સંયોગ હતો દુકાનદાર કેળવણીકારનો :**

એક વખત ઑફિસની પાછળની જમીન સાફ કરવાના કામમાં અમે હતાં. ''એ જમીનનો કંઈક ઉપયોગ કરવાનો મોકો જરૂર મળશે.'' એમ અમને લાગતું.

''પાછલા જર્જરિત મકાનમાં ખંડિયેર જેવા રૂમની આગળ એક ઓટલા ઉપર એક ભાઈ છાપું વાંચતા હતા. બપોરના સમયે વિદ્યાર્થીઓ અહીં સફાઈ કરતા, તો સવારમાં ૮ થી ૧૦ અમારો શ્રમયજ્ઞ ચાલતો.

આમ આ ભાઈને અમે જોયા. અમારો અવાજ સાંભળીને એમણે છાપામાંથી મોં બહાર કાઢીને અમારા સામે જોયું. ''આપણે તો આ કમ્પાઉન્ડમાં કોઈને ય જોયા નથી. ઓરડીમાં રહે છે. એમના ''મા'' અને પત્ની છે. તો બોલાવને લક્ષ્મણ એમને, ઓળખાણ કારીએ. સારા પડોશી હશે તો સાંજ પડ્યે બે વાત કરવાની તો મળશે. અત્યારે તો એકાંત લાગે છે. સાંજે પણ આપણે ત્રણ. એટલીવારમાં અમને જોઈને એમણે છાપું બાજુમાં મૂક્યું અને અમારી તરફ આવ્યા, મળ્યા અને કહે કે ''હું ચુનીભાઈ પટેલ. સામે એક રૂમ છે ને ? એમાં રહું છું. તમે જ રઘુભાઈ નાયક ? આ શાળા તમે લીધી છે અને તમે ચલાવાના છો એ સાંભળેલું. રોજ જતાં આવતા તમે આ શાળામાં ફેરફાર શરૂ કર્યા છે એ જોતો હોવ છું. આપ કંઈ નવા વિચારો સિદ્ધાંતોથી શાળા ચલાવો છો એવું લાગે છે. તેઓએ વાતો કરી.

''હા, હું રઘુભાઈ, આ મારાં પત્ની જશીબેન, આ લક્ષ્મણ, શાળામાં ઉપયોગી કાર્યકર. એની ઓળખાણ થઈ પછી અમે અમારી ઓળખાણ આપી. ''મારી બા એક મિત્રના શેઠિયાને ત્યાં હું નાનો હતો ત્યારે કામ કરતાં, એટલે એમની ઓળખાણથી મને રહેવા માટે રૂમ મળ્યો છે. શેઠિયાએ સ્ટેશન સામે નાની દુકાન ઈલેક્ટ્રિક સાધનો વેચવાની કરી આપી છે. મારાં બે બહેનો - બનેવી રહે છે.

આમ તે દિવસે અમારો પરિચય થયો. સાંજ પડી. દુકાનેથી ઘેર જતાં જોયા એટલે રઘુભાઈએ કહ્યું, ''આવો પટેલ સાહેબ સાંજે થોડી ગપસપ લગાવીએ. તમે વેપારી હું તો માસ્તર.'' ''આવુ તે શું બોલો સાહેબ, હું પણ ગરીબ કુટુંબનો જ છું. શેઠિયાને ત્યાં મારી મા રસોઈ કરતી ત્યારે સૌ સાથે રમીએ, આમ રમતાં રમતાં મોટાં થયાં અને મોટા થયેલા શેઠે દુકાન કરી આપી.'' તેઓ પોતાની વિશે થોડી થોડી વાતો રોજ કરતા પરિચય વધતો ગયો. એક દિવસ રઘુભાઈ ગપ્પા મારવાને બદલે શાળાના રેકોર્ડને જે આડા-અવળા હતા તે સરખા કરતા પટેલ સાહેબ જોઈ ગયા. કહે કે ''હું આપને રોજ સાંજે મદદ કરવા આવીશ. રવિવાર શેઠિયા ન બોલાવે તો નવરો. તમારું કામ થશે.'' તેમને હવે અમારા માટે લાગણી થવા લાગી. ''પેપરવર્ક'' કરતાં કરતાં સૌ સાથે ચા-પીએ, પાન-સોપારી ખાઈએ. એકવાર તેમના (પટેલનાં) પત્નીને ઠીક ન હતું તો અમે જમવાનું સાથે રાખેલ. તો તેમનાં પત્ની સાજા થયાં ત્યારે મઠિયા પણ મોકલેલ. પછી તો એકવાર અમારું કામ વધી ગયું. પટેલ સાહેબ તો કામ કરવા જાય અને ''મેના ગુર્જરી''નું ગીત ગાતા જાય.

''જોબનીયું આજ આવ્યું ને કાલ જાશે... જોબનીયું'' ગણગણ કરતા કરતા એમણે એ ગીત આખુંય ગાયું. મંદ સ્વરમાં ગાતા, પણ સૂરીલું.

''તમને આ 'મેના ગુર્જરી'ના નાટકનું ગીત કેવી રીતે આવડ્યું ? આશ્ચર્યથી મેં પૂછ્યું. તેઓએ મેના ગુર્જનીનાં અને બીજાં નાટકોનાં ગીતોની બબ્બે લીટી ગાઈ સંભળાવી પછી કહે, ''જશીબેન ! આ ગીતો મને આવડે છે ને એનું કારણ છે. સાંભળો રઘુભાઈ ! આ પાસે 'માણેકલાલ હરિલાલ મિલ' છે ને ? એના શેઠ નવનીતલાલ શેઠ અને હું નાનપણમાં

સાથે રમતાં, મા રસોઈ કરતી એટલે એમને મારી માટે માયા બંધાઈ, બસ હવે તો નાટક, સિનેમા, મુસાફરી, પ્રવાસો બધી જગાએ આ ઉંમરે દુકાન છોડીને મારે એમની સાથે જવાનું. તો પછી આવા સાંસ્કૃતિક કાર્યક્રમો મને જોવા મળે જ ને ? તેથી તો આજે તમારા જેવા ઉચ્ચ પદવી પામેલા પીએચ.ડી. જર્મની સાથે વિશ્વાસપૂર્વક બેસું છું અને મદદ પણ કરું છું. રઘુભાઈ તમારી શાળાને એક નજર નાખતા કહી શકું કે ગામની ઘણીએ શાળા અને તમારી શાળામાં મોટો ફરક છે. (આ ચુનીલાલ પટેલને જ્યારે હિંમતભાઈ સરસ્વતી વિદ્યાલયમાં જોડાયા હતા ત્યારે ''પેપરવર્ક''માં મદદ કરતા એમણે જોયેલા.)

''ચુનીભાઈ તમે ખૂબ ખુશ મિજાજમાં રહો છો એ મને બહુ ગમે છે હોં'' એક દિવસ મેં એમને કહ્યું. ''આપણે ગરીબ ભલે પણ મનથી પૈસાવાળા રહેવાનું. એટલે બસ મોજ જ મોજ રહે.' ''આ મારો નાનો રૂમ મને ખૂબ શાંતિ આપે છે.'' હુ તો મનમાં ને મનમાં જ વિચારી રહી હતી કે એમના સ્વભાવને ગરીબાઈ જરા પણ સ્પર્શી નથી એટલે એ મોજીલા અને સમજુ છે. તેથી તેમની આ મિલના શેઠિયાને કંપની ગમતી હોવી જોઈએ. આમ સ્વભાવે રાજા જેવા (ચુનીભાઈ) પટેલ સાહેબ સાથે મૈત્રી જામી. શાકમાં વાપરવાનું તેલ અને રકાબીમાં દીવો કરીને રઘુભાઈને કામ કરતા રાત્રે જોયા. ત્યારે જ કેરોસીન પૂરીને એક ફાનસ અમને આપી ગયા. સાંજે જમીને આવે ત્યારે કહેતા કે ''આજે પ્રાર્થના સાંભળવી બહુ ગમી. આજે વિદ્યાર્થીઓને બોલતા સાંભળ્યા. આ ગરીબ બાળકોમાં બોલવાની છટા બદલાઈ હોઈ એવું સ્પષ્ટ દેખાય છે.'' એક દિવસે એમણે શાળાની પ્રવાસની વાત સાંભળી ત્યારે કહે, ''વાહ ! પ્રવાસ તો મોટું ભણતર છે.'' પણ આટલા ઓછા ખર્ચામાં પણ કોઈ કોઈ વાર બે ચાર વિદ્યાર્થી ન આવી શકે એવા છે ''મેં કહ્યું. બીજે દિવસે બે વિદ્યાર્થીઓનો ખર્ચો પટેલ સાહેબ એક કવરમાં મૂકીને આપી ગયા. બે વિદ્યાર્થીની દર માસે રૂા. ૧૦ ફીઝ પણ મોકલી આપતા. ''તમે બહુ મદદરૂપ છો હોં ચુનીભાઈ'' મેં કહ્યું. ''જશીબેન બીજું શું કરવાનું ? હું તો ભણ્યો નથી. પણ બીજા ભણે એ જોઈને રાજી રાજી થાઉં છું. મને રઘુભાઈની આ શાળામાં ખૂબ શ્રદ્ધા બેસતી જાય છે. આ શાળામાં બાળકોને હું જોઉં છું ત્યારે મને (હું) અને મારી બંને બહેનોને હું તેમનામાં જોઉં છું.'' પટેલ સાહેબની આંખમાં પાણીના બે બિન્દુઓ મને દેખાઈ ગયાં.

ખેર, અમારી મૈત્રી - પડોશીને નાતે આગળ વધી. પટેલ સાહેબની પડોશી મૈત્રીએ માધુભાઈ મિલના સાંજના વાતાવરણને વધારે ચેતનવંતુ બનાવી દીધું. મિલમાં કાપડ મળે તો સસ્તા ભાવે શર્ટનું કપડું રઘુભાઈ માટે પૂછ્યા વિના લાવે. તો કોઈવાર માણેકલાલ હરિલાલ મિલની સસ્તા ભાવની સાડી પણ લાવે.

આ મૈત્રીની એવી એક અમૂલ્ય ભેટ મળી એ તો એ આપણે આગળ જોઈશું. કોઈને મદદ આપ્યેથી કોઈનું યે ખૂટતું નથી. એ એમના જીવનની ભાવના હતી. દુકાનદાર કેળવણીકારનો આ હતો સંગમ. તેમની આવડત અને ચતુરાઈ, વ્યવહાર કુશળતા જોઈને રઘુભાઈ કહેતા, ''પટેલ ! તમે ડિગ્રી લીધી નથી ભલે પણ છતાં પીએચ.ડી (ડૉ.) છો હોં ! મારી વાત બધાને સાચી લાગશે.'' તરત જ તેઓ બોલી પડ્યા ના.. ના મને એવી ડિગ્રી ન આપશો. હું તો ભણ્યો જ નથી. વળી રઘુભાઈ કહે '' જીવનમાં જ્યાં જાઓ છો ત્યાં માર્ગ કાઢો છો એ મોટી ડિગ્રી છે.'' એમના જીવનનાં પાસાંઓ, ગંભીર કામો, વિચારશીલ અને મોજીલાપણું સૌને આકર્ષે એવા હતા. એકરૂમમાં રહેવાની શરમ એમને ન હતી. તેથીસ્તો ગરીબ બાળકો અને સરસ્વતી વિદ્યાલયને તેઓ ચાહતા હતા. આ મોજીલા પડોશી અમને ત્યાં રહેવા માટે ઘણા આનંદમય નિવડ્યા. તે જીવન જીવ્યા ત્યાં સુધી મૈત્રી ટકી રહી. એમને આગળની સ્મરણયાત્રાના ચરણમાં તેમનું સ્મરણ કર્યા વિના રહી નહીં શકાય. અમારી મૈત્રી ફૂલી હતી અંગત જીવનમાં અને શાળાના જીવનમાં.

**<u>પરદેશી, પણ પડોશી પઠાણનો પરિચય</u>**

અમે જ્યારથી સરસ્વતી વિદ્યાલયનાં કેમ્પસમાં રહેવા આવ્યા હતા. ત્યારથી સાંજ પડતાં કેમ્પસની શાંતિમાં અમારી

શાળાની સામેની વિંગના છેડે એક ચોકીદાર બેસી રહેતો. (જ્યાં વિજ્ઞાનની પ્રયોગશાળા હતી.) એક લોખંડની ફેક્ટરી ચાલતી. આ ફેક્ટરીનો એ ચોકીદાર હતો. પઠાણ હતો. સવારમાં ફેક્ટરી શરૂ થાય ત્યારે ફેક્ટરીના દરવાજા પાસે બેસી રહેતો. સાંજ પડે એ જ જૂની, ભાંગલી ખુરશી એની કાળીમેશ ઓરડીનાં બારણાં પાસે લઈ જઈને બેસતો.

વિંગને છેડે વિજ્ઞાનની પ્રયોગશાળા હોવાથી એ બાજુ સુપરવિઝન કરવા આંટો મારવાનું બનતું તે વખતે પઠાણની સામે જોવાનું બનતું. એક બીજાને જોઈ લેતા.

ઊંચો પહાડી પઠાણ, ગોરો અને દેખાવડો હતો. ચહેરો પણ નમણો લાગે. પણ પઠાણ હોવાથી બોલતાં હું થડકારો અનુભવતી. તે દિવસે શાળા પૂરી થઈ. સાંજે થોડીવાર ઑફિસની બહાર રઘુભાઈ અને હું બેઠા હતા. શિયાળો એટલે સાંજ પડે ને સંધ્યાટાણું થાય અજવાળું ઓછું થાય. શાળાની વાતો ચાલતી હતી.

દિવસ અને રાતનો સંધિકાળ હતો, એ જ વખતે પેલો પઠાણ હાથમાં વાસણ લઈને બહાર જવા માટે નીકળ્યો. પાસે થઈને શાળાના દરવાજામાંથી બહાર ગયો.

અમારું ધ્યાન પણ એના તરફ ગયું. તરત જ થોડીવાર પહેલા મારા મનમાં ચાલતા વિચારો મનમાંથી શબ્દો દ્વારા બહાર નીકળ્યા મેં કહ્યું, હમણાં હમણાં 'કોમ્યુનલ રાઈટ' બહું થાય છે ને ? એટલે આ પઠાણની બીક મનમાં બહુ લાગે છે. આખરે એ હિન્દુ નહીં મુસલમાન તો ખરાં જ ને ? અંધારું થાય ત્યારે આ તરફ આવતા થડકારો થાય છે. મારી ખુરશી રઘુભાઈ તરફ ઘસડીને હું બોલી, પણ રઘુભાઈ આવી બીકણ વાત સાંભળી લે એવા ક્યાં હતા ? તરત જ બોલી પડ્યાં.

"તમે આવા ડરપોક હશો એવું મેં નો'તું ધાર્યું. હરભાઈની દીકરીને વળી ડર શાનો ? મહાત્મા ગાંધીજીની સ્વરાજ્યના ક્રાંતિકારી યુગમાં જન્મેલી છોકરી ડરે છે ? ના ના અબ્દુલ ગફારખાન, સરહદનો ગાંધી યાદ છે ? ફરી ફરી પૂછ્યું. મેં "હા... હા... અબ્દુલ ગફારખાન તો યાદ છે. ગાંધીજીની સહવાસી અને ક્રાંતિકારી હતા." "તો પછી તમને એક વાત કરું ? આ પઠાણ એમના દેશમાંથી આવે છે. એની બીક શાની હોય ? ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરની વાર્તાનું કાબુલીવાળાનું પાત્ર યાદ છે ? આ પઠાણ પણ એ દેશમાંથી જ આવે છે." રઘુભાઈનાં ત્રણે ય પ્રશ્નો વાસ્તવિક હતા. મને થયું કે "અફઘાનિસ્તાનના સહરદના ગાંધી અબ્દુલ ગફારખાન અને ટાગોરના કાબુલીવાળો એ બંનેને તો પ્રેમાળ પાત્રો તરીકે ઓળખું છું. 'કાબુલીવાળો' તો શિક્ષકનો મનથી સ્વીકારેલો મિત્ર છે." આમ અમારી વાતોથી મન હલકું થયું.

પેલો પઠાણ હાથમાં દૂધનું વાસણ લઈને શાળામાં પ્રવેશ્યો અને તેની કાળીમેશ ઓરડી તરફ ચાલવા લાગ્યો. હું ઊઠીને ધીરેથી તેની તરફ ગઈ અને બોલી "પઠાણ સાહેબ નમસ્તે." ધીરે રહીને એના તરફ ગઈ. મને જતાં જોઈને ધીરે અવાજે રઘુભાઈ બોલ્યા, "વાહ ગાંધી યુગની છોકરીમાં આખરે થોડી હિંમત આવી લાગે છે. મારો ડર તો ક્યારનો યે અદશ્ય થઈ ગયો હતો.

"સલામ જી" પઠાણી ઉચ્ચાર અને અવાજમાં તે બોલ્યા. મોં પર સ્મિત અને અવાજમાં ઉષ્મા હતી. તરત જ મેં કહ્યું.

"આપ હમારી પાસે બૈઠને કે લીયે આઈએને !

હમારી સાથ બોલતે ક્યું નહી હૈ ?"

વાસણ પકડીને એણે જવાબ આપ્યો.

"બહેનજી આપ સબ તો સાહબ લોગ - જૈસા લગતે હય. બડે લોગ. હમ તો ચૌકીદાર, કૈસે બોલેંગે ? લેકિન માફ કરના બહન, આપ ભી તો આજ હમારી સાથ પહેલી દફા બોલે હય..." એની વાત પણ સાચી જ હતી. મેં કહ્યું "પઠાણ સાહેબ" હાં હાં "હું આગળ બોલું તે પહેલા જ એ બોલ્યો" બહેન ઐસા સાહેબ મત બોલો. 'ગફુર પઠાણ હય' અચ્છા અચ્છા હું આગળ બોલવા લાગી.

"અચ્છા, હમ ગફુરભાઈ પઠાણ બોલેંગે. ગફુરભાઈ ! ચોકીદાર ઔર હમ દોનો મેં કોઈ બડા છોટા

નહીં હૈ. હમ સબ તો માનવી હય. સબ એક હી જૈસે આદમી હૈય એક આદમી દુસરા આદમી કો ચાહતા હય ઔર પ્રેમ સે રહતા હય. લો સબ લોગ 'બડે લોગ' હો તે હય. "મારી વાત પૂરી થઈને એ બોલી ઊઠ્યો." બહનજી આપકો દો... દો... સલામ મેરી બડી બહેન ઐસી હી બાતે હમ કો બોલતી થી. ઉનકા ઘરવાલા પૈસાવાલા થા. ઉનકો ભી યે હી બાત સમજાતી રહેતી." પછી એ એમ કહીને શાંત ઊભાં રહ્યાં. થોડીવાર પછી કહે બસ, આજ આપકી સાથ જો બાત હુઈને વો સુનકે મેરી બહન યાદ આ ગઈ. પાછો દૂધનું વાસણ હાથમાં અને સ્થિર થઈ ગયો આજ એને પોતાનો દેશ યાદ આવી ગયો.

'અય મેરે પ્યારે વતન અય મેરે બીછડે વતન તુજકો'

કાબુલાવાળા સિનેમાનું આખું દૃશ્ય મારી આંખ આગળથી જાણે પસાર થઈ રહ્યું ન હોય. પાછો એ બોલ્યો. ધીરે ધીરે બોલ્યો "હમારા મનમેં હમારી બહેન હય" વિચારમાં પડી ગયો.

"ગફુરભૈયા ! એક સચ બાત આપકો બતા દું. હિન્દુસ્તાન મેં મુસલમાન હિન્દુ કા દંગા ઈનતા હોતે હય કે મૈં આપસે ડર ગઈ થી. આજકાલ અંગ્રેજો કી પાસ જો હમારા દેશ હૈ ને ? દેશ વાપસ લેને કે લિયે મહાત્મા ગાંધીજીને જો કામ શુરુ કિયા હૈ - વો જોશ મેં ચલતા હય તબસે, અંગ્રેજ લોગ, હિન્દુ-મુસલમાન કે બીચમેં ઝઘડા કરને કે બહાના બનાતા રહતે હય. ઔર એક દૂસરે કે મનમેં ઝઘડા પૈદા કરતે હય. લડાતે હય. આપસે ડરને કી ગલતી ઈસલિયે હુઈ. એ તો તરત જ બોલી પડ્યો. "બહેન આજ સે આપ ડર નિકાલ દીજીએ. હમ એક દૂસરે કા દોસ્ત બન ગયા હય. ઐસા દંગા કરને વાલોં કી સાથ હમારા મન કભી નહીં લગતા હય. હમ ફેક્ટરી ચોકીદાર પગાર કે લિયે ચોકી કરતે હય. લેકિન આપકે સાથ કી દોસ્તી આજ સે મજબૂત બન ગઈ. એના અવાજમાં ઉષ્મા ઉભરાઈ રહી હતી. પોતાની રીતે અડધી તૂટી ફૂટી હિન્દીમાં તેણે ભાવના વ્યક્ત કરી. પણ ઉષ્માભર્યો અવાજ અમારા હૃદય સુધી પહોંચી ગયો.

રઘુભાઈના ખોળામાં બેઠેલો પ્રશાંતને એમની પાસે જઈને તેડી લીધો. કપાળ પર ચૂમી લઈ લીધી. પ્રશાંત એની સામે જોઈ રહ્યો અને પછી મારા નજીક આવીને સાડલો પકડીને ઊભો રહ્યો. પણ એનામાં ડર ન હતો. "ગફુરભાઈ ચલીયે આજ હી હમારી સાથ ચાય પીને કે લિયે આઈયે" મેં કહ્યું. ખુશી-ખુશી થતો એ અમારી સાથે સાથે ઘર સુધી આવ્યો. ઘર તરફ જતાં જતાં તેણે પૂછ્યું કે, બહેનજી, એ આપકા લડકા કા નામ ક્યા હૈ ? મનમાંને મનમાં હું વિચારી રહી. કેવો સુયોગ છે ? આ... રઘુભાઈના લંગોટીયા દોસ્ત ડૉ. છોટુભાઈ. પ્રશાંત જન્મયો તે દિવસથી "પઠાણ" નામથી જ બોલાવતા. મેં કહ્યું. "ગફૂરભૈયા ! બેટે કા નામ તો પ્રશાંત હય. લેકિન સાહબ કે એક દોસ્ત બેટે કો 'પઠાણ' કહકે બુલાતે થે. 'અરે વાહ અચ્છા બોત અચ્છા. ચલો ફિર યે છોટે પઠાણ કો હમારે દેશ મેં લે જાયેંગે." અને પ્રશાંત સાથે ચાલવા લાગ્યો. રઘુભાઈ કહે, 'લે જાઓ, ફિર અબ્દુલ ગફારખાન કી સાથ વાપસ ભેજ દેના.

આમ આજે અમારા પડોશીની ઈમાનદાર-ઉમદા પડોશીની ઓળખાણ થઈ. આ ઓળખાણ મોટી ખાણ જેવી લાગી. એ દોસ્તીએ જાણે અમારા મનમાં ઉષ્મા ભરી દીધી. પછી તો કોઈ વખત પોતાના દેશમાં (આપણી ચાની જેમ) તેઓ ધાવો બનાવે તેવો ધાવો પણ લોટો ભરીને દઈ જતો. યે ધાવા સબ શરદી નિકાલ દેગા.

૧૯૪૬થી મહાત્મા ગાંધીની 'ભારત છોડો' સ્વરાજ્ય લે કર હી રહેંગેની લડતે ચળવળનું ઉગ્ર સ્વરૂપ લીધું. અંગ્રેજોએ હિન્દુ-મુસ્લિમ વચ્ચે ફરી આગ ચાંપી. હિન્દુ મુસ્લિમ દંગાઓ પૂર જોશમાં ફાટી નીકળ્યા. બે દી'ઠીક જાય તો ૬ દિવસ મારા-મારી, કાપા-કાપી. સાંજ પડી ન પડી ત્યાં "અલ્હા હો અકબર" હર હર મહાદેવ, જય ભોલે શંકર" ના અવાજો સારંગપુર-રાયપુર તરફથી સંભળાવા લાગે. ભારતના ભાગલાની વાત કેટલાકને ગળે ઉતરી ગયેલી હોવાથી પાકિસ્તાની બનશે એવા ભણકારાઓ થવા લાગ્યા અને કોમ વચ્ચેના દંગાઓથી

અમદાવાદના કેટલાયે લત્તાઓ મૃતદેહોથી ભરાઈ ગયા. સાંજ પડે અને અવાજો આવે એટલે ગફુરભાઈ અમારા ઘરની બહાર આવીને બેસી જાય તેઓ કહેતા કે "ડરના મત બહેન ! હમ અકેલા બહોંતો કે લિયે બરાબર હય. આપકી સાથ હમ હય. આવા ભયંકર બનાવો વખતે કાયમ સાંજે અમારી પાસે એ આવી જતા. આવા દંગાઓના સમયમાં એ દેશમાં પણ નહીં જ ગયો.

એક વખત તો ભયંકર અવાજો શરૂ થયા. શાળાની બહારના રસ્તા ઉપરથી લોકો ભયથી ચિચિયારી કરતા દોડતા દોડતા જતા હતા. કોઈના શરીર ઉપરથી લોહી વહેતું હતું. ગફુર-પઠાણ શાળાના દરવાજા પાસે ખુરશી મૂકીને બેસી રહેલ. અમારા પડોશી ચુનીભાઈને કહેતો કે "આપ ભી ઉધર એકેલે હો તો હમારી સાથ આ જાઈએ." આ હતી તેની પઠાણી ગફુરની માણસાઈ. 'માણસાઈનો દીવો' વાસ્તવિકતામાં અમને જોવા મળ્યો.

**<u>પરદેશી ચારિત્ર્યવાન પણ ગફુરભૈયા :</u>**

ગફુર પઠાણ માત્ર તોફાનોમાં જ અમારી પડખે ઊભો રહેતો એવું ન હતું એ એક ઉમદા ચારિત્ર્યવાન પઠાણ હતો. રવિન્દ્રનાથ ટાગોરની કલ્પનાનો કાબુલીવાળાનો દાખલો લખ્યા વિના રહું તો મને લાગે છે કે ગફુરભૈયાને અન્યાય થયો કહેવાય.

ઉનાળાની રજાઓમાં ૮,૧૦ દિવસ અમે ભાવનગર કે સુરત જતાં. એક વખત લક્ષ્મણને પણ સંજોગોવશાત બહારગામ અમે ગયા ત્યારે જ જવું પડ્યું. અમે બહારગામ જઈએ ત્યારે રેલવે સ્ટેશન તે મૂકવા આવે જ આવે. ગાડી ઉપડવાનો સમય થાય, એન્જિનની વ્હીસલ વાગે ત્યારે કહે "સલામ સા'બજી, સ્કૂલકી ચિંતા મત કરના હમ બૈઠે હય". રેલવેનો અમારો ડબો પ્લેટફોર્મ પરથી બહાર નીકળે ત્યાં સુધી હાથમાંનો ડંડો હલાવતા રહેતા. અમે ૧૦ દિવસ પછી પાછા આવ્યા. સાંજ પડી ત્યાં આવ્યો અને બેઠો થોડીવાર. આમ તેમ વાતો કરી પછી કહે, "રઘુભાઈ સા'બ, એક બાત બતાના હૈં". હા... હા.. બોલ ગફુરભૈયા તરત જ સાંભળવા તેની સામે રઘુભાઈ બેઠા. "સાબ તીન-ચાર દીન કે પહેલે કોઈ આપકા પુરાના માસ્ટરજી આયાં થા. દુપહર કા તીન બજા થા. આયા ઔર થોડી દેર મે એક જવાન ઓરત આઈ. ઉનકા હાથ પકડ કે ઉનકો એક કમરે મેં ખીંચ કે લેં ગયા. દરવાજા બંધ કર દિયા. હમને ઉસી સમય દેખા, એક દો મજદૂર કો લે કે મૈં વોહી કમરે કે પાસ પહોંચકર હમને શૌર મચાયા. હમારા ખૂન તો ગરમ હો ગયા. હમ ઐસા કુછ નહીં દેખ સકતે. ગુસ્સે મેં હમને ઔર શૌર મચાયા.

"માસ્ટરજી બહાર નિકલો - અગર ઔરત કો હેરાન કિયા તો આપકી જાન લે લેંગે" ડંડા કિમાડ પર ઠોકતે ગયા. 'જાન લે લેંગે' ફીર તો વો એકદમ બહાર નિકલા. ઔર ભાગને લગા. ફીર જવાન ઔરત કો હમ સહી જગા પર છોડ કે આયે. 'ડરના મત' ઐસા બોલકે આયે. ઔરત ઉસ દિન બચ ગઈ' ગફુર ફરી બોલ્યો. "સાબ આપકા યે ચોકીદાર દોસ્તને ચોકીદારી કર દી" લડકી બચ ગઈ સા'બજી" તે બોલતો હતો.

"પઠાણ-ગફુરભૈયા આપને હમારી ઔર જો દોસ્તી કા હાથ બઢાયા હૈ વો યે જિંદગી મેં કભી નહીં ભૂલેંગે" બોલતા બોલતા રઘુભાઈનો અવાજ ગળગળો થઈ ગયો.

ત્યારે ગફુરપઠાણ અમારો 'ગફુરભૈયા' જ બની ગયો. આ હતો અમારો પરદેશી પડોશી જે અમારો બની ગયો. શાળાની સરહદનો ઉમદા પ્રહરી. સલામતીનો ચોકીદાર.

આજે ભલે એ અમારી વચ્ચે નથી. પણ ભૈયા ગફુરનો પઠાણી વેશ અને ગોરો રૂપાળો પઠાણ આજેય સ્મૃતિમાં છે. સ્મરણયાત્રામાં એનું સ્થાન ઘણું ઊંચું છે. એ રેખાચિત્ર સ્મૃતિ પર કાયમ માટે છપાઈ ગયું છે. ચિર સ્મરણ જેના જીવનમાં અનેક પાસાંઓ આજે પણ જીવનપાઠો શિખવે છે.

ગફુર-ભૈયા મારા જીવનની સંધ્યાના સમયે પણ તમારા એ અંદર-બહારના રૂપાળા આત્મા અને દેહને માથું નમે છે.

ભૈયા ગફુર ! આજે પણ તને દો - દો સલામ.

# તલમાં તેલ હોવું જોઈએ

**હીરજીભાઈ નાકરાણી**

૬૯, અનુપમ સોસાયટી,
મેઘાણીબાગ પાસે, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨.

તલમાં તેલ હોય અને એને પીલવામાં આવે તો તેનું પરિણામ જોવા, જાણવા અને અનુભવવા મળે પણ જે તલમાં તેલ જ ન હોય તેને પીલવામાં શું ફાયદો ? આ તો એક રૂપક છે. તલ એ વ્યકિત છે અને તેલ એ તેમાં પડેલી શકિત છે, ક્ષમતા છે. જે વ્યકિતમાં ક્ષમતા ન હોય છતાં તેની પાસેથી વધુ પડતી આશા અપેક્ષાઓ રાખવાથી તો અંતે નિરાશા જ સાંપડે. વ્યકિતમાં પડેલ ક્ષમતાને સમજવી, ક્ષમતાને નિહાળવી અને ક્ષમતાને અનુભવવી એક કળા છે. તલ અને તેલના રૂપક સાથે મારે એક વાત સ્પષ્ટ કરવી છે કે આજના માતા-પિતા પોતાના સંતાનમાં કેટલું હીર પડયું છે તે પારખ્યા વગર પોતાની આશા, આકાંક્ષા અને અપેક્ષાઓની ઈમારત ચણવા લાગી પડે છે. પોતાની ઈચ્છા, અપેક્ષાને ખ્યાલમાં રાખી, પોતાની રહી ગયેલ અધૂરી ઈચ્છાને પાર પાડવા પોતાના સંતાનનો ભોગ લેવાતો હોય તેવું પણ ઘણી વખત જોવા મળે છે. પોતે નથી ભણી શકયા તેનો વસવસો સતત ખટકયા કરતો હોય છે પછી પોતાના સંતાનમાં તેનું પ્રત્યારોપણ કરી ઉધામાં શરૂ કરે છે.

સારી શાળા, સારા શિક્ષકોની શોધ કરી મોંઘામાં મોંઘા ભાવનું શિક્ષણ અપાવવા કમર કસે છે. પછી ભલે તેના માટે ખેતર વેચવું પડે. મોટા ભાગના માતા-પિતા પોતાના સંતાનને ડૉકટર, એન્જિનિયર કે વકીલ બનાવવાના પ્રયત્ન કરે છે. તે માટે જરૂર પડે તો મોંઘા ટયૂશનો પણ બંધાવે છે. પણ એ નથી જોતા કે ગમે તેટલી સમૃધ્ધ શાળા હોય, શાળાના શિક્ષકો ઉત્તમમાં ઉત્તમ હોય, શાળાનું પર્યાવરણ સુંદર હોય, બાગબગીચામાં વિવિધ ફૂલો ખીલ્યા હોય બધું જ્ઞાનપોષક અને જ્ઞાનવર્ધક હોય પણ પોતાના સંતાનમાં આ બધાનો ભાર જીલી તેનો લાભ લેવાની તાકાત ન હોય તો તેના માટે સારી કે નરસી શાળાનું કોઈ મૂલ્ય રહેતું નથી. આપણે સૌ જાણીએ છીએ કે સમૃધ્ધ જમીનમાં અંકુર વગરનું બીજ વાવીએ તો અંકુર ફૂટવાની આશા રહેતી નથી.

બાળકના વિકાસને કોઈ બંધનો ન નડવા જોઈએ. માતા-પિતાની ઈચ્છાના બંધનો બાળકોને ઘણી વખત આપઘાત કરાવે છે. શિક્ષણ બંધન મુકત હોવું જોઈએ. તેનામાં પડેલ વિવિધ ક્ષમતાને ધ્યાનમાં રાખી રસ, રુચિ કે અભિરુચિનો ખ્યાલ રાખ્યા વગરનું શિક્ષણ કોઈ નક્કર પરિણામ આપી શકતું નથી. ચાલી શકે તેવી ક્ષમતા ધરાવનાર બાળકને તેડીને ફરવું, તેના માટે અભિશાપ બને છે. તેના માટે જરૂર પડે તો આંગળીનો ટેકો જરૂર આપવો જોઈએ. માતા-પિતા સંતાનના શિક્ષણમાં પોષક જરૂર બની શકે પણ શોષક નહીં. માતા-પિતા કે શિક્ષક બાળકને ભણાવવાનો નથી પણ ભણતો કરવાનો છે. કેટલાંક પ્રેરણાત્મક અને ઉત્સાહ પ્રેરક પ્રતિપોષણો આપીને સ્વંય પ્રકાશિત કેમ થાય તે જોવાનું છે.

પડોશના હોશિયાર બાળકની સાથે સતત પોતાના સંતાનની તુલના થયા કરે, ઘરમાં નાના-મોટા ભાઈ-બહેનની હોશિયારી સાથે તુલના થયા કરે તો બાળકને ઘણી વખત પોતાનું અપમાન થતું હોય તેવો અનુભવ સતત થયા કરતો હોય તો પણ તે વધુ ને વધુ નાસીપાસ થઈને હતોત્સાહ કે નિરાશ બની અરસિક બની જાય છે. પછી તેને રખડું, બુદ્ધુ કે બુડથલ જેવા શબ્દો જ આપે છે. બાળક હંમેશા માતા-પિતા કે શાળાના શિક્ષક પાસે પ્રશંસા , કદર કે પ્રોત્સાહનની અપેક્ષા રાખતું હોય છે. ચિંધાયેલા સારા કામની સફળતા બદલ તે ધન્યવાદ કે અભિનંદનના બે શબ્દોની અપેક્ષા રાખતું હોય છે. આમ હકારાત્મક પ્રતિભાવો તેનામાં તેલ પુરવા જેવું કામ કરે છે. શિક્ષણની આટલી વાત કર્યા પછી મૂળ

વાત પર આવું.

દિનેશ છત્રોલા ભાવનગરની કુંભારવાડાની નગર પાલિકા શાળાનો એક સામાન્ય શિક્ષક પણ શિક્ષણ પ્રિય વાચક અને સંગીતમાં કૌશલ્ય ધરાવતો મારી પી.ટી.સી કૉલેજનો એક વિદ્યાર્થી નવું નવું જાણવું, વાંચવું અને વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં માહિર, શાળાની પ્રાર્થનામાં હાર્મોનિયમના સ્વર સાથે સ્વર મેળવી સુંદર પ્રાર્થના કરાવે, ગીતો, ભજનો ગવડાવે. શાળાની સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં રંગ જમાવે. અધિકારીઓમાં તે પ્રિયપાત્ર બની ગયો.

કુંભારવાડાની શાળામાં કયા પ્રકારના બાળકો ભણવાં આવતા હશે તેની આપણે કલ્પના કરી શકીએ છીએ. અનેક જાતિઓના વૈવિધ્ય ધરાવતા, આર્થિક રીતે પછાત, સામાજિક રીતે અને નૈતિક રીતે પણ પછાત. આમ સામાન્ય કક્ષાની શાળામાં પુત્ર મિતને ભણાવનું શરૂ કર્યું. કેટલીક કુટેવો અને કુવર્તનો કેટલાંક બાળકોના સંપર્કથી ઘરમાં દર્શન થવા લાગ્યા, મિતની મમ્મી ભાવના અકળાઈ ઊઠી. તેને સતત પીડા થવા લાગી. સોસાયટીના બાળકો મોંઘીશાળામાં ભણે. તો મારો મિત કેમ ન ભણે ? પતિ સાથે આ બાબતમાં આછો-પાતળો કયારેક સંઘર્ષ થયા કરતો હતો. ભાવનાએ કુંભારવાડાની શાળા છોડાવીને શહેરની પ્રતિષ્ઠિત અને મોંઘી ખાનગી શાળામાં ભણાવવાની હઠ પકડી.

જયારે દિનેશનો આગ્રહ કુંભારવાડાની પોતાની શાળામાં રાખીને મિતના વિકાસનું બીડું ઝડપ્યું. આ જાણીને હું રાજી થયો. જીવનના એક પડકાર સાથે બાથ ભીડવાની હિંમત અને સાહસ કરવાની તૈયારી દાખવે તે મારા માટે ગૌરવની ઘટના હતી. તેણે ભાવનાને સમજાવવાની જવાબદારી મારા પર નાંખી. એટલે મેં ભાવનાને સમજાવી.

“જો ભાવના તારી વાત તદ્દન સાચી છે. મિત બગડી ગયો છે. તારું કહ્યું માનતો નથી. તારી સામે ચર્ચા કરે છે, ખૂબ બોલે છે. તને દરરોજ રડાવે છે. ફોન પર રડતા રડતા તે મને ઘણી વખત ફરિયાદ કરે છે તે પણ મે બરાબર સાંભળી છે. ગાળા-ગાળી કરતા શાળા અને સોસાયટીના કેટલાક સામાન્યવર્ગના છોકરાં સાથે મિત રમવા જઈને ન શીખવાનું શીખીને આવે છે, ન બોલવાનું બોલતા શીખીને આવે છે, ને ઘરમાં તેની અસર જોવા મળે છે. તે વાત પણ હું સ્વીકારું છું, પણ ઘરમાં કયારેય ગાળોનો પ્રયોગ કરે છે” ?

“ ના, ઘરમાં કયારેય ગાળો બોલતો નથી.

“ તો પછી બીજાની દષ્ટિએ એટલો તો સમજદાર અને સંસ્કારી ન થયો ”?

“ પણ આગળ જતા બગડી જશે એવી મને શંકા છે.”

“ જો ભાવના, તમે બન્ને સંપથી એક થઈને, એકબીજાનો વાંક કાઢયા વગર, તેની હાજરીમાં ચર્ચા કર્યા વગર તેની કુટેવોને પ્રેમથી, સહાનુભૂતિ અને ધૈર્યથી સમજાવશો તો તેનું પરિણામ સારું જ આવશે. તમે કયારેય અકળાશો નહીં. માથે બરફ રાખીને એના વર્તનને સમજવાનો પ્રયત્ન કરશો તો બધું ઠીકઠાક થઈ જશે. પહેલાં તો તમે તમારા બાળપણને નજર સામે રાખીને અકળાયા વગર, હાથ ઉપાડયા વગર થોડું વિશેષ સહન કરી લેશો. તમે તમારા અહંને કાબૂમાં રાખશો તો બધા સારાવાના થઈ જશે. મિતનો એમાં કોઈ દોષ નથી. દોષ ઉંમરનો છે. આ ઉંમરે બધાં બાળકો આમ જ કરતા હોય છે. આ ઉંમરમાંથી પસાર થઈ ગયા પછી ધીમે ધીમે મિતનું વર્તન પણ હકારાત્મક બની જશે.

તોફાન કોને સૂઝે ? જે ગમાર છે, બુદ્ધુ છે તેને તોફાન સૂઝે ? મંદ બુદ્ધિના બાળકોને તોફાન સૂઝે ? તોફાન બુદ્ધિશાળી બાળકને સૂઝે. તોફાનમાં પણ બુદ્ધિનો પ્રભાવ હોય છે. એટલે કે તમારો મિત બુદ્ધુ નથી પણ બુદ્ધિશાળી છે. એ સિદ્ધ થાય છે. આજનો તોફાની બાળક કાલે ડાહ્યો ને સમજણો થઈ જવાનો છે એ મારા લાંબા અનુભવે તમને કહી રહ્યો છું. બન્નેએ મારી વાત સાંભળી સ્વીકાર પણ

કર્યો. ભાવના સમજદારને ગ્રેજયુએટ થયેલી હતી એટલે સમજતા સ્વીકારતા વાર ન લાગી.

મિત હજુ કિશોર અવસ્થાનો આસ્વાદ લઈ રહ્યો છે. આ ઉંમરના વિશિષ્ટ લક્ષણોમાં જેટલા લક્ષણો શિખાય એટલા તે શિખી રહ્યો છે. તેને શિક્ષણ અને સંસ્કાર પોષક વર્તનના વહેણ તરફ વાળવા માટે પિતા દિનેશે વિશેષ રસ લેવા માંડયો, મિત્ર બનીને તે મિતને જંગલમાં રખડવા લઈ જતો. શિયાળાની ઋતુમાં ચણી બોર ખાવા વિકટોરિયા ગાર્ડનમાં લઈ જતો. હાથે બોરડીના કાંટા વાગે લોહી નીકળે પણ મિત એમ નાસીપાસ થોડો થાય ?

ખાટાં-મીઠા બોર એમાંય પરસેવો પાડીને મેળવેલા એટલે તો વધુ મીઠાં લાગે. આંબળા અને કેરીની સિઝનમાં વિકટોરિયા ગાર્ડનમાં બંને તાજા ફળ પથ્થર ફેંકીને નીચે પાડવાની મઝામાં મીઠાં કેમ ન લાગે ? સવાર સાંજ નવરાશના સમયે અને રવિવારની રજામાં ખાસ બોરતળાવમાં મિતને નહાવા લઈ જાય, તરતા શીખવે અને બાપ-દીકરો કામમાં પણ સાથે જ હોય, દિનેશ હસતો જાય અને હસાવતો જાય. રમત-રમતમાં લેસન કરાવી લે. થોડો સમય મળે એટલે ઘરની બાજુમાં લીમડાના વૃક્ષ ઉપર ચડે. સોસાયટીના બાળકો સાથે વંડી કૂદના દાવ પણ રમે. હાથ-પગ છોલાય તો પણ દોડવા-કૂદવા ને પકડદાવ રમવાનું ન છોડે. આમ કુંભારવાડાની શાળામાં ભણીને બાળપણમાં રમતોનો આનંદ તેને માણવા મળ્યો. જેમ જેમ ઉંમર વધતી ગઈ તેમ તેની વિકૃત શકિતઓને સંસ્કૃત બનાવવા તરફ વિશેષ કાળજી રાખવામાં આવી તો મિત ઘણો સમજદાર થતો ગયો.

પિતા દિનેશ હાર્મોનિયમ સાથે સંગીત ગાતો હોય ત્યારે મિત શાંતિથી પાસે બેસી સાંભળતો. તેને સંગીતમાં રસ પડયો, એટલે તેણે હાર્મોનિયમ જ મિતના હાથમાં મૂકી દીધું ને સારેગમના આરોહ-અવરોહને સ્વરમાં લેવાનો પ્રયત્ન કર્યો. ધીમે ધીમે પોતાના કંઠને સૂરના સ્વરમાં મેળવતો થયો. મેળામાં તેને લઈ ગયા તો બાંસૂરી વગાડતો માણસ જોયો, પાસે ગયો. સાંભળીને બાંસૂરી ખરીદાવી, પછી તો ઘરમાં બાંસૂરીનો દેકારો થવા લાગ્યો. દિનેશે તેના દીકરાને હાર્મોનિયમના સૂરમાં સ્વર મિલન કરાવડાવ્યું. ધીમે ધીમે સ્વર પર નિયંત્રણ મેળવતો થયો. તો મિત્ર મંડળીમાં ગીતો સંભળાવતો થઈ ગયો.

એક દિવસ તેના ઘરે હિંચકા પર અમે પાસે પાસે બેઠા મેં તેને એક પ્રશ્ન પૂછયો;

" મિત, તારે ભણીને શું થવું છે "?

ઘડીક તો દિગ્મૂઠ થઈને મૌન થઈ ગયો. કશું બોલ્યો નહી. મારા પ્રશ્નનો શું જવાબ આપવો તે શોધવાના અવઢવમાં અટવાઈ ગયો. કંઈ પણ ઉત્તર ન મળ્યો એટલે મેં તેનો હાથ ખેંચી મારી નજીક લીધો, પીઠ પર હાથ ફેરવી માથા પર હાથ મૂકીને ફરી પૂછયું;

" અલ્યા મિત કેમ મૂંગો થઈ ગયો ? કેમ કંઈ બોલતો નથી ? શું તારે કંઈ જ નથી બનવું ?

" હા, મારે કંઈક તો બનવું છે.

" શું બનવું છે. બોલ તો ખબર પડે."

" મારે સારા માણસ બનવું છે."

મિત નો જવાબ સાવ ટૂંકો પાંચ અક્ષરનો જ પણ મર્મ કેટલો ઉંડો ! આ પાંચ અક્ષરના પરમેશ્વરે મને અચંબામાં નાખી દીધો. મિતના જવાબથી હું અતિ ખુશ થયો. મેં તેને ધન્યવાદ આપ્યા. સહર્ષ અભિનંદન આપી મેં તેને કહ્યું; મિત આપણે માણસ તો છીએ જ એમાં શું બનવાનું હોય ?

" ના, એમ નહીં દાદા, મારે તો સારા માણસ બનવું છે.

" સારા માણસ એટલે કેવા માણસ ? ચોખ્ખા ને સુંદર કપડાં પહેલા હોય તેવા કે પછી તંદુરસ્ત અને રૂપાળા લાગતા હોય તેવાં "?

" નાં , એમ નહીં બીજા કરતા હું કંઈક જુદો લાગતો હોંઉ ને બધા મને ચાહે, હું બધા ને ગમુ, બધા મારા વખાણ કરે તેવો માણસ બનવા માંગુ છું."

" શાબાશ બેટા, તે માટે તું શું કરી શકીશ "

" મન દઈને ખૂબ ભણીશ, ભણવામાં સૌથી વધુ ધ્યાન આપીશ ને શાળામાં નંબર લાવીશ. તે માટે શાળાની તમામ પ્રવૃતિઓમાં હોંશભેર, ઉત્સાહથી ભાગ લઈશ ને મારા કામથી ગુરુજનોને સંતોષ આપીશ."

આ નાનકડાં કિશોરની તમન્ના તો જુઓ. એક વાત નકકી થઈ ગઈ કે મિતને ભણવું તો છે જ અને પોતાની ઈચ્છા મુજબનું ભણીને આગળ નીકળી જવું છે. તે માટે ખૂબ પુરુષાર્થ પણ કરવો છે. ગુરુજનોના પ્રિયપાત્ર બની શાળાકીય પ્રવૃતિઓમાં ભાગ લઈ સૌની આગળ નીકળી જવાની તીવ્ર તમન્ના પણ છે. ઘરમાં માતા-પિતા તરફ થી માન-પાન આદર સત્કાર, પ્રોત્સાહન અને પ્રેરણા મળતા રહે તેવી તીવ્ર ઝંખના પણ છે.

આજ સુધી કુંભારવાડાની સામાન્ય શળામાં ભણ્યો પણ હવે તેણે કોઈ માધ્યમિક હાઈ સ્કૂલ પસંદ કરવાનો પ્રશ્ન આવ્યો. હવે મોંઘુ શિક્ષણ શરૂ થયું. મિતે પહેલાથી જ નક્કી કર્યું હતું કે સ્કૂલમાં ભણાવે તેના પર જ વિશેષ ધ્યાન આપવું. અને કોઈ પ્રકારના અલગથી ખાનગી ટ્યૂશનમાં ન જવું. જાતમહેનત-જિંદાબાદ. પિતાએ પ્રોત્સાહન આપ્યું. માતાને થયું કે ટ્યૂશન વગર કેમ ચાલશે ? ઉત્તમ પરિણામ માટે ટ્યૂશન રાખવું જ પડશે.

મિત પૂર્ણ આત્મવિશ્વાસ અને ખુમારી સાથે કહેતો કે ટ્યૂશન વગર હું આગળ નીકળું તો જ કામનું . ટ્યૂશનમાં સમય બરબાદ કરવાનું ટાળ્યું. તેના બદલે જાતે જ મહેનત કરી ઉંચો રેંક લાવું તો જ ખરો. પ્રાથમિક શિક્ષણમાં ઠાગાઠૈયા કરતો મિત માધ્યમિક શાળામાં આવ્યો પછી ગંભીર બની ગયો અને બાર બાર કલાક વાંચન શરૂ કર્યું. રાતના બાર-એક વાગ્યા સુધી મહેનત કરતો ને સવારે મોડો ઊઠતો. આળસ આવે એટલે એદી બનતો ગયો. માથાનો દુઃખાવો શરૂ થયો. શરદી-ખાંસી શરૂ થયા. તાવ પણ આંટો મારી જવા લાગ્યો.

એક દિવસ ભાવનગર જવાનું થયું એટલે તેની માતા એ મને ફરિયાદ કરી. " વધુ પડતા ઉજાગરા અત્યારથી જ કરીને તબિયત બગડશે તો કેમ આગળ જવાશે "? વાત પણ સાચી હતી. વહેલા સૂઈને વહેલા ઉઠવાના ફાયદા અંગે મિતને વાત કરી. તેણે પકડી લીધી ને વહેલા સૂઈને વહેલા ઊઠવાનું શરૂ કર્યું. સવારની તાજગીનો અનુભવ થયો. નથી યાદ રહેતું એવો પ્રશ્ન ટળી ગયો. આ ક્રમ તેણે સતત આખું વર્ષ ગંભીરતાથી જાળવી રાખ્યો. પરીક્ષા સમયે કોઈ પણ પ્રકારની ફરિયાદ પેદા ન થઈ. સ્વાસ્થ્ય સારું રહ્યુંને બોર્ડની પરીક્ષામાં તે વિજ્ઞાન શાખામાં ૯૬ પર્સન્ટાઈલ મેળવી પાસ થયો. ખુશખુશાલ થઈ ગયો. ભણવાનો ઉત્સાહ વધ્યો. કુટુંબમાં આનંદ અને ખુશાલી છવાઈ ગઈ.

સારી શાળાથી જ સારું પરિણામ મેળવી શકાય એ સત્ય નથી. સાચી રીતનો પુરુષાર્થ અને પોતાની જાત પરના આત્મવિશ્વાસથી આગળ વધાય છે તે જાત અનુભવે સિદ્ધ થાય છે. ઘરમાં સતત હકારાત્મક પોષણ મળતું રહે, ભણવા માટે પૂરી ભૌતિક સુવિધા મળતી રહે, સમયસર પોષણક્ષમ ખોરાક મળતો રહે પછી તલમાં તેલવાળા વિદ્યાર્થીને બીજું શું જોઈએ ? ભણવાની, આગળ નીકળવાની તમન્ના પોતાના પુરુષાર્થ પર વિશ્વાસ અને દ્રઢનિશ્ચય હોય તો ધાર્યું પરિણામ આવે જ.

આજે મિત વિદ્યાનગરની એન્જિનિયરિંગ કૉલેજમાં ભણે છે. ત્યાં પણ એણે પાતાની આવડત, મિલનસાર સ્વભાવ અને તેલનો પ્રભાવ અધ્યાપકો ઉપર પેદા કર્યો છે. બાંસૂરીવાદક મિત તરીકે વિશિષ્ટ ઓળખાણ પેદા કરી દીધી છે. વિકાસના અભિનંદનને પાત્ર છે માતા અને પછી પિતા. પ્રેમાળ માતાએ ધૈર્યથી તેની સાથે કામ લીધું. સતત તેના પર વિશેષ કાળજી લીધી અને પિતાનું નિષ્ઠાપૂર્વકનું સતત જાગૃતિ પૂર્વકનું માર્ગદર્શન મળતું રહ્યું. માતા-પિતાએ પ્રથમથી જ તલનું તેલ પારખી લીધું અને તેના રસ, રુચિ,વલણ તરફ સહાનુભૂતિ પૂર્વકની કાળજીએ મિતના સ્મિતને ખિલવી દીધું.

# સદીઓનું શાણપણ-હથેળી પર !

**હરેશ ધોળકિયા**

ભુજ-કચ્છ.

કોઈ પુસ્તક પ્રકાશિત થાય તે કોઈ નવાઈની વાત નથી. કદાચ આનંદની વાત છે. પણ કયારેક કોઈ એવું પુસ્તક પ્રકાશિત થાય જે, હાથમાં આવે તો, અતિ આનંદ થાય. વાંચીને ધન્ય થઈ જવાય. ફરી ફરીને વાંચવાનું અને વાગોળવાનું મન થાય. આવાં પુસ્તકો બહુ ઓછાં પ્રકાશિત થતાં હોય છે. તેથી એક જિજ્ઞાસુ વાચકને આવું પુસ્તક પ્રકાશિત થાય તેની ખૂબ ઉત્સુકતા રહેતી હોય છે. જયારે તે પ્રકાશિત થાય છે, ત્યારે તે ગેલમાં આવી જાય છે અને બીજી જ પળે તેને માણવા બેસી જાય છે. વારંવાર માણે છે. આવું એક પુસ્તક તાજેતરમાં-૨૦૧૮ ની શરૂઆતમાં જ - પ્રકાશિત થયું છે.

ગુજરાતમાં એક સરસ યુવા સંસ્થા છે. તેનું નામ ''ઓએસીસ'' છે. સંસ્થા પણ યુવા છે. તેના સંચાલકો પણ યુવાનો છે અને તેઓ કામ પણ યુવાનો માટે કરે છે. સંજીવ શાહ અને તેના સાથી મિત્રોએ સાથે મળી તેની સ્થાપના કરી છે અને કામ માટે આખા ગુજરાતમાં ફરી વળે છે અને ખાસ કરીને યુવાનોને અને અન્યોને પણ જીવનનો અર્થ સમજાવતી પ્રવૃતિઓ કરે છે. આ કામ કરવા સાથે તેઓ આ જ હેતુને વધારે સ્પષ્ટ કરવા માટે આ હેતુને સમજાવતાં વિશ્વમાં પ્રગટ થતાં ઉત્તમ પુસ્તકોને શોધી, તેનો અનુવાદ કરી તેને સરળ ભાષામાં ગુજરાતના વિચારકો, યુવાનો અને જીવનને સમજવા મથતા સાધકોને આપે છે. અત્યાર સુધી આવાં નાનાં મોટાં લગભગ નેવું જેટલા પુસ્તકો તેમણે પ્રકાશિત કર્યાં છે જેમાંનાં મોટા ભાગનાં પુસ્તકો કે પુસ્તિકાઓ ખૂબ જ લોકપ્રિય થયેલ છે. તેમની એકથી વધારે આવૃત્તિઓ થયેલ છે. તેનાથી પ્રેરાઈને તેના મુખ્ય સંયોજક શ્રી સંજીવ શાહ સતત આવાં પુસ્તકો શોધી આપણને આપ્યા કરે છે.

આવાં પુસ્તકોની યાદીમાં ભાઈ સંજીવે એક નવું પુસ્તક પ્રકાશિત કરેલ છે. તેનું નામ છે ''સદીઓનું શાણપણ.'' ખૂબ જ દળદાર પુસ્તક છે. ખાસ્સું ચારસો પાનાનું. ઉપાડવામાં પણ તાકાત જોઈએ તેવું. પણ જો એક વાર હાથમાં લેવાય અને વાંચવાનું શરૂ કરાય, તો પછી નીચે મુકવું અશકય છે. ખૂબ રસિક અને વિચારપ્રેરક પુસ્તક છે. મૂળે આ પુસ્તક રશિયન લેખક ટોલ્સટોયનું છે. ટોલ્સટોય મુખ્યત્વે તેમની નવલકથા 'એના કેરિનીના' અને યુદ્ધ અને શાંતિ'' થી જાણીતા છે. આપણા ગાંધીજી પણ તેમના ચાહક હતા. આમ તો તે મુખ્યત્વે સાહિત્યકાર હતા. નવલકથાઓ અને વાર્તાઓ લખતા હતા, પણ થોડાં વિચારપ્રેરક પુસ્તકો પણ લખેલ છે. ૧૮૫૫માં તેમને વિચાર આવ્યો કે વર્ષના દરેક દિવસ માટે વિશ્વના શ્રેષ્ઠ મહામાનવો શાણપણભર્યા વિચારોનું એક સંકલન હોવું જોઈએ. અને તેમણે આ પુસ્તક પર કામ કરવાનું શરૂ કર્યું. પંદર વર્ષ સુધી વિચારો એકત્રિત કર્યા. ૧૯૦૨માં પુસ્તક લખવાનું શરૂ કર્યું. બે વર્ષ પછી તે ''થોટ્સ ઓફ વોઈસ મેન'' નામે પ્રકાશિત થયું. છેલ્લે ૧૯૧૨માં તે ''કેલેન્ડર ઓફ વિઝડમ'' નામે પ્રકાશિત થયું અને ખૂબ જ લોકપ્રિય થયું. પછી સામ્યવાદી સરકારે વર્ષો સુધી તેના પર પ્રતિબંધ મૂકયો. છેક ૧૯૯૫માં ફરી પ્રકાશિત થઈ ગયું. ત્યારે તે એટલું લોકપ્રિય થયું કે તરત જ તેની ત્રણ લાખ નકલો વેંચાઈ ગઈ. અંગ્રેજી અનુવાદ થવાથી સમગ્ર વિશ્વમાં પ્રસરી ગયું. સંજીવના હાથમાં આવ્યું અને તેને પણ ગમી ગયું અને ''ગમતાનો કરીએ ગુલાલ'' ન્યાયે તેણે તેનું આ નામે ગુજરાતીમાં ભાષાંતર કરી નાખ્યું છે.

આ પુસ્તક કોઈ સામાન્ય વાર્તા-નવલકથાનું નથી. ત્રણસો પાંસઠ દિવસ રોજ વિચાર કરવા માટેનું પુસ્તક છે. એટલે તેને 'રોજિંદા ધ્યાન' નું પુસ્તક કહી શકાય. ટોલ્સટોયે વીણી વીણીને, ચાળી ચાળીને, ચાખી ચાખીને એકઠા કરેલ રોજના એક વિષય પર વિચારો મૂકયા છે અને પાછા રોજ એક જ વિચાર નથી આપ્યો. તેણે રોજે રોજ ઓછામાં ઓછા પાંચેક વિચારો તો આપ્યા જ છે. એટલે સમગ્ર પુસ્તકમાં લગભગ ૧૯૫૦ જેટલા વિચારો મૂકયા છે. કલ્પના કરાય કે રોજ જો સવારના પહોરમાં નવા પાંચ-સાત વિચારોની સુગંધ માણવા મળે, તેને વિચારવાનું સદ્ભાગ્ય મળે, તો આખો દિવસ સુધરી જાય ? પળે પળ આ વિચારોને વાગોળવાની અદ્ભુત તક ન મળે?

આ પુસ્તકની બીજી ખાસિયત એ છે કે ટોલ્સટોયે - અથવા આપણા માટે સંજીવે — વિશ્વના ઉત્તમ વિચારકોના વિચારો પીરસીને આપ્યા છે. આગળ કહ્યું ને તેમ ''ચાખી

ચાખીને !'' ટકોરાબંધ વિચારો પસંદ કર્યા છે. એક પણ નકારાત્મક વિચાર તો નથી જ, પણ એક એક વિચાર સર્વોત્તમ ચિંતનની તક પૂરી પાડે છે. ટોલ્સટોયે પંદર વર્ષની મહેનત કરીને વિશ્વના લગભગ એકસો બત્રીસ ઉત્તમ વિચારકોના વિચારો આપણને આપ્યા છે. કેવા કેવા વિચારકો દેખાય છે તેમાં ! કાન્ટ, ઓમાર ખય્યામ, મનુ, બુદ્ધ, મિલ્ટન, પાસ્કલ, રામકૃષ્ણ, રસ્કિન, શેખ શાદી, શોપનહેયર, સોક્રેટીસ, હર્બટ સ્પેન્સર, થોરો, લાઓત્ઝે વગેરે વગેરે અનેક એક એકથી ઉત્તમ વિચારકો આપ્યા છે. તો કુરાન, તાલમુંડ, બાઈબલ, ઉપનિષદો, અરબી કહેવતો વગેરેમાંથી પણ ઉત્તમ પસંદ કરી આપેલ છે.

અને વિષયો ! વિષયોનું વૈવિધ્ય તો વાચકને ચકિત જ કરે છે. તેની યાદી માત્ર સ્તબ્ધ કરી દે છે. અહોહો ! કેવા કેવા વિષયો છે : પુસ્તકો, અધ્યાત્મ, ધર્મ, ઈશ્વર, બુદ્ધિ, સ્વતંત્રતા, સારપ, મૃત્યૃ, યુદ્ધ, પ્રેમ, માંસાહાર, ધનવાન, આત્મા, પ્રાથના, શ્રમ, લગ્ન, એકાંત, દુઃખ, વિજ્ઞાન, વિદ્વાન, વ્યસન, દલીલ, સુધારા, બાળપણ, ભૌતિકવાદ....કેટકેટલા નોંધવા ? થાકી પડાય, ખાલી યાદી પણ જોઈએ તો ! અને દરેક વિષય પર ઓછામાં ઓછાં પાંચ વિચારો તો છે જ. એક વિચાર પણ એટલો ચિંતનક્ષમ છે કે તેને વિચારતાં અને સમજતાં પણ દિવસો નીકળી જાય, તો પાંચેક વિચારોને સમજતાં તો કેટલો સમય લાગે ? અને તો એક દિવસનું પાનું જ વાંચતાં — સમજતાં કેટલો સમય જાય ? અને તો આખું પુસ્તક તો કયારે પૂરું થાય ? એટલે ભલે આ પુસ્તક આખા વર્ષ માટે દૈનિક ચિંતન માટે તૈયાર કરેલ છે, પણ હકીકતે જો તેનો વિચાર પૂર્વક અને વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો આ પુસ્તક સમગ્ર જીવન સુધી ચાલે તેવું છે. અને માની લો કે, તે એક વાર વંચાઈ ગયું, તો શું પૂરું થઈ ગયું ? ના રે, તેને ફરી વાંચવાની ફરજ પડે જ ! એક વારમાં ઓછું સમજાઈ જાય. અને એક વાર પૂરું થાય ત્યાં સુધી વાચકની બુદ્ધિ અને સમજ પણ બદલાઈ ગઈ હોય. વિકસી ગઈ હોય. તેના અજવાળામાં આ વિચારો ફરી નવા સંદર્ભમાં દેખાય અને તે સંદર્ભ ફરી વાંચવા પડે. એટલે આ પુસ્તકનું વાચન એક દૈનિક જ નહીં, આજીવન પ્રક્રિયા બની જાય અને તે ધાર્મિક પુસ્તકો જેમ પઠનીય બની જાય.

બધા જ સંદર્ભમાં આ પુસ્તક નવીન અને અદ્ભુત છે. વિચારોનો વિશાળ ખજાનો છે. નવ્વાણું ટકા વાચકો પણ વિશ્વના બધા જ વિચારકોનાં પુસ્તકો વાંચી શકવાના નથી. એટલે તેમનો પરિચય થવાનો નથી. પણ આ પુસ્તકનો સત્સંગ કરો, તો વિચારકો ના વિચારોનો સારાંશ તો ચોકક્સ જાણી શકે. વિચારકોના મનની ઝાંખી તો ચોકક્સ કરી શકે. ટૂંકા જીવનમાં પૂરતું ગણાય. કંઈ ન મળવા કરતાં કશુંક તો મળે ! ભલે સમગ્ર આકાશનું દર્શન ન કરી શકાય, પણ બારીમાંનું આકાશ તો માણી શકાય ! દરરોજ સવારે તૈયાર થઈને કે રાત્રે સૂવા જતા પહેલાં આ પુસ્તકનું એક પાનું, અરે, એક વિચાર પણ વંચાય, કે વાગોળાય, તો પણ દિવસ કે રાત મધુર બની જાય. અને વિચારવા જેવી મસ્તી બીજી કઈ હોઈ શકે ?

પુસ્તકમાંના પેસિફિક મહાસાગરના ઊડાણ જેટલા વિચારોમાંથી થોડા વિચારોનું આચમન કરીએ તો પણ દિવસ સુધરી જશે તેની ખાતરી.

— "શ્રેષ્ઠ પુસ્તકો વાંચી લેજો, નહીં તો તમને ખબર પડશે કે તમારી પાસે હવે સમય નથી."

— "આળસના કારણે ખૂબ ઉત્કૃષ્ટ અને અસામાન્ય કહી શકાય તેવી પ્રતિભાઓ નાશ પામે છે."

— "સત્યને ઘણીવાર તે સ્વીકારાય ત્યાં સુધી હજારો અવરોધો પસાર કરવા પડે છે."

— "બીજા લોકોને દોષ આપવો તે કેટલાક લોકોની મનોરંજક પ્રવૃતિ છે."

— "તમારે વધુ અભ્યાસ કરવો જોઈએ જેથી તમે જાણી શકો કે તમે કેટલું અલ્પ જાણો છો."

વધારે વિચારો આપવાનો લોભ જતો કરી એટલું જ કહેવાની ઈચ્છા થાય છે કે જેઓ પણ વિચારને પ્રેમ કરે છે, જીવનને પ્રેમ કરે છે, ઉત્તમ જીવનની ઝંખના ધરાવે છે, તેમના માટે આ ડહાપણભર્યું, શાણપણથી છલકાતું પુસ્તક વાંચવું અનિવાર્ય છે. તેનો સત્સંગ જીવનના દરેક દિવસને, ના-દરેક પળને ધન્ય અને આનંદમય બનાવશે તેની ખાતરી આપી શકાય.

આવું મસ્ત પુસ્તક આપવા બદલ ટોલ્સટોયને અને આપણા સંજીવ શાહને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

# શ્રીમંતાઈ : પીડ પરાઈ ન જાણે રે

**સોપાન જોશી**

**આપણા દેશના દસ ટકા અમીર લોકો પાસે દેશની કુલમાંથી ૭૪ ટકા જેટલી સંપત્તિ છે તો બાકીના ૯૦ ટકા લોકો પાસે મળીને માત્ર ૧૬ ટકા. આ વાત પણ જો કે હવે આશ્ચર્ય પમાડનારી નથી રહી એટલી જાણીતી થઈ ગઈ છે. (સંપૂર્ણ લેખ, સપ્રેસ, ૧-૨-૧૮) બીજી બાજુ દેશમાં જાહેર વહીવટ અને કાયદો, વ્યવસ્થાની સ્થિતિ એવી છે કે જાણે સત્ય અને પ્રમાણિકતાના પાઠ ગરીબ અને મધ્યમવર્ગે જ ભણવાનાં હોય, શ્રીમંતો માટે તો એ જે કરે તે બધું જ ભગવાન (અને સરકાર પણ) માફ કરી દેવાના હોય ! 'મેરા ભારત મહાન'માં પ્રવર્તતા આટલા વિરોધાભાસ પછી પણ માલેતુજાર વર્ગે ગરીબોને મદદ કરવાની આવે ત્યારે.....?! અત્યાર સુધીની આપણી બધી માન્યતાનો છેદ ઉડાવી દે તેવો જવાબ આપે છે મનોવૈજ્ઞાનિક સંશોધકો સભર આ લેખ...**

એક વાર ગાંધીજીને અમદાવાદમાં એક વિદેશી પાદરી મળ્યા. તેમણે ગાંધીજીને પૂછ્યું, ''શ્રીમાન ગાંધી, એવી કઈ બાબત છે, જે તમને સૌથી વધુ આશ્વાસન આપે છે ?'' ગાંધીજીએ જવાબ વાળ્યો, ''ભારતની પ્રજાને કોઈ કેટલું પણ પરેશાન કરી લે, પરંતુ તેઓ પોતાની અહિંસાવૃત્તિ નથી છોડતા. મને આ જ બાબત સૌથી વધુ આશ્વાસન આપે છે.''

એ પછી પાદરીએ પૂછ્યું, ''એવી કઈ બાબત છે, જે તમને સતત ચિંતાગ્રસ્ત રાખે છે ?'' ગાંધીજીએ કહ્યું, **''શિક્ષિત લોકોમાં દયાભાવના સૂકાઈ ગઈ છે, એ વાતથી હું હંમેશા ચિંતિત રહું છું.''**

આ થોડી વિચિત્ર વાત છે. બધી જ જગ્યાએ એવું કહેવા-માનવામાં આવે છે કે શિક્ષણથી માનવીનો ઉદ્ધાર થાય છે, તેનામાં સારાં મૂલ્યોનું સિંચન થાય છે. જો કોઈ ડૉકટર — એન્જિનિયર સાથે કોઈ અન્યાય થાય તો તેમની આપવીતી અખબારોમાં મોટાં મોટાં મથાળાં આપીને પ્રકાશિત થાય છે. આ જ ઘટના કોઈ ગરીબ વ્યકિત સાથે બને તો તેના સમાચાર ખૂણે-ખાંચરે નાની કોલમમાં છપાય છે, અથવા તો છપાતાં પણ નથી.

એવી જ રીતે એવું પણ માની લેવામાં આવ્યું છે કે શ્રીમંત અને સંપન્ન વર્ગ ગરીબ લોકોની સરખામણીએ વધુ ન્યાયસંગત હોય છે, તેઓ ગરીબોની સરખામણીએ ઓછું અસત્ય બોલે છે, કારણ કે શ્રીમંત લોકોને એવી મુશ્કેલીમાં કયારેય મુકાવું પડતું નથી, જેમાં દીનદુખિયાઓને રોજબરોજ પીસાવું પડે છે. જેઓ પાસે પોતાની ઈચ્છા આપૂર્તિના સંસાધનો હોય છે, તેમનામાં આક્રોશ અને સંકિર્ણતા ઓછા પ્રમાણમાં હોય છે, અને આવી સંપન્નતા ધરાવનારાઓને લોકો પ્રત્યે કરુણા પણ ઉપજશે, જેમની પાસે ઈચ્છા આપૂર્તિના સંસાધનો નથી હોતા.

તો શું આ ઉપરથી આપણે એવું માની શકીએ કે પાખંડ અને ચોરીના ત્રાજવે અમીર અને ગરીબીના વજનિયા મૂકીને જોઈએ તો પલડું ગરીબી તરફ જ નમશે !

ના, જો આપણે આ સ્વીકારી લઈએ તો તે બિલકુલ ખોટું હશે. કારણ કે કેટલાંક અમેરિકન મનોવૈજ્ઞાનિકોનું સંશોધન આનાથી બિલકુલ વિપરીત બાબત સૂચવે છે. આ સંશોધન ગાંધીજી જે વાત કહેતા હતા તેને પણ ટેકો આપે છે. તેમનું સંશોધન કહે છે કે જેમ જેમ લોકો પાસે ધન વધતું જાય છે અને ધનાઢય વર્ગની સંગતિમાં જ રહેવા લાગે છે, તેમ તેમ તેમનામાં કરુણાની લાગણી ઓછી થતી જાય છે. અમેરિકાના બર્કલી નામના શહેરના આ બંને વૈજ્ઞાનિક સામાજિક વર્ગ, ધન-સંપત્તિ , હોદ્દા, વ્યવસાયના ઠાઠમાઠ અને ઉચ્ચ શિક્ષણ દ્વારા કેવી રીતે બીજા પ્રત્યેની તમારી લાગણી બદલાય છે તે અંગે સંશોધન કરવા ઈચ્છતા હતા અને આ માટે તેમણે અનેક પ્રકારના પરીક્ષણો પણ કર્યા.

આવું એક પરીક્ષણ ભીડભાડભરી જાહેર જગ્યાએ પણ કરવામાં આવ્યું. બંને મનોવૈજ્ઞાનિક જાણવા ઈચ્છતા હતા કે કયા પ્રકારની ગાડી ચલાવનારાંઓનો વ્યવહાર કેવો હોય છે. તેમણે જાણ્યું કે જેઓ આલિશાન અને મોંઘીદાટ ગાડીઓ ચલાવે છે, તેઓ ઉતાવળમાં બીજાની-ખાસ કરીને જેઓ શાંતિપૂર્વક પોતાનો વારો આવે એની રાહ જોતા હોય તેવાં લોકોની-ગાડીની જગ્યા પચાવી લે છે. આવી આલિશન ગાડીના

ચાલક તરીકે સ્ત્રી હોય કે પુરુષ, પરંતુ તેમના વર્તનમાં કોઈ ફરક પડતો ન હતો. આ બાબતે બન્ને સમાન પ્રકારનું વર્તન કરતા હતા. દિવસના કોઈ પણ સમયે તેમનું વર્તન આવું રહેતું, ટ્રાફિકની હળવાશ કે ગીચતાને પણ તેઓ ધ્યાનમાં લેતા નહોતા. મોંઘીદાટ ગાડી ચલાવનારાઓ સ્વભાવિક રીતે જ બીજાના અધિકારો પર તરાપ મારતા જણાયા. અન્ય એક પરિક્ષણમાં સંશોધકોએ એ પણ નોંધ્યું કે આલિશાન ગાડીઓના ચાલક રસ્તો ઓળંગતા રાહદરીઓની પાસેથી ખૂબ જ ઝડપથી ગાડી હંકારતા હતા. તેમની તુલનાએ સામાન્ય ગાડી ચલાવનારાં રાહદરીઓને રસ્તો ઓળંગવા માટે જગ્યા પણ આપતા અને તેઓ રસ્તો ઓળંગી જાય ત્યાં સુધી રાહ પણ જોતા હતા.

આપણા આ મનોવૈજ્ઞાનિકો એ પણ જાણવા ઈચ્છતા હતા કે **સ્વાર્થથી સાધન-સંપતિ વધે છે કે પછી સાધન-સંપતિ વધવાથી સ્વાર્થનો પ્રવેશ થાય છે.** આ માટે તેમણે કેટલાંક સ્વંયસેવકો સાથે એક પ્રયોગ કર્યો, જેમાં બીજા વર્ગોના લોકો પ્રત્યે તેમની લાગણીઓને તપાસવાની હતી. આ પ્રયોગ અર્થે સ્વંયસેવકોને તેમનાથી વધુ અમીર અને વધુ ગરીબ લોકો અંગે વિચારવાનું કહેવામાં આવ્યું. જેથી વર્ગોનો તફાવત તેમની ચેતનામાં બેસી જાય. ત્યારબાદ તે તમામ સ્વંયસેવકોને મીઠાઈથી ભરેલું એક-એક પાત્ર આપવામાં આવ્યું અને કહેવામાં આવ્યું કે તેઓ ઈચ્છે તેટલાં મિષ્ટાન્ન તે પાત્રમાંથી લઈ શકે છે અને તે પાત્રમાં તેઓ જેટલા મિષ્ટાન્ન બાકી રાખશે, તે આસપાસના બાળકોને વહેંચી દેવામાં આવશે. હવે જે સ્વંયસેવકો પોતાને અન્ય કરતાં ઘણાં વધુ સાધન-સંપન્ન અને શ્રીમંત સમજતા હતા, તેમણે અન્ય લોકોની સરખામણીએ પાત્રમાંથી વધુ મીઠાઈઓ લીધી અને બાળકો માટે ઘણી ઓછી મીઠાઈઓ બાકી રાખી. ટૂંકમાં, **જેઓ પોતાને બીજા કરતા વધુ અમીર માનતા હતા, તેમનામાં અન્ય પ્રત્યેની સદ્ભાવના ઓછી જણાઈ.**

આ જ રીતે આ મનોવૈજ્ઞાનીઓએ એક ઓર પ્રયોગ કર્યો. જેનો હેતુ કટોકટીમાં ફસાયેલા લોકો પ્રત્યે કયા વર્ગને વધુ કરુણા અને સહાનુભૂતિ હોય છે, તે તપાસવાનો હતો. આ પ્રયોગના અંતે તેઓએ અમીર-શ્રીમંતની સરખામણીએ સામાન્ય તબકકાના લોકોમાં અન્ય પ્રત્યે લાગણી વધુ હોવાનું જાણ્યું. તેઓએ આ બન્ને વર્ગોમાં થતી વાતચીતને જાણી અને તેમાં જે વાકયો સહજ સ્વીકાર્ય લાગી રહ્યા હતા, તે કાંઈ આ પ્રમાણે હતા, ''મારું ધ્યાન વારંવાર એ લોકો ઉપર જાય છે, જેમને મદદની જરૂર હોય છે.' અથવા 'નબળા લોકોની મદદ કરવી જોઈએ' આ લાગણી વર્ગ પર આધારીત છે, નહી કે ધર્મ, લિંગ કે જાતિ પર. કારણ કે આ વાકયો સામાન્ય વર્ગના લોકોએ વધુ ઉચ્ચાર્યા હતા.

એવાં જ એક અન્ય પરીક્ષણમાં આ મનોવિજ્ઞાનીઓએ વિશેષ ચલચિત્રો જોઈ રહેલાં કેટલાક લોકોના હૃદયના ધબકારા માપ્યા. એક ચલચિત્રમાં એક વ્યકિત આંગણું સજાવી રહ્યો હતો તો બીજા ચલચિત્રમાં કેન્સર પીડિત કેટલાંક બાળકો દેખાઈ રહ્યા હતા. બન્ને ચલચિત્રો દર્શાવ્યા બાદ પ્રયોગપાત્ર લોકોને પૂછવામાં આવ્યું કે બંને ચલચિત્રો જોતી વેળાએ તેમને કેટલી કરુણા અનુભવાઈ. આ તમામ લોકોની આર્થિક અને સામાજિક સ્થિતિ અગાઉથી જ જાણી લેવામાં આવી હતી.

**ઓછી આવક ધરાવનારાં અને ઓછું શિક્ષણ મેળવનારાંઓએ કેન્સર પીડિત બાળકો પ્રત્યે વધુ કરુણાની લાગણી દર્શાવી.** પછી વૈજ્ઞાનિકોએ તેમના દ્વારા કહેવામાં આવેલી વાતોની સરખામણી તેમના હૃદયના ધબકારાં સાથે કરી, કારણ કે ચલચિત્ર દર્શાવતી વખતે તેમના હૃદયના ધબકારાની ગતિ માપવામાં આવી હતી. તપાસકર્તાઓએ જાણ્યું કે કેન્સર પીડિત બાળકોને જોતી વખતે સામાન્ય વર્ગના લોકોના ધબકારા ધીમા પડી ગયા હતા. મનોવિજ્ઞાનીઓ એ જાણતા હતા કે **જયારે કોઈ વ્યકિત બીજાની લાગણી અને પ્રેરણાઓ પર ધ્યાન આપે છે, તો તેમના હૃદયના ધબકારા સરેરાશ કરતા ધીમે થઈ જાય છે.**

જે અન્ય લાગણી પર ધ્યાન આપે છે, તેમના માટે તેમને મદદ કરવી સહજ થઈ પડે છે. આ જ પ્રકારના વિષયો પર અગાઉ થયેલા સંશોધનો એ પણ દર્શાવે છે કે **શ્રીમંતાઈ લોકોના હૃદયને કઠોર બનાવી દે છે.** વિજ્ઞાની અગાઉ એ દર્શાવી ચૂકયા છે કે ઉચ્ચ તબક્કાના લોકો બીજાની

લાગણીઓ ઓળખવામાં નબળાં હોય છે. બીજાને હળતીમળતી વખતે તેમના પર ધ્યાન પણ ઓછું આપે છે. જયારે કોઈ બાબત ગંભીરતાથી લેવાની હોય છે, ત્યારે તેઓ સામાન્ય રીતે પોતાના મોબાઈલમાં મગ્ન થઈને અથવા તો કોઈ અન્ય મામૂલી વસ્તુથી રમતાં દેખાય છે.

એક માન્યતા મુજબ તો એવું કહેવાય છે કે સાધનોની ઉણપ કે તંગી માનવીને સ્વાર્થી બનાવી દે છે. શા માટે સંપત્તિ અને સામાજિક પ્રતિષ્ઠા અન્યો પ્રત્યેની કરુણા ઘટાડી દે છે ? પરીક્ષણ કરનારા વૈજ્ઞાનિકોને લાગે છે કે ધન અને સાધન પ્રાપ્ત થાય ત્યારે માનવી પોતાને વધુ મુકત અનુભવે છે. અન્ય લોકો પરની આધારીતતાથી મુકત થઈ જાય છે. જયારે અન્ય લોકો પરથી આપણું અવલંબન ઘટી જાય છે, ત્યારે આપણા મનમાં તેમની ભાવનાઓની કદર કરવાની બાબતનો પણ ક્ષય થતો જાય છે. અંતે આપણે સ્વકેન્દ્રી થઈ જઈએ છીએ.

આનો સીધો સંબંધ લોભથી છે.**ઉચ્ચ વર્ગના લોકો લોભને યોગ્ય માનવા લાગે છે.** આપણા મનોવૈજ્ઞાનિકે જાણ્યું કે **ધનવાન લોકો લાલચને ન્યાયસંગત ઠરાવે છે, તેને એક ઊંચુ મૂલ્ય દર્શાવે છે,** અને તેનો આધાર નૈતિક માને છે. આ પ્રકારના સંકેત વ્યકિતઓના અનૈતિક વ્યવહારોનું પૂર્વાનુમાન લગાવવામાં મદદરૂપ થાય છે. એક અન્ય પરીક્ષણમાં તપાસકર્તાઓએ મોનોપોલી નામની રમતનો આધાર લીધો. આપણે ત્યાં બોર્ડ પર રમવામાં આવતી આ રમતને વેપાર અથવા બિઝનેસના નામથી ઓળખાય છે.

કેટલાંક ખેલાડીઓને બીજાની સરખામણીએ રમકડાં પ્રકારની મુદ્રા બમણી માત્રામાં આપવામાં આવી અને પાસાં પણ એકની જગ્યાએ બે મળ્યા. એનો અર્થ હતો કે રમત શરૂ થતા અગાઉ જ તેમની પાસે અન્ય ખેલાડીઓની સરખામણીએ બે ગણી સરસાઈ હતી. જેમ જેમ આ લોકો જીતતા ગયા, તેમ તેમના વ્યવહાર અને હાવભાવ બદલાતા ગયા. વિજયી રહેનારાઓમાંથી કેટલાંકે તેનું વિશ્લેષણ આપ્યું કે, જીતમાં તેમની કુશળતાનો કેટલો મોટો હાથ છે. તેમણે એ ન વિચાર્યું કે તેમની સ્થિતિ અગાઉથી જ સરસાઈની હતી. જેમ જેમ આ વિશેષાધિકાર ધરાવનારા ખેલાડીઓ જીતતા ગયા, તેમના હાવભાવ ભડકાઉ અને આક્રમક થતા ગયા. તેમનું ધ્યાન અન્ય ખેલાડીઓની નબળાઈ પર કયારેય ન ગયું. એટલું જ નહીં જીતનારાઓએ પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરવા માટે યેનકેન પ્રકારે સ્પષ્ટતા પણ કરી. તેમનો વ્યવહાર અવિરત બેજવાબદાર અને સ્વપ્રશંસાનો થતો ગયો.

આ પરિક્ષણો કરનારા મનોવૈજ્ઞાનિકો આપણું ધ્યાન દોરે છે કે અમેરિકામાં ગરીબો અને અમીરો વચ્ચેનું અંતર સતત વધી રહ્યું છે. આ સ્થિતિમાં તેમના પ્રયોગોના તારણો સમાજ અર્થે વધુ ચિંતાજનક છે. જે લોકોના હાથમાં દેશની રાજનીતિક અને આર્થિક સત્તા છે, તેઓ ધનાઢય અને સાધનસંપન્ન પરિવારમાંથી આવે છે. જો અમીર વર્ગમાં નબળા લોકો પ્રત્યે કરુણાની કમી હોય, અને આ વર્ગના લોકો પોતાને ગરીબ લોકોથી અલગ માનતા હોય તો તેમના નિર્ણય અને નીતિઓમાં પક્ષપાત નિશ્ચિત છે.

એટલું જ નહીં, પરંતુ અનૈતિક અને ભ્રષ્ટ કામ કરવાનું તેમના માટે સતત સરળ બની રહ્યું છે. સંશોધકોનું કહેવું છે કે લાલચ માત્ર અમીરોમાં જ હોય છે એવું નથી. લાલચ દરેક મનુષ્યમાં જોવા મળે છે, પરંતુ લોભના શિકંજામાં સૌથી વધુ એ જ લોકો હોય છે જેમની પાસે સૌથી વધુ સંપતિ હોય છે.

આ પ્રકારના અભ્યાસ આપણા દેશમાં સામાન્ય રીતે થતા નથી. જો આવા અભ્યાસ થાય તો પણ આપણા વૈજ્ઞાનિક પોતાના અભ્યાસ દ્વારા પ્રગટ થયેલાં સામાજિક પાસાં સામાન્ય લોકોના સમક્ષ મૂકી શકતા નથી, પરંતુ એ તો નિશ્ચિત છે કે ગરીબ અને અમીર વચ્ચે આપણા દેશમાં ખાઈ સતત વધી રહી છે. એક આંતરરાષ્ટ્રીય બેન્કનો અંદાજ કહે છે કે આપણી કુલ વસ્તીનો દસમો ભાગ એટલો અમીર છે કે તેમની પાસે આપણા દેશની કુલ સંપત્તિનો ત્રણ-ચતુર્થાંશ હિસ્સો છે એટલે સોમાંથી દસ લોકો પાસે સોમાંથી ૭૪% ટકા જેટલું ધન છે. બાકીના ૯૦ ટકા લોકો માત્ર ૨૬ ટકાથી જ પોતાનું કામ ચલાવે છે.

આપણી શિક્ષણપદ્ધતિ પૂર્ણ રીતે ધન કમાવવા અને નોકરી મેળવવા પર કેન્દ્રીત છે. બાળકોને ખૂબ નાની વયે

એવા પ્રશ્નો પૂછવામાં આવે છે કે, તમે મોટા થઈને શું બનશો ? તેનો અર્થ એટલો જ થાય છે કે શિક્ષણનો એક માત્ર ઉદ્દેશ્ય રૂપિયાની કમાણી કરવી તે છે. ધનવાન બન્યા બાદ લોકોમાં એમ જ ગરીબો પ્રત્યે સંવેદના ઘટી જાય છે. ધનવાન માત્ર અન્ય ધનવાનની જ મદદ કરે છે. એમાં તો હવે કશું આશ્ચર્ય રહ્યું નથી કે આપણા દેશમાં શાળા અને કૉલેજનું સારું શિક્ષણ મેળવવું હોય તો ધનવાન હોવું જરૂરી છે.

આ વિશેષાધિકારની એક ઝલક મળે છે આપણા દેશમાં અંગ્રેજીને મળેલા વિશેષાધિકારથી. એક અંદાજ દર્શાવે છે કે અંગ્રેજી જાણતી વ્યકિત ભારતીય ભાષાઓને જાણનારા અન્ય વ્યકિતની સરખામણીએ ૩૩% વધુ કમાય છે. મતલબ, તમામ યોગ્યતા એક સરખી હોવા છતાં અંગ્રેજી જાણનારાની આવક વધુ હોય છે. અંગ્રેજી શિક્ષણ પણ મોંઘુ છે. અંગ્રેજી આપણા કુલ વસ્તીનો માત્ર પાંચમા ભાગનો હિસ્સો જાણે છે. તેમાં પણ કુલ વસ્તીના કુલ ચાર ટકા લોકો યોગ્ય રીતે અંગ્રેજી બોલી શકે છે. અંગ્રેજી જાણનારા વિશેષ વર્ગમાં આવે છે. તેમની પાસે તકો પણ વધારે હોય છે અને સગવડ પણ. પછી તેમની પાસે પ્રતિભા અને મહેનત કરવાની ક્ષમતા હોય કે ન હોય ! અને હા, અંગ્રેજી જાણનારાં અંગ્રેજી ન જાણનારને નિમ્ન ગણે છે.

ગરીબ-અમીરની અસમાનતા ત્યારે વધુ કઠે છે જયારે શરીર બીમાર થાય છે. સારી તપાસ અને યોગ્ય સંભાળ તો દૂરની વાત, પણ પાયાની સ્વાસ્થ્ય સેવાઓ પણ સામાન્ય લોકોને સરળતાથી મળતી નથી. સરકારી હૉસ્પિટલની સ્થિતિ વધુ બદતર થઈ રહી છે અને સરકારનું ધ્યાન નવી હૉસ્પિટલ નિર્માણ કરવામાં જરાસરખું પણ નથી. એ તો સૌ કોઈ જાણે છે કે ખુદ રાજકીય નેતાઓ અને સરકારી અધિકારી આ સરકારી હૉસ્પિટલમાં સારવાર કરવાને અર્થે નથી જતા, જેમને ચલાવવાનું કામ તેમના જ હાથમાં છે. પ્રાઈવેટ હૉસ્પિટલ દર્દીની નાડ તપાસતાં અગાઉ તેના ખિસ્સામાં નજર કરે છે. આ તમામ સંકેત સમાજના ધનાઢય વર્ગમાં કરુણાની કમી દર્શાવે છે.

આનું મુખ્ય કારણ એ છે કે સત્તા પર આવ્યા બાદ સત્તા પર રહેનારાઓનો સામાન્ય લોકો સાથેનો સંબંધ તૂટી જાય છે. ગામડાંઓની ધૂળમાંથી ઉપર ઉઠીને સત્તા સ્થાને બિરાજતાં લોકો ખૂબ જલદીથી બધું જ વીસરી જાય છે. અધિકારી અથવા મંત્રી કોઈ ગરીબ કે સામાન્ય પરિવારમાંથી જ કેમ ન આવતો હોય, સ્વાસ્થ્ય અને શિક્ષણની નીતિ ઘડતી વખતે તેના મનમાં સામાન્ય લોકો પ્રત્યેની કરુણાની ઉણપ દેખાય છે. આ સંપત્તિનો સ્વભાવ છે. ઘણાં ખરા ધર્મોએ પોતાના અનુયાયીઓને સંપત્તિ થકી આવનારી કઠોરતાના વિરોધમાં ચેતવણી આપી છે.

ગાંધીજીએ આ ચેતવણી શિક્ષણના સંદર્ભે આપી છે. **શિક્ષિત લોકોમાં દયાભાવના ન હોવાની વાત તેઓ ત્યારે કહી રહ્યાં હતા જયારે શિક્ષણ અને અમીરી, બંને બાબત આપણા દેશમાં આજની સરખામણીએ ખૂબ ઓછી હતી.** આજે દરેક રાજકીય પક્ષ વિકાસનો જ નારો લગાવે છે. એવું પણ કહી શકાય કે દરેક સમસ્યાનો એક જ ઉકેલ છે, અને તે છે વિકાસ, વિકાસ અને વિકાસ.

અમેરિકાને વિશ્વના સૌથી વિકસિત અને અમીર દેશ તરીકે માનવામાં આવે છે. જો ત્યાંના સંશોધકો આપણને આવું કહી રહ્યા હોય કે અમીર થવાથી લોકોમાં કરુણા ઘટી જાય છે, તો આપણાં જેવા દેશના વિકાસ માટે આમાંથી કશું શીખવાપણું નથી ? શું આ વિકાસ સમાજના ગણ્યાગાંઠયા લોકોનો જ વિકાસ નથી ? કોઈ પણ પક્ષની સરકાર આપણા પર શાસન કરતી હોય, **સત્તા પર આવ્યા બાદ સાંસદ અને અધિકારીઓમાં શ્રીમંતાઈની નિષ્ઠુરતા આવવી સહજ છે.**

આમાં આશ્ચર્ય તો ત્યારે થવું જોઈએ જયારે કોઈ રાજકીય નેતા અથવા તો અધિકારીમાં કરુણા જોઈ શકાતી હોય. સત્તા ધન-સંપત્તિ અને હોદ્દો મેળવ્યા બાદ 'વૈષ્ણવજન' બની રહેવું સરળ હોતું નથી, કારણ કે પછી 'પીડ પરાઈ ' જાણવી મુશ્કેલ થઈ જાય છે. આ વાત ધાર્મિક સાહિત્યમાં સદીઓથી કહેવાતી આવી છે. ગાંધીજીએ આ વાત આપણને ફરી યાદ કરાવી અને હવે આધુનિક વૈજ્ઞાનિકો પણ તે તરફ ઈશારો કરી રહ્યાં છે.

સર્વોદય પ્રેસ સર્વિસ બુલેટિનમાંથી સાભાર...

# 'જ્યોત સદાય જલે'

**ગુલાબભાઈ જાની**
સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ, રાજકોટ.

માર્થા બેરીનું નામ સહુપ્રથમ અમારા વડીલ મિત્ર વિખ્યાત આર્કિટેક્ટ ઈન્દુભાઈ પારેખ પાસેથી સાંભળ્યું હતું. અમે ૧૯૬૮માં રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામી આત્મસ્થાનંદજીની પ્રેરણાથી સ્વામી વિવેકાનંદના સુયોગ્ય શિષ્યા સિસ્ટર નિવેદિતાના નામ સાથે સંકલિત 'સિસ્ટર નિવેદિતા સ્કૂલ' નો પ્રારંભ કર્યો હતો. ઈન્દુભાઈ અમારા એક શુભેચ્છક વડીલ હતા. તેમણે અમને કહેલું કે શાળા શરૂ કરો છો ત્યારે માર્થા બેરીના કાર્ય વિશે વાંચજો અને તેના આદર્શોને અનુસરજો.

એ પછી 'જયોત સદાય જલે' હરીન્દ્ર દવેએ અનુવાદ કરેલ પુસ્તક વાંચ્યું. ખૂબ જ ભાવવિભોર થઈ જવાયું.

સુરેશ દલાલે હરીન્દ્ર દવેને બિરદાવતાં લખ્યું કે હરીન્દ્ર દવે કવિ, નવલકથાકાર, વાર્તાકાર, નાટયકાર, પત્રકાર, વિવેચક તો ખરા જ પણ ઉત્તમ કક્ષાના અનુવાદક હતા. અનુવાદમાં એ મૂળ કૃતિની ચેતનાને આત્મસાત કરીને આપણી ભાષામાં અવતારે છે એટલે અનુવાદ કયારેય તરજૂમા જેવો નથી લાગતો.

માર્થા બેરીનું આ જીવનચરિત્ર કોઈને પણ પ્રેરણા આપે એવું છે. શિક્ષણને ક્ષેત્રે કેવી કેવી વિભૂતિઓ કામ કરી ગઈ એનો એક નકશો પણ મળે છે. બહુ ઓછા માણસોને જીવતેજીવત પોતાના જીવનનું પ્રયોજન સાંપડે છે. અને બહુ જ ઓછા માણસો પ્રયોજન સાંપડયા પછી એ પ્રયોજનને છેલ્લા શ્વાસ સુધી વળગી રહે છે. માર્થા જાણે કે શિક્ષણ માટે જ જન્મયાં હતાં. એમના શિષ્યો એ જ એમના ભગવાન. શાળાનું મકાન ભડકે બળી રહ્યું ત્યારે પણ વિદ્યાર્થીઓને બચાવવા માટે જીવના જોખમે આગમાં ઝંપલાવ્યું, દાઝેલા વિદ્યાર્થીઓની સારવાર કરે ને એ પણ પૂરેપૂરો જીવ પરોવીને. એવાં કર્મયોગી હતાં કે આગ લાગ્યા પછી બીજે દહાડે શાળા માત્ર દસ જ મિનિટ મોડી ખૂલી. કયાંક પણ , કોઈની પણ રાવ-ફરિયાદ નહીં. પદવીદાન સમારંભ પણ યોજાયો અને મુખ્ય મહેમાને માર્થા તરફ ફરીને એટલું કહ્યું કે અદ્‌ભુત છે આ શાળા !

શાળા ઈંટ અને ચૂનાથી નથી બનતી, નિષ્ઠાવાન શિક્ષકોથી અને વિદ્યાર્થીઓથી ઊભી થાય છે. માણસ પાસે પોતાનું લક્ષ્ય હોવું જોઈએ. તો પ્રવાસ યાત્રા બની જાય અને કોઈ પણ કસોટીમાંથી પાર ઊતરવાની તાકાત હોય તો સિદ્ધિ આપમેળે મળે. આવા માણસોને પ્રસિદ્ધિની પરવા નથી. શિક્ષણની અખંડ જ્યોત સદાયે જલતી હોય અને એનું અજવાળું કેવું હોય એનો ખ્યાલ આ જીવનકથા પરથી અવશ્ય મળશે.

મૂળ પુસ્તક હોર્નેટ ટી. કાને અને ઈનેઝ હેન્રીએ 'Miracle in the Mountains' ના નામે પ્રસિદ્ધ કર્યું. તેનો ગુજરાતીમાં અનુવાદ હરીન્દ્ર દવેએ કર્યો. પ્રથમ આવૃતિ જૂન ૧૯૬૩માં પ્રસિદ્ધ થઈ. પુનઃ મુદ્રણ જાન્યુ. ૨૦૦૯ માં રમેશ સંઘવીએ કર્યું. રમેશભાઈએ પુસ્તકના પ્રારંભે 'ગંગોત્રીથી ગંગાસાગર' પ્રસ્તાવનામાં યોગ્ય રીતે જ કહ્યું છે કે ભવ્ય સામ્રાજયો, જોશીલી ક્રાન્તિઓ, વિશાળ ઉદ્યોગગૃહોની સાહસસભર રોમાંચક કથાઓ તો પ્રગટ થતી રહે છે અને વંચાતી હોય છે, પણ પ્રજાજીવનમાં અંતઃસ્ત્રોતા બની આમૂલ શાંતક્રન્તિ આણનારી આવી ભવ્યોદાત્ત ગાથાઓ પણ એવી જ રોચક,પ્રબોધક અને ભાવવિભોર કરનાર હોય છે એવો અનુભવ આ નાની ચોપડી વાંચનારને થયા વિના નહીં રહે. એક એકલપંડ નારીએ પોતાના ભોમભીતરી પિંડધર્મને અનુસરી સર્વસમર્પિતભાવે જે સર્જન કર્યું તે કલ્પનાથી પણ અદકેરું લાગે. બંધ તોડીને ખળખળ વહી નીકળતી ભીતરની નિરવધિ પ્રાંજલ કરુણા, સ્વસ્થ તેજોમય દૃષ્ટિ, અચળ અસીલ શ્રદ્ધા, અવિરત અથાક પરિશ્રમ, ધૃતિ અને સાથીઓ, શુભેચ્છકોનો હુંફાળો નિર્વ્યાજ સાથ આવાં મહાન કાર્યો કરાવી શકે છે તેવી પ્રતીતિ આ કથા વાંચીને થાય. શૂન્યમાંથી સૃષ્ટિ, ગંગોત્રીથી ગંગાસાગરની આ યાત્રાકથા દાયકાઓ પહેલાં મનમંજૂષામાં વસી ગયેલી.

આખીય વાત તો છે શિક્ષણની અને સંસ્થાનિર્માણની અને તે દ્વારા વ્યકિતનિર્માણ, સમાજનિર્માણ અને રાષ્ટ્રનિર્માણની. નોખી માટીની હતી આ માર્થા બેરી. ભર્યુંભાદર્યું શૈશવ અને કોડભર્યું કૈશોર્ય. પોતાની પાંચ બહેનોની જેમ તેને પણ દુલ્હન થવાના કોડ હતા. પણ પાછળ થી એક વખત કહે છે : 'મારું લગ્ન થયું મારા આદર્શ સાથે !' અને 'આ શાળાનાં હજારો બાળકો મારાં સંતાન બન્યાં !' જીવનમાં આદર્શ માટેનાં ત્યાગ અને તીતિક્ષા, ધ્યેયની પરખ સ્પષ્ટતા સહજ નિઃસ્પૃહતા અને નિષ્ઠા, ભાંગી નાખે તેવી પરિસ્થિતિમાં હિંમત અને દૃઢતા, આંતરસૂઝ

અને અંતર્યાત્રા માર્થામાં જાણે આભૂષણ અને ઐશ્વર્ય હતાં. સો-સવાસો વરસ પૂર્વેનું એ અમેરિકા અને તેનોય આ દક્ષિણ ભાગ. ગરીબાઈ,નિરક્ષરતા, અજ્ઞાનતામાં ડૂબેલા હજારો પરિવારો. પહાડી બાળકોને જોઈને જ માર્થાનું હૃદય વલોવાઈ જતું. કેમ આ ગરીબી ? નિરક્ષરતા ? અજ્ઞાનતા ? તેમણે બાળકોનું ટૂંપાતું વાત્સલ્ય નિહાળ્યું અને હૈયું અપૂર્વ અનુકંપાથી છલકાઈ ગયું. તેને થયું : 'શું આનો કોઈ ઉકેલ જ નથી ?' અને અંદરથી જવાબ મળ્યો : 'શિક્ષણનો દીપ જ તેમની જિંદગી અજવાળી શકશે ! અને આમાંથી શરૂ થયું 'બેરી આંદોલન' જેણે અમેરિકાની સમગ્ર શિક્ષણનીતિને દિશા અને દર્શન આપ્યાં.

વાચક આ નાની કથા વાંચશે તેમ તેમ તેનું હૈયું પણ અદ્દભુત રોમાંચ અને નિર્ભેળ આનંદની સરવાણીમાં સ્નાનનો ભાવ અનુભવશે. પ્રસંગો, ઘટનાઓ, આપદાઓ, મૂંઝવણો, મનોમંથનોની પ્રેરક અને સંવેદનભરી ગૂંથણીથી આખીય કથા આસ્વાદ્ય બની છે. પ્રથમ પ્રથમ પહાડી બાળકોનું જોવું, તેમને વાર્તાઓ કહેવી, પછી તો લોકોની વણથંભી વણઝારનું આ 'રવિવારની દેવી' ને સાંભળવા આવવું, શાળાની સ્થાપના, પ્રથમ ઘંટનો રવ, નાતાલની ઉજવણી, પ્રથમ પદવીદાન, આગ, નાણાંભીડ અને ડુંગરોનાં કોતરો-ખેતરોમાંથી બાળકોનું આવતા રહેવું. પ્રમુખ રૂઝવેલ્ટ, એન્ડ્રુ કાર્નેગી, હેનરી ફોર્ડ જેવા પણ આશ્ચર્યચકિત થયા અને બે બાળકોથી શરૂ થયેલી આ ગંગોત્રી મહાનદમાં પરિણમી. ભારે રોમહર્ષક પ્રયોગો અને અનુભવોની આ ગાથા છે. ગાંધીજીએ જે સ્વાવલંબન, સાદાઈ, સમૂહજીવન જીવનાનુબંધન, શ્રમની વાત કરી તે સઘળું આ શાળામાં હતું.

માર્થાએ શિક્ષણને, કેળવણીને શાળાની ચાર દીવાલો કે પરિસરમાં પૂરી રાખ્યાં નહોતાં. એ પ્રાર્થનાઘરોમાં જઈને વિશાળ લોકસમુદાય સાથે હળીભળીને તેમની સાથે સહજ અંતરંગતા ઊભી કરતાં. આવા જ એક પ્રસંગે મારામારી પર ઊતરી આવેલા ક્રુદ્ધ ટોળાથી પાદરી પણ દૂર ભાગી ગયા હતા ત્યારે માર્થા ટોળા વચ્ચે પહોંચી જાય છે. કેવી હતી એ પળો ? આ મારામારીમાં ગમે ત્યારે છરી ઊછળે તેમ હતી. કોઈની, પાદરીની કે ઈનેઝ પણ વચ્ચે પડવાની હિંમત થઈ નહીં, પણ માર્થા પાસે કોઈને નિઃશસ્ત્ર કરી દે તેવું પ્રસન્ન સ્મિત હતું. તેમણે બંને પક્ષોને શાંત પાડયા.

દક્ષિણ અમેરિકાના પહાડી પ્રદેશમાંના ખાસ કરીને જયોર્જિયામાં માર્થાએ કરેલા કેળવણીના વાવેતર પર વીસમી સદીના ત્રીજા દાયકામાં જાણે મોતીભર્યા ડૂંડાં-કણસલાં બેસે છે. વિવિધ રાજયોના ગવર્નરો, દેવળના પ્રસિદ્ધ પાદરીઓ, નામી રાષ્ટ્રોના પ્રમુખો અને સુખ્યાત છાપાં-માસિકોના તંત્રીઓ માર્થાને પુરસ્કારે-બિરદાવે છે અને સન્માને છે, એમનાં પ્રવચનો યોજે છે. રાષ્ટ્રની વિશિષ્ટ સેવાની કદરદાની રૂપે થિયોડોર રુઝવેલ્ટ સ્મૃતિચંદ્રક એનાયત થયા પછીના પ્રતિભાવ રૂપે માર્થા દ્વારા પ્રગટ થયેલા આ ઉદ્ગાર જુઓ : 'મારા તરફથી નમ્રતાપૂર્વક અને મારા છાત્રો તરફથી ગૌરવપૂર્વક હું આ સન્માનનો સ્વીકાર કરું છું.'

આવા અનેક ઈલકાબો અને ખિતાબોથી વિભૂષિત માર્થાના જીવનનો સૌથી વડેરો સૂર્ય તો ૧૩મી જાન્યુઆરી ૧૯૨૭ની સવારે ઊગ્યો હતો. એ દિવસ એટલે માર્થા બેરી સ્કૂલ્સનો પચ્ચીસમો જન્મદિન ! આ દિવસને મહોત્સવ બનાવી દેવા યોજાયેલા સમારંભમાં પ્રૌઢ માર્થા માટે વિવિધ વિભૂતિઓ અને એતદ્ જનોએ પ્રગટ કરેલી ભાવનાઓ પૈકી અત્યંત વિરલ દૃષ્ટાંત તો એમના એક કિશોર વિદ્યાર્થીએ, પોતે એવા વિપન્ન પરિવારનું સંતાન હતો કે કશુંય ખરીદીને માર્થાના ચરણોમાં મૂકી શકાય તેવી ગુંજાયસ જ ન હતી પણ હૃદય કંઈ આવી કઠોરનઠોર વાસ્તવિકતાને કયાં ગણેગાંઠે છે ? એણે તો ઘરેથી વિદાય લેતાં, વાટે પીવા મળેલું શરબતનું ટીન માર્થાને આપ્યું. એની આ કુમળી લાગણીની કદર બૂઝીને તેના મિત્ર સમા સહપાઠીએ એ શરબત-ટીનની બોલી લગાવી ! બસ,પછી તો મઝા પડી ગઈ ! એ ટીન ૨૦૦ ડોલર આપીને એક વ્યકિતએ ખરીદ્યું અને માર્થાને અર્પણ કર્યું !

આ કથાની નાયિકા માર્થા બેરી પોતાની વાતનો પ્રારંભ જે શબ્દોથી કરે છે તેને અહીં સમાપને મૂકવાનું ગમે. માર્થા પોતાના જીવનનાં પાછલાં વરસોમાં એક તરુણ વિદ્યાર્થી સાથે એક વૃક્ષની ઘટાદાર છાયામાં ઊભા હતાં. વાતા વાતમાં તેણે કહ્યું : ' આ વૃક્ષ ! કેટકેટલા આઘાતો સહન કર્યા છે એણે ! પણ એ પ્રહારો અને આઘાતોએ તો આ વૃક્ષને વિકસાવવામાં સહાય કરી છે.' અને તેમણે પોતાનું પ્રિય સૂત્ર ઉચ્ચાર્યું : 'જે મુસીબતો તમારે ઉઠાવવી પડે છે, તે જ તમારુ ઘડતર કરનારું બળ હોય છે.'

અંતે સાંઈ મકરંદની આ પંકિતઓ હૈયે ચડે છે :

અમે તો જઈશું પણ અમે ઉડાડયો તે ગુલાલ રહેશે,
ખબર નથી શું કરી ગયા, પણ જે કરી ગયા તે કમાલ રહેશે.

# દરિયાઈ જીવ 'શંખ'ની અજાયબ સૃષ્ટિ

**ડૉ. મીતા એચ. થાનકી**

પ્રોફેસર, આર.જી.ટીચર્સ કૉલેજ, પોરબંદર.
નિવાસઃ 'તત્સત્' ૨૩૧ સરકારી કર્મચારી કોલોની, રોકડીયા હનુમાન મંદિર પાછળ, ગીતા નગરના છેડે, મુ. ખાપટ, તા. જિ. પોરબંદર.

દોસ્તો…

જો તમે સંગીતકલામાં રસ ધરાવતા હોય તો સંગીતના અનેક વાદ્યો જેવાં કે હારમોનિયમ, તબલાં, ઢોલક, શરણાઈ, ગિટાર વગેરેથી પરિચિત હશો. પરંતુ તમે ક્યારેય શંખનું વાદન સાંભળ્યું છે ખરું ? મોટે ભાગે લગભગ તમામ મંદિરો વહેલી સવારે ખૂલે ત્યારે શંખ વગાડીને ભગવાનને જગાડવાની પ્રણાલિકા આપણે ત્યાં જોવા મળે છે.

તમને ક્યારેય આ 'શંખવાદન' શીખવાની ઈચ્છા થાય છે ખરી ? નહીં ને ? હમણાં તાજેતરમાં જ એક માહિતી મને મળી તે જાણીને મને ખૂબ નવાઈ લાગી કે ઓરિસ્સાના ગંજમ જિલ્લામાં નિષ્ણાત શંખવાદકો વસે છે. જેઓ તેમની પરંપરાગત નૃત્યશૈલીમાં શંખનું વાદન કરતાં કરતાં નૃત્ય કરે છે આ નૃત્ય શૈલીને વિલુપ્ત થતી બચાવવા એ લોકોએ 'શંખધ્વનિ' કલા વિકાસ કેન્દ્રની સ્થાપના કરી છે.

શંખ એ વાયુવાદ્ય તરીકે ઓળખાય છે કારણ કે તેમાં ફૂંક દ્વારા વાયુ દાખલ કરીને તેને વગાડવામાં આવે છે. શાસ્ત્રીય રીતે શંખવાદન અતિ કઠિન છે કારણ કે શંખની આંતરિક રચના અનેક વલયોથી બનેલી હોય, અવાજ તેમાંથી તરંગિત થઈને નીકળે ત્યારે એક અદ્ભુત લય ઉત્પન્ન થાય છે જે દૂર-દૂર સુધીની હવાને તીવ્ર ગતિથી આંદોલિત કરી દે છે.

હવે તમે પૂછશો કે આ શંખધ્વનિ શા માટે શીખવો જોઈએ બરાબર ને ? વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો શંખધ્વનિ એ એક પ્રકારનો પ્રાણાયામ છે કારણ કે શંખ ફૂંકવા માટે શ્વાસ નાભીમાંથી નીકળવો જોઈએ. શંખની ટોચ પર કાણું પાડ્યું હોય તેમાંથી ફૂંક મારવાથી શંખધ્વનિ થાય. શંખ વગાડતી વખતે ધ્યાનસ્થ થઈ જવું પડે. જમણાં હાથની ચાર આંગળીઓ શંખના ખાંચામાં બરાબર ભરાવી, અંગૂઠાના ટેકે શંખને રાખી ટોચ પરના કાણામાં જોરદાર ફૂંક મારવાથી શંખધ્વનિ થાય છે.

શંખધ્વનિ આરોગ્યની દૃષ્ટિએ ઉત્તમ ગણાય છે. તેનાથી આસપાસની હવામાં રોગના જંતુઓ હોય તો તે મરી જતાં વાતાવરણ શુદ્ધ થાય છે. બર્લિન યુનિવર્સિટીમાં ઈ.સ. ૧૯૨૮માં થયેલા એક સંશોધનના તારણો દર્શાવે છે કે શંખધ્વનિના મોજાઓ જે હવામાં ફેલાય છે તેનાથી મેલેરિયા જેવા હઠીલા દર્દના જંતુઓ નાશ પામે છે. જયાં શંખધ્વનિ નિયમિત થતો હોય ત્યાંની હવા ઝેરી વાયરસથી મુક્ત રહે છે.

વ્યક્તિગત સ્વાસ્થ્યની દૃષ્ટિએ જોઈએ તો મેડિકલ સાયન્સ જર્નલમાં જણાવ્યા અનુસાર શંખ ફૂંકવાથી ચહેરા પરના સ્નાયુઓ તથા ત્વચામાં રૂધિરાભિસરણની ક્રિયા અત્યંત ઝડપી બની જવાથી ચહેરો કાંતિવાન બને છે. ચહેરાની ચામડી લબડી પડતી નથી. લલાટ ચકચકિત ભાસે છે તથા ચહેરાનું સૌંદર્ય અકબંધ રહે છે. શંખધ્વનિથી ફેફસાં દૃઢ અને મજબૂત બને છે તેથી દમ જેવા રોગો થયા હોય તો મટી જાય છે અને ન થયા હોય તો ક્યારેય થતાં નથી. વળી, શરીરને રૂધિર મારફત પૂરતા પ્રમાણમાં ઑક્સિજન વાયુનો પૂરવઠો મળતો રહે છે તેથી આખું શરીર સ્વસ્થ રહે છે.

શંખનો ઉપયોગ આયુર્વેદ શાસ્ત્રમાં દવા તરીકે પણ ખૂબ પ્રચલિત છે. શંખભસ્મ અને શંખવટી પેટના દર્દો માટેની ગુણકારી આયુર્વેદિક ઔષધીઓ ગણાય છે.

હવે તમને જરૂર એ પ્રશ્ન મૂંઝવતો હશે કે આ શંખ એ ખરેખર દરિયાઈ જીવ છે ? દરિયા કિનારાના ફરવાના સ્થળોએ સુંદર રંગીન કલા-કારીગરીવાળા શંખ જ તમે જોયા હશે ખરું ને ? હાલતા-ચાલતા શંખ જો તમારે જોવા હોય તો નરારા ટાપુ, પોશીત્રા ટાપુ કે દક્ષિણ ભારતના દરિયાકિનારે

ઓટના સમયમાં ફરવા જવું પડે... શંખ એ ખરેખર તો કેટલાક દરિયાઈ જીવોનું આશ્રયસ્થાન છે જેની રચના તેઓ ખુદ કરે છે. શંખ એ મૃદુકાય અપૃષ્ઠવંશી (હાડકાં વિનાના) જીવો કે જેનું વૈજ્ઞાનિક નામ 'જીનક્સ પાયરલ' છે, તેનાં એક સમુદાયનું બહારનું કવચ છે. શંખના પોલાણમાં રહેતું અત્યંત નરમ, મૃદુ ,જીવડું શંખ સાથે જોડાયેલું હોય છે. આ જીવડું પોતાની લાળમાંથી મજબૂત અને લગભગ અભેદ્ય એવું શંખ સ્વરૂપનું સુરક્ષા કવચ રચી તેમાં હજારોની સંખ્યામાં ઈંડા મૂકે છે. આ ઈંડામાંથી બચ્ચાં બહાર આવે ને થોડા મોટા થાય કે તરત જ તેના શરીરમાંથી કેલ્શિયમ કાર્બોનેટ (ચૂનો) નામનું પ્રવાહી થોડા થોડા પ્રમાણમાં બહાર આવવાનું શરૂ થઈ જાય જે તેના શરીરની ફરતે જામવા માંડે. તેના શરીરમાંથી સ્રવતો 'આલ્બ્યુમીન' નામનો ચીકણો પદાર્થ તેને મજબૂતાઈ આપવામાં મદદે આવે છે અને શંકુ આકારના 'શંખ'ની રચના બની જાય છે. નાના શંકુ આકારના 'શંખ'ની રચના બની જાય છે. નાના મોટા શંખ, છીપલાં, કોડા-કોડી વગેરે પણ આજ રીતે રચાતા દરિયાઈ જીવોના સુરક્ષા કવચ જ છે હોં !

ભારતમાં સૌથી વધારે શંખ દક્ષિણ ભારતના દરિયાકિનારેથી પ્રાપ્ત થાય છે એ ઉપરાંત કર્ણાટક તથા ગુજરાતમાં કચ્છના અખાત એવા હાલાર (જામનગર પંથક)ના દરિયાકાંઠે આવેલા પિરોટન, નરારાં, પોશીત્રા જેવા ટાપુઓ પરથી અઢળક જથ્થામાં વિવિધ પ્રકારના શંખ મળી આવે છે. ગુજરાતમાં દ્વારકા, સોમનાથ, ઓખામાં પણ પુષ્કળ પ્રમાણમાં શંખ મળી આવે છે.

દરિયામાંથી શંખ ભેગા કરવાની ક્રિયાને 'ગોપ કરવી' તરીકે ઓળખાય છે. જ્યારે દરિયામાં ઓટ હોય ત્યારે પાણીમાં ત્રણથી ચાર માઈલ સુધી ઊંડે ચાલવાથી દરિયાઈ રેતની નીચે દબાયેલા કે રેતી પર સરકતા શંખ જોવા મળે છે. શંખની અંદરનું જીવડું જીવિત હોય તો શંખને ગરમ પાણીમાં બોળીને તેમાંથી જીવડું છૂટું પાડી, શંખથી અલગ કરવામાં આવે છે આ કાચા શંખ પર જીનક્સ પાયરલની ચામડી ચોંટેલી હોવાથી તે કાળા ભૂખરા રંગના હોય છે તેથી શંખને ખરીદી લેનાર વેપારી તેને એસિડથી સાફ કરી, તેના પર શંખજીરૂ ઘસીને સ્વચ્છ કરી, તેના પર કલા-કારીગરી કરે છે.

શંખના આભૂષણો તથા હેન્ડીક્રાફ્ટની વસ્તુઓ બનાવવા માટે આ રીતે મોટા પાયે શંખજીવોનો ભોગ લેવામાં આવે છે. ખેદની વાત એ છે કે નર અને માદા શંખ પ્રજનન કરે તે પહેલાં જ તેને પકડીને તેના કવચરૂપી શંખ કાઢી લેવામાં આવે છે. માદા શંખ ઈંડા મૂકે તે પહેલાં જ તેનો નાશ કરાય છે તેથી આ શંખજીવોની વસ્તી દિન-બ-દિન ઘટી રહી છે. ખરેખર તો મૃત શંખ જીવોના કવચ જ ઉપયોગમાં લેવાવા જોઈએ તેને બદલે જીવિત શંખની સૃષ્ટિને પણ માનવજાતે છોડી નથી જે ચિંતાજનક છે.


**ધી રજિસ્ટ્રેશન ઓફ અન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૮૬૫ અન્વયે પત્ર અંગેની માહિતી ફોર્મ (સ.ના.૯ જુઓ)**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૨. પ્રસિદ્ધિનો ગાળો : | માસિક |
| ૩. મુદ્રકનું નામ : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| ૪. રાષ્ટ્રિયતા : | ભારતીય |
| સરનામું : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૫. પ્રકાશકનું નામ : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| રાષ્ટ્રિયતા : | ભારતીય |
| સરનામું : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| સામયિક માલિકી ધરાવનાર : | **સરસ્વતી વિદ્યામંડળ (ટ્રસ્ટ),** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |

વ્યક્તિઓના તથા કુલ મૂડીના એક ટકાથી વધુ શેર ધરાવનારાઓનાં નામ તથા સરનામાંમાં સરસ્વતી વિદ્યામંડળ ટ્રસ્ટ, અમદાવાદ.

હું જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે જાહેર કરું છું કે ઉપર જણાવેલ હકીકત મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

**તા. ૧૫-૩-૨૦૧૮** **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે**

**પ્રકાશકની સહી**

# પરમાર્થનો પારસમણિ

**રણછોડ શાહ**

**ઍમિટી સ્કૂલ, ભરૂચ.**
**સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧**

આ વિશ્વમાં અનેક પ્રકારના લોકો રહે છે. કેટલાક સતત પોતાના સ્વાર્થનો જ વિચાર કરતાં હોય તો ઘણાં પરમાર્થી પણ હોઈ શકે છે. કોઈને નાનકડી મદદ કરી હોય તો પણ જિંદગી પર્યંત યાદ રાખનાર વ્યકિતઓ જ દુનિયામાં છે. તો દુઃખના ડુંગર વચ્ચેથી અનેક મુશ્કેલીઓ વેઠીને બહાર કાઢનાર માનવી તેની ઉપર ઉપકાર કરનારને ભૂલી જાય તેવા નગુણા પણ અહીં જ છે. આ દુનિયા બંને પ્રકારના માનવીઓથી ઉભરાઈ રહી છે. બે રાષ્ટ્રો, વ્યકિતઓ કે પાડોશીઓ કયારે હાથ મિલાવે અને કયારે એકબીજા ઉપર ઘા કરે તેની આગાહી કરવાનું મુશ્કેલ બન્યું છે.

એક જંગલમાં રહેતા સિંહ અને સિંહણ શિકાર કરવા માટે દૂર દૂર નીકળી ગયા. સાંજ પડવા આવી છતાં રહેઠાણ ઉપર પરત આવી શકયા નહીં. તેઓના નાના બચ્ચાં ભૂખે ટળવળતાં હતા. આજુબાજુમાંથી કંઈ ખાવાનું ન મળતાં નિરાશ થઈને રડી રહ્યાં હતા. ગુફાની બાજુમાં એક બકરી હતી. તેને પાડોશી સિંહના બચ્ચાં ભૂખથી પિડાઈ રહ્યાં હતાં તે જોઈ દયા આવી. તેણે બચ્ચાંને દૂધ પીવડાવી તેમની ભૂખ ઠારી. બચ્ચાં ફરીથી તોફાન મસ્તી કરવા લાગ્યાં.

આ સમય દરમિયાન સિંહ - સિંહણ પરત આવી ગયાં. ત્યાં તેમની નજર બકરી ઉપર પડી. બકરી બચ્ચાંને ચોકકસ હેરાન કરતી હશે તેમ માની તેમની આંખો લાલચોળ બની ગઈ. અત્યંત ગુસ્સે થઈ ગયા. બકરી ઉપર હુમલો કરવાની તૈયારીમાં હતાં. ત્યાં તો બચ્ચાંઓએ કહ્યું, ''બકરીબેને તો અમને દૂધ પીવડાવ્યું છે. તે ન હોત તો અમે ભૂખે મરી જાત.'' સિંહ બકરીની આ મદદથી ખૂબ ખુશ થયો. તેને ઉપકારવશ થઈ કહ્યું કે તેઓ જિંદગી પર્યંત આ બાબત યાદ રાખશે.

સિંહ સાથે દોસ્તી થવાથી બકરી નિર્ભય બની આખા જંગલમાં મનફાવે ત્યાં ફરવા લાગી. કયારેક તો તે સિંહની પીઠ ઉપર બેસીને દૂર દૂર ટહેલવા નીકળી જતી અને ઝાડ ઉપરના ફળફૂલ ખાઈ જતી. જંગલના તમામ પ્રાણીઓને આ જોઈ આશ્ચર્ય થયું. આ દ્રશ્ય જોઈને એક દિવસ સમડીએ બકરીને પૂછયું, ''બકરીબહેન, તમે તો જંગલમાં રાજાની જેમ ફરી રહ્યાં છો ને કાંઈ ?'' બકરીએ સિંહના બચ્ચાંને કરેલ મદદની વાત કરી. આ જાણી સમડીને બીજા પ્રાણીની મદદ કરવાનો વિચાર આવ્યો. સમડીએ ઉંદરભાઈને મદદ કરવાનો વિચાર કર્યો. સમડી ઉંદરના બચ્ચાંને ઉંડા દરમાંથી બહાર લઈ આવી. બચ્ચાં ખૂબ નાના હતાં. તેઓ વાતાવરણની ઠંડીથી ખૂબ ધ્રૂજી રહ્યાં હતાં. સમડીને આ જોઈ દયા આવી. તેથી તેણે પોતાની પાંખો ફેલાવી ઉંદરના બચ્ચાંને અંદર લઈ ઠંડીથી બચાવી લીધા. બચ્ચાંને ખૂબ રાહત થઈ. થોડીકવાર પછી સમડીએ ઉડવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેણે જોયું કે બચ્ચાંઓએ તો તેની પાંખો કાતરી નાંખી હતી. હવે સમડી ઊડી શકે તેવી સ્થિતિ ન રહી.

સમડી રડતી રડતી બકરીબેન પાસે ગઈ. બકરીબેનને તમામ હકીકતથી વાકેફ કર્યાં. સમડીએ બકરીને કહ્યું, '' તે ઉપકાર કર્યો તો તને સારો બદલો મળ્યો પરંતુ મને તો સજા થઈ. આવું કેમ ?'' બકરીએ પ્રત્યુત્તર આપ્યો, ''વ્યકિતનું પોત જોઈને મદદ કરો, સિંહ જેવા વિશાળ દિલવાળાઓને મદદ કરવી પરંતુ લુચ્ચા ઉંદર જેવી વ્યકિતઓથી દૂર જ રહેવું સારું.''

''લીધેલી 'સેવા' કયારેય ભૂલવી નહીં,
કરેલી 'સેવા' કયારેય યાદ કરાવવી નહીં.''

કેટલાંક લોકો લીધેલી મદદનો બદલો કયારે વાળી શકાય તેવી તકની રાહ જોતા હોય છે. સામેવાળી વ્યકિતને અડધી રાત્રે જરૂર પડે તો ગમે તેવી પરિસ્થિતિ

હોય તો પણ દોડી જઈને પોતાની પ્રતિબદ્ધતાના દર્શન કરાવવાનું ચૂકતા નથી. કેટલાંક લોકો સહાય કરનાર વ્યકિતએ તેના સ્વાર્થ માટે જ મદદ કરી હોય છે તેવું વિચારી મદદ કરવાના સંજોગો આવે ત્યારે મોં ફેરવી લે છે. આવા સ્વાર્થી લોકોથી દૂર જ રહેવું સારું. બીજાને છેતરીને, જુઠ્ઠુ બોલીને અને કપટ કરીને આગળ વધતા માણસો પણ આ જ વિશ્વમાં છે. તેઓ સતત અન્યોનું પડાવી લેવામાં જ મશગૂલ હોય છે. થોડાક લોકોને થોડાક સમય માટે મૂર્ખ બનાવી શકાય છે પરંતુ તમામ લોકોને હંમેશા છેતરી શકાતા નથી. કયારેક તો ''શેરના માથે સવાશેર'' હોય જ છે. સમાજ સ્વાર્થી લોકોને કયારેકને કયારેક તો ઓળખી જ જાય છે અને ત્યારે તેમને જીવવાનું ખૂબ ભારે પડી જાય છે.

એક કામવાળી રાજમહેલમાં કામ કરતી હતી. તે રાણીના મહેલમાં કામ કરતી હતી. તેની સાથે તેનો છોકરો પણ મહેલમાં રમવા માટે આવતો હતો. એક દિવસ રમતાં રમતાં છોકરાને એક હીરો મળી ગયો. તેણે તે હીરો તેની માતાને બતાવ્યો. હીરો જોઈને તે લલચાઈ ગઈ. પરંતુ પોતાના છોકરાને તેવું કહેવા માંગતી નહોતી. તેથી તે હીરો રસ્તા ઉપર ફેંકી છોકરાને કહ્યું કે આ હીરો નથી. તો કાચનો ટુકડો છે. થોડીવાર બાદ તે ઘરે પરત આવી રહી હતી ત્યારે રસ્તા ઉપર પડેલ હીરાને ધીમે રહીને સાડીની અંદર સંતાડી આગળ ચાલવા લાગી. તે સોની પાસે ગઈ. તેને હીરો બતાવી પૂછયું, ''મને આ હીરો મળ્યો છે તો તે કેવો છે ?'' પરંતુ સોની પણ હીરાને પારખવામાં નિષ્ફળ જાય છે. તેથી તે પણ સાચો નથી તેમ કહી રસ્તા ઉપર ફેંકી દે છે. કામવાળી આ જોઈને પાછી ફરી જાય છે. તેના ગયા બાદ સોની રસ્તા ઉપર જઈ હીરાને લઈ લે છે. સોની ઝવેરી પાસે જાય છે. ઝવેરી હાથમાં લઈને તપાસે છે. તે તો હીરા પારખું હતો, તેને સમજાઈ જાય છે કે આ તો અત્યંત મૂલ્યવાન હીરો છે. તેની દાનત બગડે છે. તેથી તે સોનીને કહે છે, ''આ તો હીરો નથી કાચનો ટુકડો છે.'' ત્યારબાદ તે રસ્તા ઉપર ફેંકી દે છે. ત્યાં તો હીરાના ટુકડે ટુકડા થઈ જાય છે. એક યુવાન રસ્તા ઉપર ઊભો ઊભો આ બધું જોઈ રહ્યો હતો. તેને આશ્ચર્ય થયું કે કામવાળી અને સોનીએ જયારે હીરાને રસ્તા ઉપર ફેંકી દીધો ત્યારે તો તેના ટુકડા થયા નહીં પરંતુ ઝવેરીએ ફેંકતા તેના ટુકડા થઈ ગયા. તો તેનું કારણ શું ?

તેણે હીરાને આ બાબતે પૂછયું. હીરાનો જવાબ અત્યંત ચિંતનશીલ હતો. હીરો બોલ્યો, ''કામવાળી અને સોનીને તો મારી કિંમત ખબર નહોતી પરંતુ ઝવેરીને તો ખબર હોવાં છતાં મને ફેંકયો ત્યારે મને ઝવેરી અંગત સ્વાર્થ માટે આમ કરે છે તેમ સમજાઈ ગયું. ઝવેરી મારું મૂલ્ય જાણતો હોવા છતાં મને ફેંકી દે છે તેનો અર્થ તો એમ થયો કે તેની પાસે મારી કોઈ કિંમત નથી. જે લોકો આપણી કદર ન કરી શકતા હોય તેની સાથે રહેવું નિરર્થક છે.''

સાચી પરિસ્થિતિ તો એ છે કે કોણ 'દયાળુ' છે અને કોણ 'દગાબાજ' છે તે ઓળખી લેવું જોઈએ. સ્વમાનના ભોગે કોઈપણ કાર્ય કરવું જોઈએ નહીં. ખરેખર તો પ્રભુએ આપણને શકિત આપી હોય તો તેનો પરમાર્થ માટે ઉપયોગ કરવો જોઈએ. જીવનમાં પરમાર્થ જેવો કોઈ પારસમણિ નથી.

'' ઠોકર ખાધેલો માણસ છું,
હું ભીંત ભૂલેલો માણસ છું.
ઘાયલ છું, ઘેલો માણસ છું,
પણ લેશ ન મેલો માણસ છું.
આબાદ મુરાદોની વચ્ચે,
બરબાદ થયેલો માણસ છું.
લાગું છું ખાલી પણ 'ઘાયલ',
ભરપૂર ભરેલો માણસ છું.''
- **અમૃત ઘાયલ**

# મારે મેણું ભાંગવું છે

**લીલાધર માણેક ગડા-અધા**

''માનસી'', લીમડાવાડી, બિદડા (કચ્છ) મો. ૯૮૭૯૫૦૬૦૫૯

સત્ય કડવું હોય છે એવી કહેવત છે. સત્ય વિવેકપૂર્ણ રીતે ઉચ્ચારી શકાય '' કાણાને કાણો નવ કહીએ કડવાં લાગે વેણ, હળવે રહીને પૂછીએ ભઈ, શેણે ખોયાં નેણ ?'' સત્ય મહેણાં –ટોણાં રૂપે કહેવાય ત્યારે કેવો અનર્થ સર્જાય એનું સર્વોત્તમ ઉદાહરણ મહાભારત છે. દ્રૌપદીએ હસ્તિનાપુરની સભામાં કૌરવોને મહેણું માર્યું ''આંધળાના પુત્ર આંધળા હોય'' ને એનાથી નીપજેલી દુશ્મનાવટ કૌરવ-પાંડવોને કુરુક્ષેત્રે લઈ ગઈ. આદિકાળથી આજ લગીની રોજબરોજની જિંદગીમાં બનતા સેંકડો ઉદાહરણો આપી શકાય કે ઓચરાયેલાં કટુ અને તિરસ્કારભર્યાં વચનો સામે પક્ષે હડોહાડ વ્યાપી જાય જેમાંથી દુશ્મનાવટ,વૈરાગ્નિ જાગે.

પરંતુ કયારેક એવું પણ બને ખરું કે કોઈ જણ આવાં કટુ વચનો, મહેણાંઓને પડકારરૂપે સ્વીકારે, પછી એ મહેણું ભાંગવા મંડી પડે અને એને જીવનનો મુખ્ય હેતુ બનાવે. મારા કાકા ડૉ. ભાણજી ઉમરસી ગડા, ૧૯૫૧ માં આપણા સમાજના પ્રથમ આંખના સર્જન બન્યા. વડીલોની આશીર્વાદ લેવા ભોજાય આવ્યા ત્યારે એક વૃદ્ધ ડોશીએ મોતિયો ઉતારવાની વિનંતી કરી. મારા કાકએ એ માટે ડોશીમાને મુંબઈ આવવા વિનંતી કરી અને ડોશીમાથી ગામ છોડી શકાય તેવી શારીરિક શકિત ન હતી. ત્યારના સંજોગોમાં ભોજાયમાં મોતિયાનું ઓપરેશન કરવાની મારા કાકાએ અસમર્થતા વ્યકત કરી ત્યારે વૃદ્ધ ડોશીમા માત્ર છ શબ્દો વધ્યા ''તો તું આટલો ભણ્યો શું કામ ?'' અને આ છ શબ્દો એમને ત્યાં લગી કોસતા રહ્યાં જયાં લગી એમણે અમારા પરિવારને નેત્રયજ્ઞની પ્રવૃતિમાં પળોટયો નહીં. આ કથા અહીં કહેવાની નથી, પરંતુ અહીં આજે એક એવી જ અનોખી વાત માંડવાની છે.

બે દાયકા અગાઉ અશિક્ષિત રબારી સમાજના નવ ચોપડી ભણેલા યુવાન પૂંજલ રણછોડની ભદ્ર સમુદાયના બે-ચાર માણસોએ રબારી સમાજ માટે ઓચરેલા હીણા શબ્દો જીરવાયા નહીં. યુવાન પૂંજલભાઈએ એ લોકો સામે બાથ ભીડી નહીં, પરંતુ પોતાના અશિક્ષિત સમાજમાં શિક્ષણયજ્ઞની જયોત પ્રગટાવવા હથેળીમાં દીવો લઈ નીકળી પડયો. ખીસામાં વાટખર્ચીના પૈસા માંડ હતા. સંગાથ હતો નહીં, પરંતુ ઋજુ હૃદયમાં મહેણાંના શબ્દો અગન બની ખદબદતા હતા અને એ અગનને સુકૃત્યનાં વારિ વડે ઠારવા એકલો નીકળી પડ્યો ઈ પૂંજલ રબારી.

પૂંજલ સદેહે હજી અવતર્યો ન હતો અને માતાના ઉદરમાં અઢી-ત્રણ મહિનાના ગર્ભરૂપે હતો ત્યારે પિતાએ પરલોકે પ્રયાણ કર્યું. આમ અકાળે વિધવા થતીસ્ત્રીઓને રબારી સમાજ પુનઃલગ્નની છૂટ આપે છે તો પણ પૂંજલની માતા કુંવરબાઈએ માવતર-સાસરા બન્ને પક્ષોની પુનઃલગ્નની વિનંતી નકારતાં કહેલું ''મારે ઓઢણું બદલાવી એક ભવમાં બીજો ભવ નથી કરવો. મારા ઉદરમાં છે એમાં જ મારું સઘળું સુખ સમાઈ જશે. બેઉ કુળની આબરૂ મર્યાદા સાચવીશ. સાસરિયાના આંગણે એમનો દીકરો તો પાછો નહીં આવે પણ હું દીકરો બનીને રહીશ અને કયારેય ઓછું આવવા નહીં દઉં.''

વઢવાણમાં વસવાટ અને પૂંજલે ત્યાંની શાળામાં અભ્યાસ કર્યો. સંજોગોને આધીન નવમાં ધોરણ પછી અભ્યાસ પડતો મૂકવો પડયો. રાષ્ટ્રભકિતના સંસ્કાર તો નિશાળે ભણતાં ભણતાં મેળવેલા અને વિદ્યાર્થી હતા ત્યારથી જ આજીવન ખાદી પહેરવાનું વ્રત લીધું હતું. યુવાનીને ઉંબરે પહોંચ્યો ત્યારે રબારીના સાથી-સંગાથી પશુઓની સારવાર થાય એવા સરકારી પશુ દવાખાનાની નોકરી મળી. ૧૯૬૦થી ૧૯૮૨ પૂરા બાવીસ વર્ષ સરકારી નોકરી ખંત, નિષ્ઠા, શિસ્ત અને પ્રમાણિકતાથી કરી. કુદરતે મધુર અને પહાડી કંઠ આપ્યો હતો અને સંગત પણ સંતો, સરસ્વતીપુત્રો, દેવીપુત્રોની મળી રહી એટલે ડાયરાઓ અને કાર્યક્રમોમાં જોડાવા નિમંત્રણો મળતાં રહેતાં. કાર્યક્રમોમાં રાતના ઉજાગરા થાય પણ સરકારી નોકરીની હાજરીમાં ખાડો કે ખોટીપો ઝરી પણ નહીં.

વાચન અને વિદ્વાનોના વ્યાખ્યાનો સાંભળવાનો અનહદ

શોખ અને લોક સાહિત્ય અને લોક પંરપરાઓનો અઢળક ખજાનો હૈયે સંઘર્યો હતો જેને ડાયરામાં અવારનવાર રજૂ કરતા. મુંબઈના એમના ડાયરાઓ અને રજૂઆતોથી પ્રભાવિત થઈ હરીન્દ્ર દવેએ સાંઈ મકરંદ દવે મારફત પૂંજલભાઈને જન્મભૂમિ પ્રવાસીમાં કોલમ લખવા નિમંત્ર્યા. ૧૯૭૦ થી ૧૯૭૩ ચાર વર્ષ સુધી એમની કોલમ ''ત્રોફાવો રૂડાં ત્રાજવાં'' પ્રવાસીમાં પ્રસિદ્ધ થઈ હતી. રાજકોટથી પ્રસિદ્ધ થતા અખબાર ફૂલછાબમાં ''ધન્ય ધરા ધન્ય લોક'' કોલમ શરૂ કરી જેમાં સ્વાનુભવની વાતો અને સંપર્કમાં આવતી વિશેષ વ્યકિતઓની વાતો તથા એમના વ્યકિતત્વને વણી લીધાં છે. મધુર કંઠ, લોકસાહિત્યની પ્રીતિ અને દુલા કાગ, હેમુભા ગઢવી, દુલેરાય કારાણી, લાખા ગઢવી, મનુભાઈ પંચોળી, જયમલ્લ પરમાર જેવા વિદ્વાન લેખકો, લોકસાહિત્યકાર,ચિંતકો, કવિઓ સાથેનો ઊઠબેસનો નાતો એમને ડાયરાના ધણી તરીકે ઘડતો ગયો. પૂજય રવિશંકર મહારાજ અને ઝવેરચંદ મેઘાણી જેવાં આગલી પેઢીનાં અણમોલ રત્નો પાસેથી પ્રેરણાનાં વારિ પીધાં છે પરિણામે કળયુગમાં પણ માંહ્યલો સાબૂત રહ્યો છે. પૂંજલબાઈ ડાયરાની વાતું વિગતે કરતાં રોમાંચિત થઈ જાય છે.

''ભાઈ મેં સ્ટેજને, તપ્નાને ભગવતી શારદામાતાનું મંદિર માન્યું છે અને મંદિરની આમન્યા અને મર્યાદા જાળવવા જીવનભર મથ્યો છું. હું ડાયરે બેઠો હોઉં ત્યારે કોઈને પણ રૂપિયા ફેંકવા નથી દીધા, ઘોળ કરવા નથી દીધી. મા સરસ્વતીના મંદિરે મા લક્ષ્મીની ઉડામણી ન થાય, ફેંકાફેંકી ન થાય. બન્ને દેવીઓની એક સરખી પૂજા થાય. ડાયરામાં વ્યસનમુકિતની વાતો હામ ભરીને કરી શકું છું કારણ કે જીવનમાં કયારે પણ કોઈ વ્યસનનું સેવન નથી કર્યું. કોઈ ચા પીવા બવ આગ્રહ કરે તો કહું કે રબારીનો દીકરો છું. તાંબડી ભરીને ખીર આલો.''

તપ્નાના કલાકાર તરીકે એમણે સ્ટેજને મંદિર તરીકેનું સન્માન આપ્યું છે. સારામાઠા પ્રસંગોએ ધીરજ ધરીને પોતાની જાતને તપ્ના પર સાચવી લીધી છે. કલાકારની કસોટી કુદરત કયારેક કેવી કરે એવી પોતાના પર વીતેલી વાતને પૂંજલ દાદા પોતાની તળપદી જબાને કરે ત્યારે એમની હારોહાર આપણી આંખે અનાયાસે આસું ધસી આવે. એ ઘટનાનું વર્ણન પૂંજલ દાદાના શબ્દોમાં ''મારો ડાયરો મોરબીમાં ગોઠવાયો હતો. આગલા બે-ચાર દિવસથી મારી દીકરીને શરીરે લાગ નહીં અને ડાયરાના દિ' એ મારી દીકરીએ પરલોક વાટે પ્રયાણ કર્યું. મારી આંખે શ્રાવણ -ભાદરવો વરસે અને મારા લાખ લાખ પ્રયત્ને રોકાય નહીં. એ મેહ વરસતો અટકે નહીં, આંહુ ઠેકી ઠેકીને બહાર આવે. ત્યારે મારી જનેતા મારો વાંહો થપોડી કહે બાપ પૂંજલ, છાનો રહે, તું તો ભડનો દીકરો, મારા જોગંદર, તું તો સમંદર પેટો, બધું દુઃખ-દર્દ સમાવી દે પેટાળમાં દીકરા અને મારી જનેતાના શબ્દ શબ્દે નીતરતી આર્જવતાએ મને ભંજવી દીધો, મારી માના આશીર્વાદ લઈ એને ભેટી હું નીસર્યો મોરબીની વાટે અને ત્યાં પુગી તપ્નાને વંદન કરી ડાયરામાં આસન જમાવ્યું, બપોરે દીકરીને સ્મશાન સુવાડી આવ્યો તો અને રાત્રે ડાયરાની મસ્તીમાં કેમ આવી ગયો ઈ તો મા ભગવતી શારદા જાણે. પણ મારા મનોબળની મક્કમતાનાં પારખાં હજી અધૂરાં હોય એમ હાજર શ્રોતાઓમાંના ડૉ. એસ. પી સાહેબનાં પત્નીએ ફરમાઈશ મૂકી ''પૂંજલ દાદા, કવિ દાદાની રચના ''કાળજા કેરો કટકો મારે હાથથી વછૂટી ગયો'' અમારે તમારે કંઠે સાંભળવી છે. ઘડીભર તો મારે માથે વીજળી પડવા જેવું થયું અને મને ભાસ્યું કે કવિ દાદાની રચનાના પહેલા ત્રણ શબ્દો કહેતાં કહેતાં તો મારો રુદિયો ધબકારો ચૂકી જશે. કવિ દાદે એની દીકરીને પોતાના ઉંબરેથી પરના ઉંબરે મોકલી હતી. સ્વઘરથી પરઘરે વળાવી હતી, પરંતુ મેં તો એને સ્વઘરથી પરધામે વિદાય કાયમની આપી હતી. નજરની સામે દીકરીની મુરત વાંહોવાહ મારી જનેતાની મુરત દેખાણી. મીણ માટીનો માણ્હ હું મારા કાળજાને કેટલું કઠણ કરું ? ફરી માના શબ્દો સ્મરી, મનોમન એને વંદન કરી, આંખે અશ્રુનો અભિષેક કરી કવિ દાદની રચના ''કાળજા કેરો કટકો હાથથી વછૂટી ગયો'' શરૂ કરી એને એ રચના કયારે પૂરી થઈ એનું મને ભાન પણ ન રહ્યું. સામે બેઠેલા શ્રોતાઓમાંથી દરેક હાથમાં કાપડનો કટકો લઈ આંસુ લૂછતા હતા. ભારેખમ હૃદયે તપ્નાને વંદન કરી ડાયરાને

રામ રામ કર્યા.

ચારણો અને ચારણી સાહિત્ય પ્રત્યે, એના લોકસાહિત્ય પ્રત્યે ભારોભાર આદરભાવ અને સામે પક્ષે દેવીપુત્રો, ગઢવી સમાજ પૂંછાલ દાદનું એટલું જ માન રાખે. ચારણ જ્ઞાતિબંધુઓના આગ્રહથી કચ્છ માંડવીની ચારણ બોર્ડિંગમાં સને ૨૦૦૦ ના મે મહિનામાં પૂંજલ દાદાએ નવ દિવસ સુધી એમને પ્રિય અને જેના પર એમને અદ્ભુત મહાવરો છે એ લોકરામાયણનું ગાન કર્યું, કથા કરી. પૂંજલભાઈ કહે છે કે એમના જીવનની એ સૌથી ધન્ય ઘડી હતી જયારે રબારીના દીકરાને દેવીપુત્રો, ચારણો, વ્યાસપીઠ પર બેસાડી એના મુખે કથાનું શ્રવણ કરે, રામાયણનું રસપાન કરે.

આ ભડ માણસને કટોકટીની વેળાએ કેવી સૂઝ વરતી આવે છે એનો પોતાના જીવનનો એક પ્રસંગ સાહજિકતાથી કહે છે. એમનાં ધર્મપત્ની અશિક્ષિત હતા. નાની વયે સગાઈ અને કુમળી વયે લગ્ન થયાં હતાં. ઘરમાં સાસુ-વહુ વચ્ચે અણબનાવ, બોલાચાલી થતાં હતાં અને વાત વધતાં વધતાં વિચ્છેદ સુધી પહોંચી. પરિવાર અને સમાજનાં મોભીઓ ભેળા થયા અને પંચે છૂટાછેડાનો નિર્ણય લીધો. પણ તે અગાઉ પૂંજલભાઈને મંજૂરી માટે પૂછવામાં આવ્યું. પૂંજલભાઈએ પંચ પાસે પોતાની પત્ની સાથે એક વખત વાત કરવાની છૂટ માંગી. પંચની હાજરીમાં તેમણે પોતાની પત્નીને કહ્યું ''ભાગતાણી, હું જાહેરમાં કહું છું કે આપણી ફારગતી થશે તો બીજાં લગ્ન નહીં જ કરું પણ મારો કોઈ વાંકગનો હોય તો જાહેરમાં પંચ રૂબરૂ કહો. જનેતાએ એનો ભવ બાળી મારું જીવન ઉજાળ્યું છે એનો જરા વિચાર કરો. જેણે મારા સુખ માટે પોતાના જીવનનું બધું આપી દીધું છે એને કશું કહેવાનો આપણો કોઈ અધિકાર નથી. મારી વિનંતી છે ભાગતાણી, જનેતાને, મારી માને સાચવી લઈએ.'' નિખાલસતા અને ભીંજાયેલા ભાવથી ઓચરાયેલા શબ્દો થકી અગન ઠરી ગયો અને માળો વીંખાતો બચી ગયો. ત્યાર પછી પૂંજલનાં માતુશ્રી કુંવરબાઈ બે દાયકા લગી જીવ્યાં અને ત્યાં લગી પત્ની મોઘુબેને એમની અનન્ય સેવા કરી જે ઘટનાને આજે પણ લોકો યાદ કરે છે. મોઘુબેને થોડા વર્ષ પહેલાં મોટું ગામતરું કર્યું છે.

૧૯૮૨માં વઢવાણમાં પૂજય મોરારિબાપુની રામકથા મંડાણી હતી પૂંજલ રબારી નિત્ય રામકથામાં જાય, શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે અને ભાવપૂર્વક હૃદય સાથે સંવાદ કરે. કથાના પાંચમાં દિવસે પૂ. મોરારિબાપુનાં જે શબદતીર વછૂટયાં એ હૃદયમાં ખૂંપી ગયાં. રામબાણ વાગ્યા હોય તે જ જાણે એની મીઠી મીઠી ભાવતી પીડા. પૂ. બાપુની વાણી અંધારાના પડ ઊકેલતી ગઈ અને ઉજાસે પંથ મળ્યો. કથા પૂરી થતાં વળતા દિવસે સ્વેચ્છાએ નોકરીમાંથી રાજીનામું આપ્યું. બે બાળકોનો ઉછેર અને મર્યાદિત જીવનજરૂરિયાતો માટે પેન્શન પૂરતું હોવાનો હિસાબ પણ માંડી લીધો. થોડા સમય પછી બાળકો મોટાં થતાં વઢવાણ સુરેન્દ્રનગર હાઈવે પર દીકરાઓએ નાનોમોટો ધંધો શરૂ કર્યો અને એમાં બરકત આવતાં પૂંજલ રબારી માટે પરિવારની સેવામાંથી નિવૃત્ત થઈ સમાજ સેવા માટેનો માર્ગ મોકળો થયો.

આ સમય ગાળામાં જ એક દિવસ અમદાવાદ જતી વખતે સાણંદ પાસે રસ્તા પર ટ્રાફિક જામ થતાં બસ રોકાણી, પેસેન્જરોએ કચ્છના માલધારીઓને ટ્રાફિક માટે કારણ ભૂત ગણીને પળવારના ખોટીપાને કારણે અણગમો વ્યકત કર્યો કે 'આખી દુનિયા સુધરી પણ આ લોકો, માલધારીઓ ન સુધર્યા.' પાછલી સીટ પર જ બેઠેલ પૂંજલભાઈ કહે કે 'તમારી વાત સાચી છે' બન્ને બૌદ્ધિકો તેમને જોઈને શરમાણા, કહે 'ક્ષમા કરો પૂંજલભાઈ, અમે તમારી વાત નથી કરતા' પણ પૂંજલભાઈનો માંહ્યલો જાગી ગયો, તેને થયું મારા સમાજની અવદશા માટે બીજા તો ઠીક હું પણ જવાબદાર ગણાઉં, કેમ કે સમાજમાં ખોટાં વ્યસનો, ખોટા વહેમો અને અંધશ્રદ્ધા ઘર કરી ગયાં છે. જોઈ-જોઈને જુઓ તો આ દરેકની પાછળ મૂળમાં તો શિક્ષણનો અભાવ.

નજરું કરો ! ઊંટ ઉપર ઈમની ઘરવખરી અને નાનાં પહૂડાં બાળકો ઊંટ ઉપર નાખેલ ઊંધા ખાટલા ઉપર બેઠાં હોય અને આગળ-પાછળ ઈમનો ઝીણો માલ એકધારો પગપાળા પંથને કાપ્યે જતા હોય છે. સાંજને ટાણે વગડામાં અજાણ ભોમકામાં ઈમનો ઉતારો. કયારેક તો બાયું વગડામાં બાળકને જન્મ આપે. કોઈ સુયાણીનોય સહારો ન મળે.

આવા અનેક વિચારોની વા-ઝડી મંડાણી. તેમના આત્મને ઊંડે ખૂણેથી જાણે કોઈ ગેબી અવાજ આવતો હોય એમ ઓહણ લાગ્યું કે અરે ! જીવ હવે જાગ્ય, જે સમાજમાં તારો જન્મ થયો છે, ઈસમાજનાં પહૂડાંના ભાવિ વિચાર કરીને, કાંક સંસ્કારની હારો-હાર શિક્ષણ મળે તેવું છાત્રાલય શરૂ કર્ય, પ્રભુ પત રાખશે. એક અડગ નિર્ણય સાથે અમદાવાદથી ઘેર પાછા આવ્યા અને પરિવારને ભેગા કરી પોતાનો નિર્ણય જણાવ્યો, ''હવે છોકરા મોટા થઈ ગયા છે, ઘરે લીલી વાડીનું વાતાવરણ છે અને હવે મારે ગંગા જેવી પવિત્ર જ્ઞાતિની સેવામાં જવાનું છે એટલે સૌ હરખભેર રજા આપો. હું સંસારથી કંટાળીને ભેખ નથી લેતો કે બાવો બની ગિરનાર પણ નથી જતો. જે સમાજનું ઋણ માથે ચડયું છે તે ઋણ ઉતારવા, તેની સેવામાં આયખું અર્પણ કરવું છે.'' પરિવારજનોએ રાજીપો દર્શાવી પૂંજલ દાદને પારિવારિક જવાબદારીમાંથી મુકત કર્યા અને બીજા જ દિવસે બગલથેલામાં બે જોડી કપડાં અને જીવન જરૂરિયાતની ચાર જણસો નાખી કચ્છ તરફ પ્રયાણ કર્યું.

સૂરજબારીના પુલ પર સાંણદ જેવું દૃશ્ય રચાયું. ઊંટ પર જિંદગીનો બધો અસબાબ લાદી ધામી ગતિએ રબારીઓનો કાફલો કચ્છ મૂકી ગુજરાત તરફ જતો હતો અને તેને કારણે સૂરજબારીના સાંકડા પુલ પર ટ્રાફિક જામ સર્જાયો. બસ ઊભી રહેતાં પૂંજલભાઈ નીચે ઉતર્યા અને માલધારીઓ પર આગલો ઊકળાટ અને અજંપો ઠાલવતાં કહ્યું ''અલ્યા મારા ભેરુઓ, તમારો નહીં પણ આ તમારાં બાળકોનો વિચાર કરો. એમને શા હારું તમારી ભેળા ભેળા રઝળપાટ કરાવો સો ?''

એક માલધારીએ જવાબ દીધો ''મારા વાલા, શિખામણું તો સવ આલે પણ અમારી દશા જોઈ વાત કર તો તને ભલો ભાળું. કારમી અછતથી ગામનાં ગામ અને વાંઢોની વાંઢો ખાલી થતાં જાય ત્યાં આ બચરડાંને કયાં મૂકી મેલીએ અને જો તને બવ દયા આવતી હોય તો તને અમારી અમાનત આલી દઈએ અને તું હંભાર પણ ઠાલી ઠાલી વાતો કરવાનું મેલી દે.'' અને માલધારીનાં વચનોએ પૂંજલભાઈને વાટ દેખાડી. રઝળપાટ કરતા, જાડાઝીણા માલને લઈ પાણી અને હરીયાળીની શોધમાં ભટકતા માલધારી રબારીનાં બાળકો માટે હોસ્ટેલ બનાવી એમને માટે શિક્ષણનો પ્રબંધ કરી આપવો એ જ એકમાત્ર ઉપાય છે. કચ્છ આવી ભૂજોડી પાસે બે એકર જમીન લેવાનું નક્કી કર્યું અને પ્રવૃતિનાં મંડાણ કર્યાં. માધાપરનાં લંડન રહેતા દિલીપભાઈ હિરાણી, સંસદસભ્ય પુષ્પદાન ગઢવી, ગુજરાત મીનરલ ડેવલપમેંટ કૉર્પોરેશનના ચેરમેન મુરેશભાઈ ઝવેરી, દૂધઈના વડવાળા મંદિરના મહંત પૂરણદાસજી જેવા નામી-અનામી લોકોનો તમામ પ્રકારે સાથ મળ્યો. પરિણામે ભૂજોડીમાં રબારી-માલધારી સમાજનાં દીકરાઓ-દીકરીઓ માટે હોસ્ટેલ શાળાનું નિર્માણ થયું. વીસેક વર્ષ અગાઉ આદરેલો શિક્ષણયજ્ઞ આજે અવિરતપણે ચાલે છે.

આ સંસ્થાનું સોનેરી નામ છે મંગલ મંદિર, જયાં અઢીસો વિદ્યાર્થીઓ અને પચાસેક વિદ્યાર્થિનીઓ શિક્ષણ મેળવી રહ્યાં છે. પરંપરાગત શિક્ષણ, આધુનિક ટેકનોલોજી અને કમ્પ્યૂટરનું જ્ઞાન, ખેલ કસરત, ધાર્મિક સંસ્કારો ઈત્યાદિ બધા પ્રકારનું જ્ઞાન્પાય છે. કોઈકે મારેલા મહેણાંને યથાર્થ સ્વરૂપે સમજી એ મહેણાંને ટાળવા માટે હિંમતભેર નિર્ણય લઈ પોતાના સમાજ માટે સર્વસ્વ અર્પણ પૂંજલ દાદા રબારી જેવા કોઈક વિરલા જ કરી શકે. એમની સંસ્થા માલધારી સમાજ માટે સાચે જ મંગલ મંદિર બની રહેશે.

પૂંજલભાઈ કહે છે કે ''મા ભગવતી શારદાની કૃપા થઈ એ તો આપણા અહોભાગ્ય છે. આપણે પ્રભુની વાણી, સંતોની વાણીના ટપાલી છીએ. આવાં સતકાર્યો માટે પ્રભુએ આપણી પસંદગી કરી હોય તો એની આપણા પરની કળશઢોળની લાજ, ઓઢણાની મર્યાદા રાખવી જોઈએ. ઈશ્વરની સાક્ષીએ જે કંઈ કરશું તો એમાં એ પડખે જ હશે. બાકી આ કળજગમાં તો સત જાળવવું એ કપરાં ચઢાણ છે. ચારિત્ર્ય, સંસ્કાર, માણસાઈ, અસ્મિતાની ઘાસની ગંજીમાં અગન પેઠો છે. સળગતી ગંજીને કેમ કરી ઠારશું ? હાલ ઘડી ઉપાય એ કે આપણે સહુ ભેગા મળી ગંજીમાંથી જેટલા ઘાસના પૂળા ખેંચાય એટલાં ખેંચી લઈએ અને એને ઠારતા જઈએ, અને એટલું તો બચાવી લઈએ. સૌ કોઈના સહિયારા પ્રયાસોથી આ શકય બનશે.''

**પગ મેં ભમરી (ચોથું ચરણ)માંથી સાભાર**

# ગુજરાતની અસ્મિતાનો ગર્વિષ્ઠ માનદંડ – અમદાવાદ

**પાલખીવાલા અમિતા મનુભાઈ**

ભૂતપૂર્વ મા. શિક્ષક અસારવા વિદ્યાલય.

ઐતિહાસિક અને મહત્ત્વ ના સ્થળોના સંરક્ષણની પહેલ યુનેસ્કો (United Nations Educational, Scientific and Cultural Organization- UNESCO)એ કરી હતી.

નવેમ્બર, ૧૯૮૩થી યુનેસ્કોના મહાસંમેલનમાં દર ૧૮ એપ્રિલને 'વર્લ્ડ હેરિટેજ ડે' તરીકે ઉજવવાની પરંપરા શરૂ થઈ. હેરિટેજની યાદીમાં વનક્ષેત્ર, પર્વતો, સરોવરો, સ્મારક, શહેર કે સ્થળનો સમાવેશ થાય છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કમિટી તેની પસંદગી કરે છે. તેનો મુખ્ય હેતુ તો વિશ્વના એવા સ્થળોની પસંદગી કરવાનો હોય છે કે જે વિશ્વ સંસ્કૃતિની દષ્ટિએ માનવતા માટે મહત્વના હોય. ખાસ પરિસ્થિતિમાં આ પ્રકારના સ્થળોને આ કમિટી આર્થિક રીતે પણ મદદરૂપ થાય છે.

વિશ્વના હેરિટેજ સ્થળોને કુદરતી, સાંસ્કૃતિક અને સંયુકત એમ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. કુદરતી વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. કુદરતી વિભાગમાં ભૌતિક અને ભૌગોલિક કુદરતી નિર્માણને પરિણામે અત્યંત સુંદર અને તેનું મહત્ત્વ દર્શાવતી એવી જગ્યા કે જે વિલુપ્તીના આરે આવેલી જીવસૃષ્ટી કે વનસ્પતિનું કુદરતી સ્થાન હોય, રહેઠાણ હોય. સાંસ્કૃતિક વિભાગમાં સ્મારક, સ્થાપત્યની ઈમારતો, ચિત્રકલા, શિલાલેખો, ગુફા તેમજ વૈશ્વિક મહત્ત્વ દર્શાવતા સ્થળોનો સમાવેશ થાય છે કે જે કુદરતી અને સાંસ્કુતિક બંને રીતે મહત્ત્વના હોય.

વિશ્વ હેરિટેજમાં ભારતનું આખી દુનિયામાં આગવું સ્થાન છે. ૧૪ નવેમ્બર ૧૯૭૭ના રોજ વર્લ્ડ હેરિટેજ યાદીમાં ભારતને સ્થાન મળ્યું. ભારતના ઐતિહાસિક સ્થળો, સ્મારકો તેમજ પ્રાચીન ઈમારતો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ છે. પ્રેમના પ્રતીક સમાન તાજમહેલ, મુઘલોનો ઈતિહાસ વર્ણવતો દિલ્લીનો લાલ કિલ્લો, અંજતા-ઈલોરાની ગુફાઓ ભારતની આ યાદીને ખાસ બનાવે છે. તાજમહેલની વાત કરીએ તો અગાઉ કરાયેલા વિશ્વવ્યાપી મતસંગ્રહમાં વિશ્વની સાત અજાયબીમાં તાજમહેલને અવ્વલ નંબરે રાખવામાં આવ્યો હતો.

દિલ્લીની સાંસ્કૃતિક તેના વર્ષો જૂના ઈતિહાસ અને ભારતની રાજધાની તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. ભારતીય પુરાતત્વના સર્વેક્ષણ વિભાગે દિલ્હી શહેરમાં લગભગ ૧૨૦૦ હેરિટેજ સ્થળો જાહેર કર્યા છે કે જે વિશ્વમાં કોઈ પણ શહેર કરતાં વધારે છે. તેમાંથી ૧૭૫ સ્થળ રાષ્ટ્રીય વારસા સ્થળ તરીકે જાહેર કર્યા છે. જે જૂની દિલ્હીમાં તો મુઘલો અને તુર્ક શાસકો ઊભાં કરેલા સ્થાપત્યનાં અઢળક નમૂના છે. જેમ કે જામા મસ્જિદ, લાલ કિલ્લો, કુતિબ-મિનાર, હુમાયુના મકબરો, ઈન્ડિયા ગેટ, જંતર મંતર જયારે બિરલા મંદિર, અક્ષરધામ મંદિર તેમજ લોટસ ટેમ્પલ આધુનિક સ્થાપત્યના સુંદર ઉદાહરણ છે. મુંબઈમાં પણ એલિફન્ટાની ગુફાઓ, રાજાબાઈ કલાર્ક ટાવર, ફલોરા ફાઉન્ટેઈન, શિવાજી પાર્ક, ગેઈટ વે ઓફ ઈન્ડિયા, એશિઆટીક લાઈબ્રેરી, છત્રપતિ શિવાજી ટર્મિનસ, હાજી અલી ગરગાહ જેવા સ્થાપત્યના સુંદર ઉદાહરણ છે. પણ આ બધામાં અમદાવાદ શહેર તેના સ્થાપત્ય કલાના વારસામાં પસંદગી પામીને 'વર્લ્ડ હેરિટેજ સીટી' તરીકે જાહેર થયું.

"અમદાવાદ ભારતનું સર્વપ્રથમ 'હેરિટેજ સીટી' છે. (ભવ્ય વારસો ધરાવતું શહેર) જેના સ્થાપત્ય અને સુંદરતાને શબ્દોમાં વર્ણન કરવું મુશ્કેલ છે." યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીની પોલિન્ડના ક્રેકોમાં બેઠક બાદ ૮ જુલાઈ ૨૦૧૭ શનિવારના રોજ રાત્રિના ૯:૩૫ વાગે કમિટીના ડાયરેકટર જનરલ ઈરીના લોકોવાએ ખૂબ જ ઉતેજનાપૂર્વક આ અંગેની જાહેરાત કરી, ત્યારે યુનેસ્કોના ભારતના કાયમી પ્રતિનિધિ સુચિરા કમ્બોજને ટવીટર પર જાહેરાત કરી કે, યુનેસ્કો દ્વારા

ગુજરાત રાજયના અમદાવાદ શહેરને ભારતના પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સિટી' તરીકે જાહેર કરવામાં આવે છે. અને આ અંગેનું પ્રમાણપત્ર જયારે ગુજરાત રાજયને પ્રાપ્ત થયું ત્યારે ગુજરાતની પ્રત્યેક પ્રજાજનો માટે આ ગૌરવની ક્ષણ હતી.

આમ તો ઈ.સ ૨૦૧૧માં યુનેસ્કોના કામચલાઉ અને પ્રયોગાત્મક સૂચિમાં હેરિટેજ શહેર તરીકે અમદાવાદ શહેરને દિલ્હી અને મુંબઈ શહેર સાથે સ્થાન હતું. પરંતુ જૂન મહિનામાં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીના સભ્યોએ અમદાવાદની મુલાકાત લીધી. ત્યારે કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે તેમણે અમદાવાદની વર્લ્ડ હેરિટેજ સીટીના નામ અંગેની પસંદગી પ્રક્રિયા સ્થગિત કરી દીધી છે, કારણ કે અમદાવાદની Walled સીટીવાળા શહેર માટે "બાકી સાર્વત્રિક મૂલ્યો સંબંધિત દસ્તાવેજો" (Documents releted to the "Outstanding universal values") થી તેઓ સંતુષ્ટ નથી.

પરંતુ ઘણાં પ્રયત્નો, માર્ગદર્શન અને ઈ.સ ૨૦૧૦થી જ અમદાવાદને 'World heritage city' બનાવવાની એક દૃષ્ટિએ જ શહેરને આજે આ ખિતાબ પ્રાપ્ત થયો છે, અને એ સાથે જ અમદાવાદ શહેરની કીર્તિમાં એક પીંછુ ઉમેરાયું અને માત્ર વેપાર અને વાણિજય માટે વિશ્વમાં પ્રચલિત અમદાવાદ શહેરની ઓળખ આજે ભારતના પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સીટી' તરીકે થઈ છે.

અમદાવાદની એક ઓળખ જ તેની સ્થાપત્ય કલા છે. આજે પણ અહીં વિશ્વભરના સ્થાપત્ય કલાના શોખીનો અને વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવતા રહે છે. જો કે અમદાવાદના હેરિટેજ સીટી અંગેના નામાંકનમાં તુર્કી, લેબેનોન, કયુબા, પર્લિન્ડ જેવા આશરે ૨૦ દેશો તરફથી ભારે સમર્થન મળ્યું છે. એહમદશાહના શાસનકાળ દરમિયાન શહેરમાં બંધાયેલા સ્થાપત્યોમાં હિન્દુ અને પર્શિયન (ઈરાન) કારીગરી, હિન્દુ મુસ્લિમ કલા અને તેના સ્થાપત્યોમાં શ્રેષ્ઠ ઉદાહરણો બનીને ઊભેલા જોવા મળે છે. ઉપરાંત લાકડાની હવેલીના આર્કીટેકચર, કલાત્મક મકાનો, પોળો, કાંકરિયા તળાવ, આઝામખાન પેલેસ, માણેકચોક, જૂના શેરબજાર, વાવ, દરવાજા, મંદિરો, મસ્જિદોની કારીગરી વગેરેની અજાયબી કલાત્મકતા ની સાથે વિશ્વસમૂદાયે એ હકીકત પર પણ ભાર મૂકયો હતો કે ૬૦૦ વર્ષો થી અમદાવાદ શાંતિ માટે ઊભું છે. અને તે અહિંસક સ્વાતંત્ર્ય સંગ્રામનું કેન્દ્ર છે, જેને મહાત્મા ગાંધી દ્વારા દોરવામાં આવી હતી. ઉપરાંત શહેર યુનાઈટેડ નેશન્સના ટકાઉ વિકાસનો ધ્યેય પણ દર્શાવે છે. વળી ૨૬૦૦ વારસાવાળી સાઈટસ અને બે ડઝનથી વધુ એશિયાઈ સંરક્ષિત સ્મારકો પણ શહેરને પ્રથમ વર્લ્ડ હેરીટેજની કક્ષા તરફ દોરી ગયા છે.

અમદાલાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ૧૯૯૬થી અહેમદશાહ બાદશાહે મૂરેલા ભવ્ય વારસાની સાચવણી અને જાણવણીનું મહત્ત્વપૂર્ણ કદમ ઉઠાવેલ છે. જેણે ૫ અમદાવાદ શહેરને દુનિયાના પ્રથમ હેરિટેજ સીટી તરફ દોરી જવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. આઠમી સદીથી કાળક્રમે આશાવળ, કર્ણાવતી અને અહમદાવાદ તરીકે જાણીતા અમદાવાદ શહેરની હેરીટેજ ટૂર કરવાનો મોકો મળતાં જ ગાઈડ નીરવ પંચાલ સાથે વીસેક વ્યકિતઓનું જૂથ નીકળી પડયું અને તે સાથે જ શરૂ થયો આશ્ચર્યનો સિલસીલો. આ લેખમાં ઐતિહાસિક વારસો ધરાવતાં કેટલાંક ભવ્ય સ્થાપત્યોનો ચિતાર આપવાનો પ્રયત્ન કર્યો છે. જે શહેરની ઉત્ક્રાંતિ અને વિકાસને સમજવામાં મદદરૂપ બની શકે તેમ છે.

સીદીસઈદ જાળીએ અમદાવાદ શહેરમાં આવેલી સીદી સઈદની મસ્જિદની એક દિવાલ પર આવેલી પ્રખ્યાત જાળી છે. આ જાળીની વિશિષ્ટતા એ છે કે તેને ચોકસ રેતિયા પથ્થરમાંથી સાંધીને બનાવાઈ છે. પણ તેને કયા કારીગરો પાસે બનાવડાવી અને તે ટુકડા સાંધવા શેનો ઉપયોગ કર્યો તે બાબત ઘણું સંશોધન માંગી લે તેમ છે. તેની પહોળાઈ દસ ફૂટ અને ઊંચાઈ સાત ફૂટ છે. વર્ષો પછી પણ ગરમી, ઠંડી અને વરસાદ ઝીલ્યા છતાં તેને આંચ આવી નથી. રેતિયો પથ્થર સમય જતાં ઘસાતો જતો હોય છે. પણ ઈ.સ ૧૫૭૩માં બંધાયેલી આ જાળીની કોતરણીની નજાકત હજી

સુધી બરકરાર રહી છે. આ જાળી નકશીકામનો બેજોડ નમૂનો છે. જેના ઉપર ખજૂર કે નાળિયેરનું વૃક્ષ,પાંદડાં, વેલની જુદી જુદી કોતરણી સૂક્ષ્મ રીતે કરીને જિગસો પઝલની જેમ ગોઠવવામાં આવી છે. જેનું નકશીકામ ગુજરાતના જાણીતા ચાંદીની જરીકામના હુન્નર સાથે મળતું આવે છે. આ જાળીઓની નૈસર્ગિક નકશીની ભારતભરમાં કોઈ જોડ નથી. આથી જ તો માણેક બુરજ, રાણીનો હજીરો, ઝુલતા મિનારા જેવી અનેક પુરાતત્વીય ઈમારતો હોવા છતાં પણ સીદી સઈદની જાળી જગવિખ્યાત છે. રેતિયા પથ્થરોની અદભુત રીતે કોતરણીકામ કરેલી આ સુંદર અને રમણીય જાળી સલ્તનત યુગની મહત્વપૂર્ણ ઘટનાઓ વચ્ચે સહૃદયતાના પ્રતીક સમાન હતી. જયારે વર્તમાનમાં તે શહેરના સ્મૃતિચિન્હ તરીકે પ્રસ્થાપિત થઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો પણ મહેમાનોને આ જાળીની પ્રતિકૃતિ ભેટમાં આપે છે. જયારે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટે પણ તેને પોતાની પ્રતીકમાં સ્થાન આપ્યું છે.

સીદી એટલે હબસીઓ. ઈતિહાસકાર રીજવાન કાદરી તેમના પુસ્તક અતીતના આયનામાં લખે છે કે ગુજરાતમાં આ સીદીઓ કયારથી આવ્યા તેનો કોઈ ચોકકસ ઉલ્લેખ નથી. પરંતુ સુલતાન અહેમદ (ત્રીજા)ના સમયમાં સીદીઓ શકિતશાળી બન્યા તે સમયે જ હૂજર ખાન નામનો શકિતશાળી સરદાર હતો, જેને પાછળથી મોગલ રાજા અકબરે એક હત્યા બદલ હાથી નીચે ચગદાવી નાખ્યો હતો. આ સરદારનો મિત્ર સીદી સઈદને તેની વફાદારીમાં કેટલાંક ગામો અપાયા હતાં. આ જાગીરના ગામની આવકમાંથી કંઈક સદકાર્યો કરવા તેની ધૂનથી તેણે બેનમૂન મસ્જિદ બનાવવાનું શરૂ કર્યું. પરંતુ પાછળથી જ હૂજારખાન સાથેનો અણબનાવ અને અકબરની ગુજરાત પરની જીતને કારણે સીદી સઈદ પાસેથી ગામો પાછાં લઈ લેવાયાં હતાં. જેથી તેની આવક બંધ થઈ જતાં મસ્જિદનું અધૂરું કાર્ય પૂર્ણ કરાવી શકયો નહીં અને તેથી આ મસ્જિદની ૪ જાળીઓ પર નકશીકામ જોવા મળે છે જયારે એક જગ્યાએ જાળીના સ્થાને પથ્થર મૂકવામાં આવ્યો છે.

જો કે એક માન્યતા એવી પણ છે કે સીદી સઈદની જાળીનો એક ભાગ ચોરી લેવાયો હતો કે અંગ્રેજો તેમના સમયે બ્રિટન લઈ ગયા હતા, પણ આ વાતને ઐતિહાસિક સમર્થન મળતું નથી. ઈ.સ ૧૮૮૦માં કેન્સીંગટને (લંડન) આ જાળીની કલાત્મકતા, કારીગરીની હૂબહૂ નકલ કાગળ પર ઉતાર્યા પછી બંને જાળીની લાકડાની પ્રતિકૃતિઓ તૈયાર કરાવી. જેને ન્યૂયોર્ક સંગ્રહાલય અને કેન્સીંગટનના સંગ્રહાલયમાં આજે પણ સાચવીને રાખવામાં આવ્યા છે; જેના પરથી આપણે તેનું મહત્ત્વ અંદાજી શકીએ છીએ.

અમદાવાદ એટલે બેનમૂન સ્થાપત્યનું શહેર. એક જુઓ અને એક ભૂલો તેવો વિશિષ્ટ ઐતિહાસિક વારસો ધરાવતા આ શહેરમાં શહેરની મસ્જિદોનો પણ સમાવેશ થઈ જાય છે. આમ જોવા જઈએ તો મસ્જિદો દરેક શહેરમાં બંધાતી હોય છે. પરંતુ અમદાવાદની મસ્જિદો પોતાની બેનમૂન કલા કોતરણીને કારણે વિશ્વભરમાં જણીતી છે. આજે પણ દુનિયાભરના લોકો અમદાવાદની મસ્જિદોની કલાને જોવા ખાસ આવે છે. અમદાવાદની અનેક કલાત્મક મસ્જિદોમાં ભદ્ર વિસ્તારમાં આવેલી જામા મસ્જિદ, સરખેજ રોઝા, મિરઝાપુર વિસ્તારમાં આવેલી રાની રૂપમતીની મસ્જિદ, ઈસનપુરમાં આવેલી મલિક ઈસાનની મસ્જિદ, લાલ દરવાજા વિસ્તારમાં આવેલી સીદી સઈદની મસ્જિદ, કાલુપુર વિસ્તારમાં આવેલી સીદી બશીરની મસ્જિદ, આસ્ટોડિયા વિસ્તારની રાની સીપ્રીની મસ્જિદ, એહમદશાહની મસ્જિદ, કેવડા મસ્જિદ, નગીના મસ્જિદ વગેરે પોતાની ઉત્કૃષ્ટ કારીગરી માટે જાણીતી છે.

આ બધામાં કલાત્મક પથ્થર પરના કોતરણી કામ માટે વિખ્યાત રાની સીપ્રીની મસ્જિદ તેની દિવાલો પર જાળીવાળા કોતરણીના કારણે મસ્જિદ-એ-નગીના (Jewel Of a Mosque) તરીકે જાણીતી છે. ઈ.સ ૧૫૧૪માં ગુજરાત પર શાસન કરનાર મહમૂદ બેગડાના પત્ની રાણી

સીપ્રી દ્વારા આનું નિર્માણ કરાયું હતું. રાણી સીપ્રીને તેમના મૃત્યુ બાદ આ મસ્જિદમાં દફનાવવામાં આવ્યાં હતાં. ૫૦ ફૂટની ઊંચાઈ અને ૫૪ ફૂટ લંબાઈ ધરાવતી આ મસ્જિદ આજે પણ સેંકડો બિરાદરો માટે આસ્થાનું કેન્દ્ર છે. તો દેશ-વિદેશના પર્યટકો માટે રાણી સીપ્રીની મસ્જિદ એક જોવા લાયક સ્થળ છે. પુરાતત્ત્વ સર્વેક્ષણ દ્વારા રાણી સીપ્રીની મસ્જિદને રક્ષિત સ્મારક જાહેર કરાયું છે. ઈસ્લામિક સ્થાપ્ત્યની અજાયબી ધરાવતી આ મધ્યયુગીન મસ્જિદના ઘુમ્મટ ઉપર તથા બહારની બાજુએ પોળોના મકાનોમાં લાકડા ઉપર જોવા મળતા કલાત્મક કળશ, મોર, હાથીની સૂંઢ, વગેરેની ડિઝાઈનને પથ્થર ઉપર જોઈ શકાય છે. જે આર્ય, મુઘલ અને હિન્દુ સ્થાપત્યની કલાનો સુભગ સમન્વય છે. આમ રાણી સીપ્રીની મસ્જિદમાં પથ્થર કોતરણીની સમૃધ્ધ જટિલતા સમાઈ છે પહેલાના સમયમાં રાણી અશનીની મસ્જિદ તરીકે ઓળખાતી આ મસ્જિદ તેના હિંદુ મુસ્લિમ કલાકૃતિના સમન્વયને કારણે એકતાનું પ્રતીક પણ મનાય છે.

જયારે સીદી સઈદની મસ્જિદ પથ્થરમાંથી બારીક રીતે કોતરાયેલી તેની જાળીઓ માટે વિશ્વભરમાં પ્રસિધ્ધ છે. સીદી સઈદની મસ્જિદનું નિર્માણ ઈ.સ ૧૫૭૨ના દાયકા દરમિયાન સીદી સઈદ નામની વ્યકિતએ કર્યું હતું. તે હબ્શા(ઈથોપીયા)થી યમન થઈને ગુજરાત આવ્યા હતા અને પાછળથી સુલતાન નાસિરઉદ-દિન-મહમૂદશાહ ત્રીજાને સેવા આપી હતી. તે ગરીબોની મદદ કરનાર 'દરિયાદિલ' માણસ તરીકે જાણીતા હતા અને તેમની પાસે પુસ્તકોનો મોટો સંગ્રહ હતો. તેમણે ગુજરાતના અંતિમ શાશક સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાના શાસનકાળ દરમિયાન આ ભવ્ય સ્મારકનું નિર્માણ કર્યું હતું. આ મસ્જિદ બ્રિટીશ શાસન દરમિયાન સરકારી કચેરી તરીકે ઉપયોગમાં લેવાતી હતી. અત્યારે જીવનરૂપી વૃક્ષ (Tree Of Life) ને વ્યકત કરતી મસ્જિદની બે જાળીઓ અમદાવાદ શહેરની વિશિષ્ટ ઓળખાણ બની ગઈ છે. સીદી સઈદની મસ્જિદના પ્રાંગણમાં જ બનાવનાર સીદી સઈદની કબર છે.

આ ઉપરાંત જૂના અમદાવાદ શહેરની બરાબર મધ્યમાં આવેલી જુમ્મા મસ્જિદ એ પણ વિશ્વભરના લોકોનું આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.(ડિસે. ૨૦૧૩ના ઘરશાળા અંકમાં 'મંદિરથી મસ્જિદ સુધી' ના લેખમાં તેની વિસ્તૃત નોંધ કરી હોવાથી અહીં પુનરાવર્તનને અવગણ્યું છે.)

અહેમદશાહે વસાવેલા શહેરના આસમાની સુલતાની કાળમાં શહેરને સુંદર કોટ-દિવાલથી સુરક્ષિત કરવામાં આવ્યું અને નાના મોટાં બાર દરવાજાથી સજાવવામાં આવ્યું. જેમાં કેટલાંક દરવાજા સુંદર કોતરણી અને સુલેખન ધરાવતાં હતાં. જયારે કેટલાંક દરવાજા બાલ્કની પણ ધરાવતાં હતાં. સમય જતા બે મોટાં અને ચાર નાના દરવાજા બંધાતા અમદાવાદ ૧૮ દરવાજાવાળું શહેર કહેવાતું . પરંતુ કેટલાંક ઈતિહાસકારોએ સૂચવ્યું હતું કે અમદાવાદમાં ૧૬ દરવાજા છે. જયારે કેટલાંક ઈન્ડોલોજિસ્ટએ શોધી કાઢયું કે અમદાવાદમાં ૨૧ દરવાજા છે, અને આ દરેક દરવાજાનું ખાસ નામ છે અને તે નામાંકિત વ્યકિતઓના નામથી કે જે તે જગ્યાઓના નામથી ઓળખાય છે. આજે પણ આ દરવાજા જૂના અમદાવાદની જાહોજલાલીના અવશેષ સમા ઊભા છે.

ઈ.સ ૧૪૧૧ માં સાબરમતી નદીના પૂર્વ કિનારે નવી રાજધાની અહમદાબાદના કિલ્લાનો પાયો નંખાયો, જે આજે ભદ્રના કિલ્લા તરીકે જાણીતો છે. તે સમયે આ કિલ્લાને ત્રણ દરવાજા અને ચાર લાખ ચોરસ મીટર બંધ વિસ્તાર હતો. જેમાં પશ્ચિમભાગમાં નદી તરફ સુલતાનનાં મહેલો આવેલા હતા. મહેલની સામે કિલ્લાની મધ્યમાં મોટું મેદાન આવેલું હતું, જે મેદાન-એ-શાહી તરીકે ઓળખાતું આ મેદાનની પૂર્વે એટલે કે મહેલની બરાબર સામે કિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર આવેલું હતું, જે આજે ત્રણ દરવાજા તરીકે ઓળખાય છે. કમનસીબે આજે મહેલના કેટલાંક ભાગો સિવાયની કિલ્લાની બધી ઈમારતો નાશ પામી છે.

અહમદશાહના કિલ્લાના પ્રવેશદ્વાર સમા ત્રણ દરવાજા

લગભગ ૭.૬૨ મીટર જેટલી ઊંચાઈ ધરાવે છે જેમાંનો વચ્ચેનો મુખ્ય દરવાજો બાકીના બે કરતા વધુ પહોળો છે. આ વચ્ચેનો મુખ્ય દરવાજો બંને તરફ દ્વારશાખમાં ડાબે તથા જમણે સુંદર કોતરણીથી ભરપૂર અર્ધસ્તંભો ઉપસાવેલા છે. આ દરવાજાની ચત ઉપર આવેલી બારીઓ અને ઝરૂખા કિલ્લાનાં રક્ષકો દ્વારા આવનજાવન પર નિયંત્રણ માટે વપરાતા.

આજે તો પાથરણાવાળાઓના સામ્રાજયનું સીમાચિન્હ બની રહેલા ત્રણ દરવાજા કારંજના 'મેદાન'માં દાખલ થવાના દ્વાર હતા. બાદશાહ પોતાના ખાસ દરબારીઓ સાથે બજાર જોવા આવતા.

આજની ઘડીએ પણ મૂળસ્વરૂપે સચવાયેલો દરિયાપુર દરવાજા દરિયાપુરના સુલતાન મોંહમદ બેગડાના અમૂર (જમણા હાથ સમાન) દરિયાખાંએ બંધાવેલો. જેના મુખ્ય દ્વાર અને નાના દ્વારની બાજુમાં ગોખલાં છે.

મોંહમદ બેગડાના શાસન દરમિયાન ઈમાદ અલઉ મુલ્કનો હોદ્દો ધરાવનાર તેના અમીર રાજા કાલુખાને કાલુપુર વિકસાવ્યું હતું. પરામાંથી શહેરમાં આવવા માટે આ કાલુપુર દરવાજો બંધાવ્યો હતો. આ દરવાજા ઉપર ઈંટોનો બનેલો કોટ હતો, તેના અવશેષો આજે પણ જળવાયેલાં છે.

અમદાવાદમાં રેલ્વેલાઈન શરૂ થયા પછી સગવડ માટે પ્રેમ દરવાજા બનાવ્યા હતા. કાલુપુર અને દરિયાપુર વચ્ચે બાંધેલા આ દરવાજાની આજુબાજુમાં બે નાના ગોખલા પણ છે.

'ખાન' પરાના નામ પરથી ખાનપુર દરવાજા નામ પડયું, એમ ઈતિહાસકારો માને છે. નવાબ લોકો વધારે આ વિસ્તારમાં રહેતાં હતાં.

સવાર થતાની સાથે જ ટ્રાફિકથી ધમધમવા માંડતો દિલ્હી દરવાજો શહેરમાંથી દિલ્હી જવાનો મુખ્ય રાજમાર્ગ હતો. તેથી આ દરવાજા દિલ્હી દરવાજા તરીકે ઓળખાય છે. વર્ષો પહેલાં ત્યાં એક મકાનનું ચણતર પણ હતું.

હંમેશા વાહનો થી ગીચોગીચ રહેતા જમાલપુર દરવાજાને મોંહમદ બેગડાના અમૂર જમાલખાને વસાવ્યો હતો. તે પરથી તેનં નામ પડયું છે.

અમદાવાદના બીજા કોઈ દરવાજા વિષે ખબર હોય કે નહિ પણ આ શહેર વિષે સામાન્ય માહિતી ધરાવનાર વ્યકિત પણ લાલ દરવાજાના નામથી અજાણ ન હોય. અહેમદશાહ બાદશાહે તેના અંગત વેપારી લાલશાહની યાદમાં લાલ દરવાજાનું નિર્માણ કર્યું હતું. જતે દિવસે લાલ દરવાજા વિસ્તાર વેપારીઓના કોઠાર તરીકે ઉપયોગ થવા માંડયો હતો; તો આજે અમદાવાદની મ્યુનિસિપલ કોર્પોરેશનની બસોનું મુખ્ય મથક બની ગયું છે છતાં પણ જયારે લાલ દરવાજાની વાત નીકળે છે ત્યારે ઈ.સ ૧૯૭૬માં સંતુ રંગીલી ફિલ્મનું હર્ષિદા રાવલના કંઠે ગવાયેલું અને નવરાત્રીમાં ખૂબ ગવાતું દાંડિયા ગીત-ગરબો 'એક લાલ દરવાજે તંબુ તાણ્યા રે લોલ' ગણગણ્યા વિના રહેવાય નહીં.

નામ પ્રમાણે જ આ વિસ્તારમાં શાહી ઉદ્યોગકારો, અમીરઉમરાવોનાં રહેઠાણો હતા. ઔરંગઝેબના એક કાજીએ શાહપુર વસાવ્યું હતું. આથી અહીં શાહપુર દરવાજા બન્યા. શાહપુર અને દિલ્હી દરવાજાની વચ્ચે હુલીમનો દરવાજો પણ હતો. જે હવે બંધ છે.

ભદ્રના કિલ્લાને આઠ દરવાજા હતા.જેમાં મુખ્ય દરવાજો પીરવપીર દરવાજો; બીજો લાલ દરવાજો; ત્રીજો ગણેશ દરવાજો હતો. ભદ્રકાલીના મંદિર પાસેનો ભદ્રનો દરવાજો સત્તરમી સદીની ઈમારત છે.

રાણી સીપ્રીની પ્રખ્યાત મસ્જિદ નજીક આવેલો આસ્ટોડિયા દરવાજો એ રીતે પણ વધુ ઓળખાય છે કે જયારે જૂનું અમદાવાદ-આશાવલ હતું ત્યારે બંધાયેલો આશાભીલનો ટેકરો હજુ પણ હયાત છે.

જયારે સારંગપુરમાં અમીર સારંગ દ્વારા વસવાટ થયો હતો. આથી આ વિસ્તારના લોકો અહીંના દરવાજાને સારંગપુર દરવાજા તરીકે ઓળખે છે. આ દરવાજે પહેલા શહેરના પૂર્વ તરફના મુખ્ય દ્વાર તરીકે ઓળખાતો હતો.

આ ઉપરાંત રાયખંડ દરવાજા, ખાન-એ-જહાન દરવાજા, રાયપુર દરવાજા, પાંચકૂવા દરવાજા, સલાપસ

દરવાજા, રામ ગેઈટ, ગોમતીપુર દરવાજા, પીરાવીર દરવાજા વગેરે નાના મોટાં દરવાજાઓ ઉમેરાયા હતા. પરંતુ શહેરના ઝડપી વિકાસ માટે અમદાવાદમાં બાહ્ય કિલ્લાની દિવાલો તોડી પાડવામાં આવી. પરંતુ આ કિલ્લાના ભાગરૂપે દરવાજાઓ અને નદી કિનારે જોવા મળતી દિવાલ આજે પણ અમદાવાદના એ ઈતિહાસના સાક્ષીરૂપે ઊભી છે.

સંસ્કાર કેન્દ્ર તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીનું, અમદાવાદના ઈતિહાસ, કલા, સંસ્કૃતિ અને આર્કિટેકટનું ચિત્રણ કરતું સીટી મ્યુઝિયમ (શહેરી સંગ્રહાલય) છે. ૯મી એપ્રિલ ૧૯૫૪ના રોજ આ સંગ્રહાલયનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું અને ઈ.સ ૧૯૫૬ માં તેને જાહેર જનતા માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. સંગ્રહાલયને સ્વિસ-વેન્ચ આર્કિટેકટ લે કોર્બ્યુઝર દ્વારા આધુનિક શૈલીમાં ડિઝાઈન કરવામાં આવ્યું હતું. ડિઝાઈન દરમિયાન તેનું નામ 'મ્યુઝિયમ ઓફ નોલેજ' હતું. લે કોર્બ્યુઝરની જેમ જ લુઈસ કાન્હ, ચાલ્સ કોરિયા, ક્રિસ્ટોફર ચાલ્સ બેનિંગર, ળેન્ક લોઈડ રાઈટ જેવા વિશ્વ જાણીતા આર્કિટેકસે પણ તેમની બેનમૂન સ્થાપત્ય કલાનો પરચો આપવા માટે અમદાવાદ પર પસંદગી ઉતારી હતી.

કલાત્મક અને દુર્લભ વસ્તુઓનું સંગ્રહ સ્થાન બની રહેતાં શહેરની અસ્મિતા, સંસ્કાર, સંસકૃતિ અને ગૌરવનું આશ્રયસ્થાન ધરાવતું આ સંગ્રહાલય લે કોર્બ્યુઝરના અન્ય પ્રોજેકટ, જેમ કે 'મ્યુઝિયમ ઓફ અનલિમિટેડ એકસટેન્શન' ટોકિયોમાં પશ્ચિમી આર્ટનું નેશનલ મ્યુઝિયમ અને ચંદીગઢમાં સરકારી મ્યુઝીયમ અને આર્ટ ગેલેરી યોજના પર આધારિત છે.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ તથા રિતરિવાજો સાથે દ્રઢતાથી જોડાયેલા નગરજનોના અતીત અને વર્તમાનની તાસીર રજૂ કરતું આ સીટી મ્યુઝીયમ પ્રાચીન અને અર્વાચીન મૂલ્યોનું અનોખું સંગમ સ્થાન છે. વ્યકિત, સંસ્થા અને વેપારનું પારસ્પરિક રૂપ, અર્થવ્યવસ્થા, લલિત કલા, સ્થાપત્ય અને વહીવટ એકમેકમાં વણાઈને શહેરને તમામ રાજકીય પ્રવાહો અને ગતિવિધિઓથી પર એવું સ્વાયત માળખું અહીં દષ્ટીગોચર થાય છે. મ્યુઝિયમમાં શહેરના પુરાતત્વ અને ઈતિહાસ, સંસકૃતિ તથા ધર્મ, રીતરીવાજો અને તહેવારો, કલા અને કારીગરી, સાહિત્ય અને સ્થાપત્ય, વ્યકિતગત અને સંસ્થાકીય ઉપલબ્ધિઓ અમદાવાદના વિવિધ ધાર્મિક સમૂદાયોના ઈતિહાસ સાથે સંબંધિત વિવિધ વિભાગો, હસ્તપ્રદો, સંશોધન ક્ષેત્રને લગતાં ફોટા મહાત્મા ગાંધી તથા ભારતીય સ્વતંત્રતા સંઘર્ષની મૂર્તિઓ, ભાતીગત ચીજો, પરંપરાગત ચાંદીના વાસણો,અમદાવાદના સ્મારકોના ચિત્રો ઉપરાંત શહેરના દરવાજા, વાવ, મસ્જિદો, જહાંગીરના દરબારના કવિઓ, પ્રાચીન તથા સર્વાચીન કવિઓ, લેખકો, સંતોની સચિત્ર માહિતી, મિરાત-એ-સિકંદરના પ્રથમ પાનાની હસ્તપ્રત, ગુજરીભાષામાં લખાયેલ સૂફી કવિતાઓ, હિન્દુ-મુસ્લિમ, શીખ, પારસી, જૈન જેવા તમામ ધર્મોની પ્રતિકૃતિઓ આમ પરંપરાથી માંડીને આધુનિકતા સુધી અમદાવાદે સ્થાપત્યકલાના ક્ષેત્રના વારસામાં વિશ્વના ફલક ઉપર જે પુષ્પગુચ્છ કંડાર્યો છે. તેની ઝલક આ સંગ્રહાલયમાં જોવા મળે છે. ઉપરાંત આ જ મકાનમાં પતંગ મ્યુઝિયમનો પણ સમાવેશ થાય છે. જેમાં પતંગો, ફોટોગ્રાફસ અને અન્ય શિકલ્પકણોનો સંગ્રહ સામેલ છે. અને બીજા એક ખંડમાં ચાર ચાર દાયકાઓનો ફિલ્મોનો ઈતિહાસ, પોસ્ટર્સ વગેરે સચવાયેલો પડયો છે.

અમદાવાદ શહેરની હેરીટેજ ટુર હોય અને હઠીસીંગના દેહરાંની મુલાકાત ના લેવાય તેવું તો બને જ નહીં. હઠીસીંગના દેહરાં ગુજરાતમાં અમદાવાદમાં સૌથી જાણીતા જૈન મંદિરો છે. ઈ.સ ૧૮૪૮માં અમદાવાદના એક સમૃધ્ધ જૈન વેપારી શેઠ હઠીસિંહ કેસરસિંહ દ્વારા તેનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ માત્ર ૪૯ વર્ષની વયે તેમનું અવસાન થતા તેમના પત્ની શેઠાણી હરકુંવર દ્વારા દેહરાંનું બાંધકામ પૂર્ણ કરાવવામાં આવ્યું હતું. જેની પાછળ અંદાજે રૂપિયા ૮ લાખનું ખર્ચ થયું હતું. ગુજરાતમાં ભારે દુષ્કાળનીપરિસ્થિતિ વચ્ચે આ દેહરાંનું નિર્માણ કાર્ય ચાલું હતું. જેમાં હજારો કુશળ

કારીગરોને કાર્યરત કરીને લગભગ બે વર્ષ સુધી તેમને સહાયતા આપવામાં આવી હતી.

આર્કિટેક્ટ પ્રેમચંદ સલાટ દ્વારા આ મંદિરની ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. તેમાં ત્રણ તરફ મંડપ છે તથા અગ્ર મંડપને વિશાળ ગુંબજ છે. જે ૧૨ અલંકૃત થાંભલાઓ દ્વારા આધારભૂત છે. જુદા જુદા તીર્થંકરોને સમર્પિત ૫૨ જેટલી દેરીઓ તેના ફરસબંદ પ્રાંગણમાં આવેલી છે. જે દરેક તીર્થંકરની મૂર્તિથી સજ્જ છે. જ્યારે જૈન ધર્મના ૧૫ મા તીર્થંકર મૂળનાયક ભગવાન ધર્મનાથને આ દેહરાં અર્પણ કરેલ છે.

રાજસ્થાનના ચિત્તોડ આતે જૈન માનસ્તંભો અને કિર્તીમભથી પ્રેરિત આ મંદિરના પ્રાંગણમાં એક ઊંચો કિર્તીસ્તંભ પણ આવેલો છે. અન્ય દેરાસરોની જેમ આ દેરાસરમાં પણ એક એક લાખ લીટર વરસાદી પાણીનો સંગ્રહ કરતાં ટાંકા છે. અને આખા વર્ષ દરમિયાન દેરાસરમાં આ જ પાણીનો વપરાશ કરવામાં આવે છે. આદ્રા (જૈનોમાં કેરી ખાવનો છેલ્લો દિવસ) અને મધા નક્ષત્રમાં આ પાણીનો સંગ્રહ કરવાની શરૂઆત થાય છે કારણ કે આ સમય પહેલાં બે વરસાદ થઈ ચૂક્યા હોય છે તેથી પ્રકૃતિ પણ સ્વચ્છ બની જાય છે. અને પછી ત્રીજા વરસાદથી પાણીનો સંગ્રહ કરવામાં આવે એટલે પાણી ચોખ્ખું મળે છે. લાઈમસ્ટોનની બનેલી એન્ટી બેક્ટિરીયલ આ ટાંકીમાં તાંબાની પાઈપ દ્વારા પાણી ટાંકામાં જમા થાય છે. ઈ.સ. ૨૦૦૨ માં આ પાણીનું લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં પાણીની શુદ્ધતા વધુમાં વધુ માત્રામાં જોવા મળતી હતી. વરસાદી પાણીનો સંગ્રહ કરવા લોકો પ્રેરાય, પાણી સંગ્રહની સાચી જાણકારી લોકોને મળે તે હેતુથી આ વસ્તુને ધર્મ સાથે જોડી દેવામાં આવી છે.

''જલ હૈ તો કલ હૈ'' જલ સંસ્કૃતિનો આટલો સંદેશ વર્ષો પહેલાં બંધાયેલા આ પાણીના ટાંકાઓ આપણને આપે છે. ખરેખર હઠીસીંગના દેહરા જૈન સ્થાપત્યકલાનું અનન્ય નજરાણું છે.

ગુજરાતી સાહિત્યના વિવિધ ગ્રંથોમાં વાવ અંગે ઘણો ઉલ્લેખ જોવા મળે છે. અમદાવાદ વિશિષ્ટ 'વાવ' નું શહેર છે. પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં પાણીના સંગ્રહ માટે જુદી જુદી વ્યક્તિઓ દ્વારા વાવની બાંધણી કરવામાં આવી હતી પરંતુ આજે તે માત્ર પુરાતત્વની વારસો બની ગઈ છે.

જૂનું અમદાવાદ કોટ-દીવાલની અંદર આવેલું છે, જેને 'વૉલ-સિટી' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં આવેલી વસાહત પોળોની રચનામાં વસેલી છે. પ્રત્યેક પોળ તેની એક નાની અલગ અલગ વસાહત સ્વરૂપે જોવા મળે છે. જેમાં બધી જ સગવડો ઉપલબ્ધ જોવા મળે છે. જેમ કે પોળનો દરવાજો, દરવાજા ઉપર પોળની ઓફિસ, કૂવો, મંદિર, ચબૂતરો અને ચોગાન વગેરે હાલમાં કૂવા પૂરાઈ ગયા છે એન ાઉપર ઓટલા કે પરબડી બાંધવામાં આવી છે. હાલમાં પણ પોળોની સંસ્કૃતિ જળવાઈ રહી છે. મૂઠીદાન, કૂતરાને રોટલો અને ગાયને નીર કે રોટલી જેવી પરંપરા હજુ પણ ત્યાં જોવા મળે છે. વળી પોળ અને અમદાવાદને સદીઓથી નાતો રહ્યો છે. વિશ્વસ્તરે પણ આજે અમદાવાદ શહેરની સાથે તેની પોળોની નોંધ લેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો 'પોળ' અમદાવાદની સાચી ઓળખ છે.

અમદાવાદનો ભદ્રનો કિલ્લો પ્રજાજનો, વિદેશી મુસાફરો, ડિઝાઈનીંગના વિદ્યાર્થીઓ, હેરીટેજ વૉક કે ટુર કરનારાઓ સૌને આકર્ષતો રહ્યો છે. એહમદશાહ બાદશાહ આ જ ઐતિહાસિક કિલ્લા પરથી અમદાવાદનું શાસન કરતાં હતાં. ભદ્રનો કિલ્લો શહેરના ઉતાર ચઢાવનો સાક્ષી રહ્યો છે. આ કિલ્લાની રસપ્રદ વાત એ છે કે તે જમાનામાં વેપાર અર્થે આવતાં હિંદુ વેપારીઓ તેમના કુળદેવી દેવતાઓના દર્શન કરી શકે તે હેતુસર મુસ્લિમ શાસકોએ ભદ્રકાળીના મંદિરનું આ કિલ્લામાં નિર્માણ કરાવ્યું. રૂેટલું જ નહિ બ્રિટીશરોને હિન્દુસ્તાનમાં વેપાર કરવાનો પરવાનો જહાંગીરપુરા ભદ્રના કિલ્લા પર અપાયો હતો. આજે કિલ્લાનો એ હિસ્સો સીટી સિવિલ કોર્ટ સહિત સરકારી કચેરીઓમાં પરિવર્તિત થઈ ગયો છે. છતાંય આજે પણ

આટલા બધા દબાણની પાછળ દબાઈ ગયેલ ભદ્રનો કિલ્લો જાજરમાન લાગે છે. દેશવિદેશના લોકો અમદાવાદ આવે ત્યારે આ કિલ્લાની ભવ્યતાને જોઈ તેમનાં મુખમાંથી સરી પડે છે, આહ અમદાવાદ ! વાહ અમદાવાદ ! એવું માનવામાં આવે છે કે કિલ્લામાં આવેલા ભદ્રકાળી માતાના મંદિરના નામ પરથી ભદ્રના કિલ્લાનું નામ પડ્યું છે. પરંતુ કિલ્લાની નજીક રહેલી એક તકતી કંઈક જુદી જ વાર્તા દર્શાવે છે.

ઝુલતા મિનારા તેમની જાદુઈ ઈજનેરી દુનિયામાં અદ્વિતીય રહ્યાં છે. તે શહેરમાં આવેલું પુરાતન સ્થાપત્ય છે. આ સ્થાપત્યનું નિર્માણ મોગલ શૈલીમાં કરવામાં આવેલું છે. એક મિનારા પર ચડીને એને હલાવવાથી બીજો મિનારો પણ થોડી ક્ષણોમાં હલે છે. તેથી આ મિનારાનું નામ ઝૂલતા મિનારા પડ્યું છે. પણ તેના કંપનનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. અમદાવાદમાં સારંગપુર-ગોમતીપુરમાં રેલ્વે સ્ટેશનની બહારનાં ભાગે આવેલા આ મિનારા ત્રણ માળનાં બનેલાં છે અને તેના છજાઓમાં બારીક નક્શીકામ કરવામાં આવ્યું છે.

રાજબીબીની મસ્જિદમાં પણ આવા મિનારાઓ આવેલા છે. જેમાંનો એક બ્રિટિશરોએ સંશોધન કરવા માટે છૂટો પાડ્યો હતો. પરંતુ તેમના સંશોધનમાં તેઓ કશું જાણી ના શક્યા અને ના તો તેઓ તે મિનારાને પાછો ઊભો કરી શક્યા.

સીદી સૈયદની જાળીથી શરૂ થયેલી આ હેરીટેજ ટુર ગાંધી આશ્રમ સમાપ્ત કરવામાં આવી. પણ ગાંધી આશ્રમ વિશેની વાત આ સ્વાદ હવે પછીના સમયમાં વિગતે જોઈશું. પણ જો આ અંગેનો પ્રયાસ કોઈ વિદ્યાર્થી દ્વારા થાય તો વિસરાતી વિરસતને ઉજાગર કરવાની દિશામાં એક મોટું પગલું ભર્યું ગણાશે.

'સીટીથી હેરીટેજ સીટી' સુધીની અમદાવાદની આ ગર્વિષ્ઠ યાત્રામાં તેના ઐતિહાસિક સ્મારકો, શિલ્પ સ્થાપત્યો ઉપરાંત રહેઠાણો, બજારો વગેરેનો ફાળો ખૂબ મહત્ત્વનો રહ્યો છે. ગુજરાતની અસ્મિતાના આ ગર્વિષ્ઠ શહેરની શાબ્દિક યાત્રા કરાવવાનો મુખ્ય હેતું અમદાવાદના ઈતિહાસમાં ડોકિયું કરી સલ્તનતકાળ (ઈ.સ. ૧૪૧૧થી ૧૫૭૩)નો ફરી જીવંત કરવાનો છે. અમદાવાદના આ સ્થાપત્યો આપણા ઉજ્જવળ ભૂતકાળ સાથેની એકમાત્ર કડીરૂપ છે. જે શહેરની ઉત્ક્રાંતિ અને વિકાસને સમજવામાં મદદરૂપ બની શકે તેમ છે. આજના આ ઝડપી વિકાસના યુગમાં જો જો તેની લાક્ષણિક ઓળખ ધૂંધળી ના બની જાય ! તાજેતરમાં તખ્તોનશીન હેરીટેજ શહેરની ભવ્યતા, ગૌરવ અને કિર્તી જાળવી રાખવાની પ્રત્યેક અમદાવાદીની ફરજ છે. શહેરના પ્રત્યેક રહીશે શહેરના વારસાના રક્ષણ, જાળવણી અને સાચવણી માટે માત્ર એક જ કલાક આપવાની જરૂર છે. અને આ માટે શાળા કૉલેજોમાં પણ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સાથે મળીને લોકોને જાગૃતિ ફેલાવવાનું, ચર્ચા, મુલાકાતો, સેમિનાર, શેરી નાટકો વગેરે દ્વારા તેનું મહત્ત્વ દર્શાવવાનું કાર્ય કરવું જોઈએ. દિલ્હી અને આગ્રાના સ્થાપત્યોના નિર્માણમાં જેના સ્થાપત્યોમાંથી પ્રેરણા મેળવી છે તેવા અમદાવાદના આ ઐતિહાસિક વારસાની ઝાંખી ભાવિ પેઢી કરી શકે તે માટે આજે આપણે તેનું જતન કરવું જોઈએ. અમેરિકા, યુરોપની પ્રજાની જેમ આપણે નવી પેઢીને કદરદાન તરીકેની દૃષ્ટિનો વારસો આપવો જોઈએ.

અમદાવાદની અસ્મિતા વિવિધ સ્વરૂપોમાં છુપાયેલી છે. એના સોનેરી ઈતિહાસનાં કેટલાંક પાનાં ઉલટાવીને પ્રત્યેક અમદાવાદીની આંખોમાં સમાયેલા અમદાવાદને અહીં આલેખવાનો નમ્ર પ્રયાસ છે. તો ચાલો અમદાવાદી હોવાના ગર્વ સાથે અવિનાશ વ્યાસે સ્વરબદ્ધ કરેલી રચનાને આપણે સૌ સાથે મળીને ગાઈએ.

'અમે અમદાવાદી, અમે અમદાવાદી
જેનું પાણી લાવ્યું તાણી, ભારતની આઝાદી
અમે અમદાવાદી...'

'A people without the knowledge of their past, origin & culture is like a tree with no roots.'

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**● ગુજરાતમાંથી આ વર્ષે ધો. ૧૦-૧૨ ના ૧૭.૧૪ લાખ વિદ્યાર્થીઓ :**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધો. ૧૦ અને ૧૨ ની સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ તા. ૧૨ માર્ચથી ૨૮ માર્ચ સુધી યોજાઈ છે. જેમાં આ વર્ષે ૧૭,૧૪,૯૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષાર્થી તરીકે નોંધાયા છે. આ પરીક્ષામાં ઝોનની સંખ્યા ૧૩૫ અને કેન્દ્રની સંખ્યા ૧૫૪૮ છે. આ પરીક્ષાના વર્ગખંડ પર સીસીટીવી અને ટેબલેટ દ્વારા વોચ રાખવામાં આવશે.

**● અમદાવાદ જિલ્લામાં કુલ વિદ્યાર્થીની સંખ્યા :**

| ધોરણ | કુલ પરીક્ષાર્થી | કેન્દ્ર |
|---|---|---|
| ૧૦ | ૧,૨૦,૫૩૯ | ૬૭ |
| ૧૨ સામાન્ય પ્રવાહ | ૫૪,૮૨૯ | ૫૩ |
| ૧૨ વિજ્ઞાન પ્રવાહ | ૧૮,૯૯૩ | ૨૦ |
| **કુલ** | **૧,૯૪,૩૬૧** | **૧૪૦** |

અમદાવાદ જિલ્લામાંથી બોર્ડના ૧૯૪ પરીક્ષાર્થીઓ ગયા વર્ષ કરતાં વધારે નોંધાયા છે. વિશેષમાં જેલના બંદીવાન ૧૯૨ વિદ્યાર્થીઓ પણ આ વખતે બોર્ડની પરીક્ષા આપનાર છે.

**● ગુજરાતનું ૧.૮૩ લાખ કરોડનું બજેટ :**

માળખાકીય સુવિધા વધારવા પર અને શિક્ષણને વધુ વ્યાપક ફલક પર લઈ જવાના તથા યુવાનો માટે રોજગારી નિર્માણ કરવાના આયોજન સાથે રૂા. ૧.૮૩ લાખ કરોડનું બજેટ ગુજરાત વિધાનસભામાં સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં શહેરી વિકાસ માટે રૂા. ૧૨,૫૦૦ કરોડની અને આંતર માળખાકીય વિકાસ માટે રૂા. ૯૨૫૨ કરોડની જોગવાઈ તેમજ શિક્ષણ વિભાગ માટે ૨૭,૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. જયારે મહિલા અને બાળ વિકાસ માટે રૂા. ૩૦૮૦ કરોડની જોગવાઈ સરકાર દ્વારા કરવામાં આવી છે.

**● કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ :**

રાજયની નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓની કન્યાને વિના મૂલ્યે શિક્ષણ પૂરું પાડવામાં આવશે, સાથે સાથે સરકાર દ્વારા બજેટમાં નીચે મુજબની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

- કન્યાઓને બોર્ડની પરીક્ષા ફી માંથી મુકિત અપાશે.
- આરોગ્ય શિક્ષણ, તાલીમ અને રોજગારીને પ્રાધાન્ય
- નારી અદાલતો, મહિલા પોલિસ વોલન્ટિયરની જોગવાઈ.
- વ્યવસાયની તકો પ્રાપ્ત થાય તે માટે ૭૮૫ કરોડની જોગવાઈ.
- જિલ્લા કક્ષાની સ્પોર્ટ સંકુલની ક્ષમતામાં વધારો કરવા માટે કુલ રૂપિયા ૭૨ કરોડની જોગવાઈ.

**● સરસ્વતી સાધના યોજના :**

અનુસૂચિત જાતિ, વિકસતીજન જાતિ અને વિકસતી જાતિની કન્યાના શૈક્ષણિક વિકાસ અને ડ્રોપ આઉટરેટ ઘટાડવા માટે સાઇકલ સહાય આપવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને અનુસૂચિત જાતિના વર્ગની ધો. ૯ માં ભણતી કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ આપવામાં આવે છે જે માટે રૂપિયા ૬૪ કરોડની જોગવાઈ કરી છે. જે દ્વારા અંદાજે ૧.૮૪ લાખ વિદ્યાર્થિનીઓને

સાઇકલ આપવામાં આવશે.

**● મહિલા ખેલાડીઓને શિષ્યવૃતિ :**

સરકાર દ્વારા રાજય કક્ષાની વ્યકિતગત અને સામૂહિક સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર ખેલાડીને રૂા. ૪,૮૦૦ બીજું સ્થાન મેળવનાર ખેલાડીને રૂા. ૨,૪૦૦ શિષ્યવૃતિ આપવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીને ૪,૮૦૦ રૂપિયા શિષ્યવૃતિ આપવામાં આવે છે. જે માટે રૂા. ૧.૬૦ કરોડની જોગવાઈ કરી છે. જે દ્વારા રાજયની અંદાજે ૨,૧૦૦ મહિલાઓને સન્માનિત કરવામાં આવશે.

**● કલ્યાણ અને સુરક્ષા :**

નિરાધાર વિધવાઓને દર મહિને રૂા. ૧૦૦૦ એક હજાર પેન્શનની આર્થિક સહાય આપવા માટે રૂા. ૨૪૧.૪૦ કરોડની જોગવાઈ કરી છે. જે દ્વારા અંદાજે ૧.૫૫ લાખ વિધવા મહિલાઓને મદદ કરવામાં આવશે.

**● પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ :**

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં ૧૬,૦૦૮ ઓરડાઓની ઘટ છે. રાજયમાં વર્ષ ૨૦૧૪ માં પ્રાથમિક શાળાઓમાં ૮,૩૮૮ ઓરડાઓની ઘટ હતી. છેલ્લા ત્રણેક વર્ષમાં આ ઘટમાં નોંધપાત્ર વધારો થયો છે. મહેસાણા જિલ્લામાં ૫૮૨ ઓરડાઓની ઘટ વરતાઈ રહી છે. દાહોદમાં ૧,૪૧૬ અને બનાસકાંઠામાં ૧,૧૦૪ ઓરડાઓની ઘટ પ્રવર્તી રહી છે. અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓનાં ૪૬૫ ઓરડાઓ નથી. સાબરકાંઠામાં ૫૨૫ ઓરડાઓ શાળાઓમાં ખૂટે છે.

સ્વાભાવિક છે કે ઓરડાઓની આ ઘટ શિક્ષણ ઉપર માઠી અસર કરે છે. આથી આ સમસ્યાને દૂર કરવા સવેળા પગલાં લેવાય તે શિક્ષણના હિતમાં છે.

**● સ્ટુડન્ટ સર્વેને ધ્યાનમાં રાખી નેક ગ્રેડ અપાશે મૂલ્યાંકન ગ્રેડિંગ પદ્ધતિમાં ફેરફાર :**

નેશનલ એસેસમેન્ટ ઍન્ડ એક્રેડિએશન કાઉન્સિલ (નેક) દ્વારા યુનિવર્સિટીઓ – કૉલેજોના એક્રેડિએશનમાં અને ગ્રેડિંગ પદ્ધતિમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. હવે યુનિ. અને કૉલેજોમાં વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને ગ્રેડ અપાશે અને જે માટે સ્ટુડન્ટ સર્વે કરાશે. જયારે યુનિવર્સિટી કૉલેજમાં માત્ર ૩૦ ટકા એસેસમેન્ટ માટે જ નેકની ટીમ ઈન્સપેકશન માટે આવશે. આ નવા ફેરફારો હાલ નેક દ્વારા લાગુ કરી દેવામાં આવ્યા છે.

નવી ગ્રેડિંગ પદ્ધતિ પ્રમાણે હવે કૉલેજ યુનિવર્સિટીને એ, એ પ્લસ અને એ પ્લસ પ્લસ, બી, બી પ્લસ, બી પ્લસ પ્લસ તથા સી, સી પ્લસ, સી પ્લસ પ્લસ સહિતના ગ્રેડ અપાશે. જેમાં જે યુનિ. કૉલેજનો એસેસમેન્ટ પછીનો સ્કોર ૩.૭૫ થી વધુ હશે તેને એ પ્લસ પ્લસ ગ્રેડ અપાશે. ૩.૫૧ થી ૩.૭૫ ના સ્કોર માટે એ પ્લસ અને ૩ થી ૩.૫૦ સુધીના સ્કોર માટે એ ગ્રેડ અપાશે. અગાઉ એ, બી, સી અને ડી ગ્રેડ હતા. પરંતુ તેમાં ૩ થી લઈને ૪ સુધીના સ્કોરમાં એ ગ્રેડ અપાતો હતો. આ પદ્ધતિ યુનિ.– કૉલેજોને યોગ્ય લાગતી ન હતી. આથી આ નવી ગ્રેડિંગ પદ્ધતિ અમલમાં મુકાઈ છે.

**● ટૂંકાવીને**

- ➢ ઈજનેરી – ફાર્મસીમાં પ્રવેશ માટેની ગુજકેટ પરીક્ષા ૨૩મી એપ્રિલે લેવાશે.
- ➢ ગુજરાતમાં ૨૬.૪ ટકા બાળકોની ઉંમરની સરખામણીએ ઓછી ઉંચાઈ. દેશમાં ત્રીજા સ્થાને.
- ➢ ૧૦૦ માંથી ૪૧ બાળકો ઉંમરની સરખામણીએ ઓછું વજન ધરાવે છે.
- ➢ સીએસ ફાઉન્ડેશનનું ૬૭ % પરિણામ, ૨૫- માં અમદાવાદની ૧૧ વિદ્યાર્થિની
- ➢ અનુસૂચિત જનજાતિની ૧૫૦૦ જેટલી કન્યાઓને શિક્ષણના લાભ માટે ૨૫ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં ધો-૧૨ના તમામ પ્રવાહના વર્ગો શરૂ કરાવાશે.
- ➢ ૩.૫૦ લાખ યુવાનોને રોજગાર આપવાનો લક્ષ્યાંક.

## વિનિત વિદાય - અસારવા વિદ્યાલય








## વસંત દર્શન - અસારવા વિદ્યાલય









## શૈક્ષણિક પ્રદર્શન : સરસ્વતી કુમારશાળા નં.૧













સરસ્વતી કુમારશાળા નં.૧ ખાતે શૈક્ષણિક પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર અવનવી કૃતિઓ રજૂ કરી હતી. ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓએ પ્રદર્શન જોઈને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા ● એપ્રિલ-૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH. છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-

# પરીક્ષાની શુભેચ્છા...

વિદ્યાર્થી મિત્રો તમને શુભેચ્છા અમારી છે
પામો અચૂક એટલું, જેટલી તૈયારી છે
થીંકીંગ પોઝેટીવ રાખી એ વિચારજો
કેવી સરસ પરીક્ષાની મોસમ પધારી છે
વિશ્વાસ છે કે જંગ તમે જીતવાના છો
મહેતન તમારી એવી સરસ એકધારી છે
તબિયતનું પણ વિશેષ તમે ધ્યાન રાખજો
કારણકે આપે જગતા રાતો ગુજારી છે
ઉજ્જવળ ભવિષ્ય માટેનો રસ્તો તૈયાર છે
ઉપર હાર્ડવર્ક-નોલેજની શાહી સવારી છે
એકઝામથી ન ડરશો, એ બીજું કશું નથી
એ ગમતો મિત્ર છે, ને સહેલી એ પ્યારી છે.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.